gujaratilexicon

# સન્ડે ઈ-મહેફીલ

## ઈ-બુક

**ભાગ-3**




રજુઆત : ઉત્તમ-મધુ ગજ્જર

# ‘સન્ડે ઈ–મહેફીલ’

## ઈ–બુક

ભાગ–003

‘સ.મ.’ ક્રમાંક 051 થી 075

: રજુઆત :

ઉત્તમ.મધુ ગજ્જર

.સુરત.

નેટ વાપરનારાઓને જેણે વાચનને છંદે વળગાડ્યા તે, ૨૦૦૫થી શરુ થયેલી ‘સુ–વાચનયાત્રા’–‘સન્ડે ઈ–મહેફીલ’માં રજુ થયેલી સઘળી રચનાઓને, અગીયાર ભાગમાં રજુ કરતી નાનકડી આ ઈ–પુસ્તીકાઓ, સઘળી કૃતીના સર્જકો અને સૌ વાચકો–ભાવકોને સમર્પીત...

: સમ્પાદકો :

Ratilal Chandaria, e-mail : rpchandaria@comcraft.com
Balvant Patel, e-mail : patel.balvant@gmail.com
Uttam Gajjar, e-mail : uttamgajjar@gmail.com
Ashok Karania, e-mail : ashok@gujaratilexicon.com

Arnion Technologies Pvt Ltd
303-A, Aditya Arcade,
Opp. Choice Restaurant,
Near Swastik Cross Road
Navrangpura, Ahmedabad - 380 009
Phone No – 079 40049325

# પ્રાસ્તાવીક

વીશ્વભરમાં વસેલાં ગુજરાતી પરીવારોને દર રવીવારે કશુંક બે પાન જેટલું, જીવનપોષક ગુજરાતી વાચન મળી રહે તે હેતુથી અમે May 29, 2005ના દીવસથી આ ‘સન્ડે ઈ–મહેફીલ’ નામે ‘વાચનયાત્રા’ શરુ કરેલી. ત્યારે તો આ ગુજરાતી યુનીકોડ ફોન્ટ નહોતા. તેથી અમે ‘કલાપી’ અને પછીથી ‘વીજયા’ નનયુનીકોડ ફોન્ટ વાપરતા. પછીથી યુનીકોડ ફોન્ટ ‘શ્રુતી’ આવતાં જ અમે તે વાપરવા શરુ કર્યા. શરુઆતમાં માંડ બસોથી બે હજાર પરીવારોને પહોંચતી આ ‘સ.મ.’, આજે પંદરેક હજારથીયે વધારે વાચકોને (હવે દર પંદર દીવસે) નીયમીત મોકલીએ છીએ. એક વાચકનો પ્રતીભાવ યાદ આવે કે : “તમારી આ ‘સ.મ.’, એ મારા ઘરનું ‘અખંડ આનંદ’ છે.” આ પ્રતીભાવને સાચો પાડવા અમે સતત પ્રયત્નશીલ છીએ. તેના બધા અંકોનું ઈ–બુક સ્વરુપનું સંકલીત વાચન આપ સમક્ષ રજુ કરવાનો અને અવકાશે જ્યારેય સમય મળે ત્યારે વાંચી શકાય કે કોઈને મોકલવા સુલભ કરી આપવાનો આ પ્રયાસ છે..

‘સ.મ.’ને સક્રીય અને જીવન્ત સાથ–સહકાર આપનાર સૌ વડીલો અને મીત્રોનો અમે, તા. ૨૫ મે ૨૦૦૮ની ‘૧૫૫–એ’ની ‘વીદાય–સલામ’ નામક ‘સ.મ’માં વીગતે આભાર માન્યો છે. તોય ત્યાર પછીની ‘કાવ્ય–ગઝલ’ની અત્યાર સુધીની બધી ‘સ.મ.’ના અતીથી સમ્પાદક તરીકે નીષ્ઠાથી સેવા આપનાર સુરતના ગઝલકાર શ્રી ગૌરાંગ ઠાકર અને

તેવી બધી ‘સ.મ.’નું પ્રેમથી અક્ષરાંકન કરી આપનાર મીત્ર શ્રી સુનીલ શાહના અમે સવીશેષ આભારી છીએ.

આ નવ વરસમાં દુનીયાના એકેએક દેશમાં વસતા વાચનપ્રેમી ભાવકોનો સહયોગ, પ્રોત્સાહન અને હુંફ અમને મળ્યાં. ભરોસો મુકે એવા હજારો મીત્રો મળ્યા. ‘સ.મ.’ પહોંચે ને પ્રતીભાવોનો વરસાદ વરસે. સ્વ–પ્રશસ્તીના દોષને ખાળવા અમે તેને જાહેરમાં પ્રકાશીત કરવાનું શરુઆતથી જ ટાળ્યું છે. હા, તેવા દરેક પ્રતીભાવકને અંગત મેલ લખી તેમને દીલી આભાર પહોંચાડવાનું અમે ચુક્યા નથી. છતાં પણ એક જ વાર, આવો દોષ ગણો તો દોષ, અમે કર્યો છે.

થયું એવું કે ૧૫૫ સપ્તાહ પછી અમે ‘સ.મ.’ને બંધ કરવાનું નહીં; માત્ર વીરામ આપવાનું જાહેર કર્યું. (જુઓ, ‘સ.મ.’ ઈ–બુક ક્રમાંક – ૭માં, ‘સ.મ.’ ‘વીદાય–સલામ’ 155-1 : 18-05-2008). આ ‘સ.મ.’ વાચકોને પહોંચતાં જ અમારા પર પ્રતીભાવોની મુશળધાર વર્ષા થઈ.. ફરી શરુ કરવાના આગ્રહની ઝડી વરસી. તેમાંના એક સો જેટલા વાચકોના ઉદગાર યથાતથ અમે એક ‘સ.મ.’માં પ્રકાશીત કર્યા હતા. (જુઓ, ‘સ.મ.’ ઈ–બુક ક્રમાંક – ૭માં, ‘સ.મ.’ ‘We salute your 'FEELINGS' for 'SeM'’ 155-2 : 13-07-2008). એણે અમને એવા ભાવવીભોર કર્યા કે અમારે માત્ર બે જ માસના વીરામ પછી ‘સ.મ.’ ફરી શરુ કરવી પડી જે હજી ચાલુ છે. અલબત્ત, હવે તે પાક્ષીક બની છે. સાથે સાથે બહુ નમ્રતાપુર્વક અનુભવે એટલું તો કહી શકાય કે ઈ–બુકનો કોઈ પણ ભાગ વાંચવાનું

શરુ કરનારને તેની દીલપસંદ એકાદબે કૃતી તો મળી જ રહેશે. કાવ્ય, ગઝલ, વાર્તા, આરોગ્ય, હાસ્ય, શીક્ષણ અને જીવનપોષક કંઈ કેટલીય કૃતી! પોતાની કૃતી 'સ.મ.'માં મુકવાની હેતથી પરવાનગી આપનાર આપણા માનીતા સર્જકોનો આભાર માનવા તો અમારી પાસે શબ્દો જ નથી!

આર્નીયન ટૅક્નોલૉજીસમાંથી બહેન શ્રુતી પટેલ (shruti@arniontechnologies.com) નો ભક્તીભાવભર્યો સહકાર 'સ.મ.'ને ન મળ્યો હોત તો પંદર હજારથી ઘણા વધારે વાચકો સુધી દર પખવાડીયે પહોંચવાનું અમારાથી શક્ય ના બનત. રોજે રોજ નવા વાચકોની આઈડી ઉમેરવાની, કો'કની બદલાઈ હોય તો તે સુધારવાની, મંગળવારથી 'સ.મ.' મોકલવાનું શરુ કરવાનું તે.... છેલ્લો લૉટ શુક્રવારે રવાને થાય! સૌનો સાથ લઈ બહેન શ્રુતી નીષ્ઠાપુર્વક આ બધું કરે. આ ઈ–બુક બનાવવાનુંય પછી તો શ્રુતીએ માથે લીધું. આપના સ્ક્રીન પર 'સ.મ.'ની જે બુક છે તેમાં અનેકોની સાથે બહેન શ્રુતીના હૃદયનો ભાવ ભર્યો છે..

જનહીતનું કોઈ પણ નીઃસ્વાર્થ અને સારું કામ કદી અટકતું નથી એ વાતની પાકી પ્રતીતી અમને 'લેક્સીકોન' નીર્માણના લાંબા પ્રવાસે કરાવેલી. તે જ વાત અહીં પણ સાચી પડી રહી છે..

આજનો સમય ઝડપથી 'ઈ–બુક' વાચનનો જમાનો બનવા જઈ રહ્યો હોય તેવી તેની ગતીવીધીની અમને

પ્રતીતી થઈ રહી છે તેથી જ આ ઈ–બુક સૌ વાચકોને સપ્રેમ..

કદાચ નવાયુગને પીછાણીને જ આદરણીય શ્રી રતીલાલ ચંદરયાએ આપણ સૌ ગુજરાતીઓને ગુજરાતી ભાષાનો આખો ‘ઈ–શબ્દસાગર’ સમો ‘ગુજરાતીલેક્સીકોન’ (http://gujaratilexicon.com/) આંગળીનાં ટેરવાંવગો કરી આપ્યો છે. ભવીષ્ય માટે નીર્માયેલ આ અદ્ભુત વારસાની ખુબી અને વીશીષ્ટતાઓ વીશે પણ અમે થોડી જાણકારી આપતા રહીશું, જેથી સૌ કોઈ એમાં મળતી સવલત–સુવીધાથી પરીચીત થતા રહે અને તેનો ભરપેટ લાભ લેતા રહે.

ઈ–બુક બનાવવાની પ્રેરણા આપનાર અમેરીકાસ્થીત સ્નેહી ભાઈ અતુલ રાવલ (http://www.ekatrabooks.com/) નો, તે ‘ઈ–બુક’ને આઈ–પૅડ માટે વાચનક્ષમ ઈ–બુક બનાવવામાં પોતાનો સક્રીય સાથ–સહકાર આપનાર જૅક્સન–મીસીસીપી, અમેરીકાના આલ્ફાગ્રાફીક્સના માલીક રમેશ–શીલ્પા ગજ્જર (rgajjar@alphagraphics.com) નો, પીસી માટે વાચનક્ષમ ઈ–બુક બનાવી આપનાર અમારા અઝીઝ મીત્રો–સાથીદારો અને શરુઆતથી જ લેક્સીકોન સાથે ભાષાસેવાના કાર્યમાં દીલ રેડનાર ભાઈ અશોક કરણીયા (ashok@gujaratilexicon.com), ભાઈ કાર્તીક મીસ્ત્રી (http://kartikm.wordpress.com/), તથા આર્નીયન ટૅક્નૉલૉજીસમાંનાં સૌ ભાઈ–બહેનો, ખાસ કરીને બહેન શ્રુતી પટેલ (shruti@arniontechnologies.com) અને બહેન મૈત્રી

શાહ (maitri@arniontechnologies.com) વગેરે સૌનો હૃદયપુર્વક ખુબ ખુબ આભાર..

હજી બીજા બે સાવ અંગત અંગત નામોલ્લેખ કર્યા વીના રહેવાતું નથી. અતીવ્યસ્તતા છતાં છેલ્લી ઘડીએ ભક્તીભાવપુર્વક આ ઈ–બુકનું સરસ મુખપૃષ્ઠ-ટાઈટલ બનાવી આપનાર અમદાવાદની રેડીયન્ટ એડવર્ટાઈઝીંગ (http://www.radiantmedia.co/) ના માલીક શ્રી જયેશ–ઉર્વશી મીસ્ત્રી (jayesh.mistry@radiantmedia.co.in) નો ખુબ ખુબ આભાર..

અને જેનો સૌથી પહેલો આભાર માનવો જોઈએ તેનો સૌથી છેલ્લે માનું : ૨000ની સાલમાં, કમ્પ્યુટરનો ‘ક’ નહીં જાણનાર મારા જેવા અભણને, સ્નેહને નાતે; પણ હઠપુર્વક લેપટૉપ ભેટ આપી કમ્પ્યુટરના આ નેટક્ષેત્રમાં પ્રવેશવા માટે ધક્કો મારનાર ફ્લોરીડાની વીખ્યાત ડીજીટ્રૉન સીસ્ટમ્સ(http://www.digitronsystems.com) ના માલીક શ્રી. દીપક–ભાવના મીસ્ત્રી (dipak@digitronsystems.com) નો તો જેટલો આભાર માનું તેટલો ઓછો છે. નીવૃત્તી પછી શું કરવું તેનો નકશો જેની પાસે ન હોય તેને, કોઈ આગ્રહપુર્વક કામે લગાડી દે અને તે પાછું તે જ તેના જીવનનું ધ્યેય બની રહે તે તો કોના નસીબમાં!

સૌ ઈ–બુક વાચનરસીયા વાચકોનું અમે ભાવભીનું સ્વાગત કરીએ છીએ અને શ્રદ્ધા રાખીએ છીએ કે અમારો આ પ્રયાસ પણ સૌને પસંદ પડશે.

.રજુઆત.

ઉત્તમ.મધુ ગજ્જર

: સમ્પાદકો :


Ratilal Chandaria, e-mail : rpchandaria@comcraft.com
Balvant Patel, e-mail : patel.balvant@gmail.com
Uttam Gajjar, e-mail : uttamgajjar@gmail.com
Ashok Karania, e-mail : ashok@gujaratilexicon.com


275 વાચનસામગ્રીના આવા અગીયાર ભાગ છે. જે ભાગ ન મળ્યો હોય તે મંગાવવા લખો : uttamgajjar@gmail.com

15th August 2013





# અનુક્રમણીકા

## 'સન્ડે ઈ–મહેફીલ' – 03


| ક્રમ | કૃતી | કર્તા | તારીખ | પાન |
|---|---|---|---|---|
| 051 | શ્રેષ્ઠની અપેક્ષા સેવો | 'અનામી' | 28-05-2006 | 11 |
| 052 | હીમવર્ષા(કાવ્ય) | ડૉ. નીલેશ રાણા(અમેરીકા) | 04-06-2006 | 13 |
| 053 | એક દીલ સો અફસાને(હાસ્ય) | હરનીશ જાની(અમેરીકા) | 11-06-2006 | 16 |
| 054 | આ કવીતા તેમને માટે(કાવ્યો) | વીરાફ કાપડીયા(અમેરીકા) | 18-06-2006 | 22 |
| 055 | ભુવનમનમોહીની(વાર્તા) | કીશોર રાવળ(અમેરીકા) | 25-06-2006 | 25 |
| 056 | લંડનની બસના ઉપલા માળેથી | ભદ્રા વડગામા(બ્રીટન) | 02-07-2006 | 35 |
| 057 | ચાર સૉનેટ...(કાવ્યો) | નટવર ગાંધી(અમેરીકા) | 09-07-2006 | 38 |
| 058 | નવી સભ્યતા | કનક રાવળ(અમેરીકા) | 16-07-2006 | 42 |
| 059 | બૉમ્બ બ્લાસ્ટ | વીજય શાહ(અમેરીકા) | 23-07-2006 | 45 |
| 060 | કીકસાઈડ | સુચી વ્યાસ(અમેરીકા) | 30-07-2006 | 48 |
| 061 | વીશ્વાસ | ડૉ. વસુધા ઈનામદાર (અમેરીકા) | 06-08-2006 | 55 |
| 062 | ત્રણ રચના..(કાવ્યો) | પ્રીતી સેનગુપ્તા (અમેરીકા) | 13-08-2006 | 59 |
| 063 | ચા વીશે..ચાર બોલ | મધુ રાય(અમેરીકા) | 20-08-2006 | 63 |
| 064 | ગઝલો | 'રસીક' મેઘાણી (અમેરીકા) | 27-08-2006 | 70 |

| | | | | |
|---|---|---|---|---|
| 065 | બે કાવ્યો | ઈન્દ્ર શાહ(અમેરીકા) | 03-09-2006 | 75 |
| 066 | ભાષા: પુજ્ય કે પ્રીય | હયદર અલી જીવાણી (અમેરીકા) | 10-09-2006 | 79 |
| 067 | હમને તો જબ કલીયાં માંગીં | રાહુલ શુક્લ (અમેરીકા) | 17-09-2006 | 86 |
| 068 | કાવ્ય–કુસુમો… (કાવ્યો) | પન્ના નાયક (અમેરીકા) | 24-09-2006 | 94 |
| 069 | ગાંધીજીવનના ત્રણ પ્રસંગો | હંસા જાની (અમેરીકા) | 01-10-2006 | 106 |
| 070 | ઋણાનુબંધ (વાર્તા) | પ્રવીણ પટેલ 'શશી' (અમેરીકા) | 08-10-2006 | 114 |
| 071 | રીઅર વ્યુ મીરર (અછાંદસ) | ચંદુ  શાહ (અમેરીકા) | 15-10-2006 | 119 |
| 072 | દીલ હૈ કી (હાસ્યનીબંધ) | હરનીશ જાની(અમેરીકા) | 22-10-2006 | 132 |
| 073 | પ્રતીકાવ્યો | પ્રા.નટવરલાલ પ્ર.બુચ | 29-10-2006 | 138 |
| 074 | મોતીની ઢગલી | સં. મહેન્દ્ર મેઘાણી | 05-11-2006 | 144 |
| 075 | ગુરુ | યોગેન્દ્ર પરીખ | 12-11-2006 | 151 |



વાચકોને વીનન્તી :

અનુક્રમણીકાના 'ક્રમાંક' પર ક્લીક કરતાં જ તે લેખ ખુલશે અને શીર્ષકના બૉક્સની નીચે ઝીણા અક્ષરે 'અનુક્રમણીકા' પર ક્લીક કરતાં ફરી અનુક્રમણીકા પર જવાશે..

આ સુવીધાનો લાભ લેવા વીનન્તી છે..

..આભાર..

051 : 28-05-2006

# શ્રેષ્ઠની અપેક્ષા સેવો

અનુક્રમણીકા

## Expect the Best

What's exciting about life is that every morning offers a brand new day

with unlimited possibilities.

Yesterday's mistakes and regrets belong to yesterday.

Today is a clean slate, a chance to start over, to do or become anything you want, a chance to go for it!

So, jump into life with both feet! Go forward, head held high, expecting the best....

You may be surprised at how often that's exactly what you'll get.

--Unknown

## શ્રેષ્ઠની અપેક્ષા સેવો

જીન્દગી વીશે રોમાંચક વાત એ છે કે તે અમર્યાદીત શક્યતાઓથી ભરેલું નવું પ્રભાત હરરોજ  આપણી સમક્ષ ધરે છે.

ગઈ કાલની ભુલો અને વસવસો એ ગઈ કાલનાં છે. આજની સવાર તો કોરો કાગળ છે,  નવેસરથી એકડો માંડવાની તક; તમે કંઈ પણ કરવા કે બનવા ઈચ્છો તેની તક; તે મેળવવા આગેકદમ માંડવાની તક.

તો, આગળ વધો, મસ્તક ટટ્ટાર રાખી, ઉત્તમની અપેક્ષા રાખી, બેય પગે જીંદગીમાં ઝંપલાવો. તમને કદાચ નવાઈ લાગશે કે કેટલીયવાર તમને તે જ આવી મળશે જેની તમે અપેક્ષા સેવેલી..

–અજ્ઞાત

@

052 : 04-06-2006

# હીમવર્ષા

–ડૉ. નીલેશ રાણા

અનુક્રમણીકા

શ્યામ ગગનમાંથી શુભ્રનું અવતરણ

ધવલ આભ, ધવલ હવા, ધવલ ધવલ છે ધરતી,
હીમવર્ષાના ઘુંઘટમાં, પળપળ નીશારાણી ખરતી.
વેરાયો છે ચંદ્ર ધરા પર આજે લાખો કટકે,
કે ચાંદીસમ યાદો તારી મારે આંગણે ભટકે.
વૃક્ષો આજે વૃદ્ધ થયાં, ડાળો થઈ ગઈ ધોળી,
કે નજરોના આસવમાં, કોઈ ગયું ચાંદની ઘોળી.
આજ હીમાલય પીગળીને બનતો દુધીયો સાગર,
કે ગોકુળમાં છલકાતી ગોપીની ગોરસ ગાગર.
સ્તનપાન કરી હસતાં બાળકના હોઠે દુધની ઝાંઈ,
કે પ્રીયે તારા સ્મીત કેરી હરખાતી પરછાંઈ.
કૃષ્ણ આભેથી ઉતરી રાધારાણી રાસ રમે,
અહો ભાગ્ય! અલૌકીક દૃશ્ય, કહો હવે શું ગમે?

ડૉ. નીલેશ રાણા – (અમેરીકા)

ncrana@hotmail.com

## આસ્વાદ

–રાધેશ્યામ શર્મા

હીમ પડે એટલે લોક ઘણું ઠરી જાય, થીજી જાય કહો કે નીષ્ક્રીય થઈ જાય; પણ સર્જકચેતના માટે કોઈ પણ પરીસ્થીતી ઉદ્દીપક ક્યારે બને તે નક્કી ના કહેવાય. અહીં 'હીમવર્ષા' ચીત્તમાં કેવાં કેવાં પરીસ્પન્દનો અને તદનુસારી ભાવકલ્પનો વેરી જાય છે!

પ્રારમ્ભની બે પંક્તીઓ પરથી અંદાજ આવે છે કે કશુંક સર્જનાત્મક સ્ફુરણ થયું છે. પ્રથમ કડીમાં 'ધવલ' શબ્દનો ચારચાર વાર થયેલો વીનીયોગ આભ–હવા–ધરતીને સાંકળીને આવ્યો અને એમાંય ધરતી સંબંધે તો બબ્બે વાર ધવલ–ધવલનો પ્રયોગ થયો એથી કૃતીપાઠ વખતે જ ભાવક હીમધવલ વર્ષાની અનુભુતીમાં ઘેરાઈ–ઘુંટાઈ જાય. પણ કાવ્યત્વ તો બીજી કડીમાં સીદ્ધ થયું છે : 'હીમવર્ષાના ઘુંઘટમાં, પળ પળ નીશારાણી ખરતી'. અહીં રાતના સમયે કવીના માનસમાં કેવું મનોહર દૃશ્ય–કલ્પન પ્રગટ્યું છે!

હીમવર્ષાને ઘુંઘટરુપે 'પળ પળ'ની નોંધ સાથે ખરતી જતી નીશારાણીની કલ્પનામાં પ્રયોજી કવીએ નીજી કૌશલનો

પરચો કરાવ્યો છે. ઘુંઘટની આડશમાં ખરતી નીશાનું નીરુપણ કવીની – કલાકશીશી–અવરગ્લાસને તાદૃશ કરે છે.

હીમવર્ષા થતાં બાપડા ચન્દ્રની દશા દયનીય દૃશ્ય રચે છે, લાખો કટકામાં ધરા પર ચન્દ્ર વેરાયો છે, છીન્નભીન્ન થયો છે; પણ ત્યારે કાવ્યનાયક, ચાંદના સાહચર્ય સાથે ચાંદીને જોડી પોતાના પ્રાંગણમાં પ્રીયાની યાદોને ભટકતી ભાળી રહ્યો છે.

હીમવર્ષા હોય કે ચાંદની વરસતી હોય, અભીવૃદ્ધી અને ક્ષય તો પ્રકૃતીના ક્ષેત્રે રોજીન્દી સહજ ઘટના છે.

–રાધેશ્યામ શર્મા

@

053 : 11-06-2006

# એક દીલ સો અફસાને

–હરનીશ જાની

અનુક્રમણીકા

મને હાર્ટ અટૅક આવ્યો. એકદમ હૉસ્પીટલમાં જવું પડ્યું. બાઈપાસ સર્જરી કરાવવી પડી. ઘરે આવ્યા પછી મીત્રો, સગાં–સંબંધીઓ મળવા આવવા લાગ્યાં.

ત્રણ પ્રકારના મહેમાનો આવ્યા. પહેલા ફાલમાં, હૉસ્પીટલમાંથી ઘરે આવ્યો તે જ દીવસે, એ મીત્રો મળવા આવ્યા કે જેમને ખબર છે કે તેમને હાર્ટ અટૅક આવવાનો છે. શરીરે જાડા, સીગારેટ પીએ અને વારતહેવારે સ્કૉચ પણ પીએ (અને તેમના વારતહેવારો તો રોજેરોજ હોય જ!). તેમનો સવાલ હતો કે: ‘આ હાર્ટ અટૅક આવે તો ખબર કેમ પડે? અને શરીરને શું થાય?’

મને ખબર છે કે એમને એ બધી વાતો કરીશ તો એ લોકો કંઈ રાતોરાત જીવન જીવવાની પદ્ધતી બદલી નાખવાના નથી. એ લોકોને મેં કહ્યું કે, ‘હાર્ટ અટૅક પછી ડૉક્ટર રેડ વાઈન પીવાની છુટ આપે છે.’ મેં જોયું હતું કે, સૌ મીત્રો રાજી થતા હતા. અમે રેડ વાઈનની બાટલી ખોલી, મારી રીકવરી માટે ટૉસ કરી બધા વાઈન પીતા હતા.

અઠવાડીયા પછી જે મીત્રો મળવા આવ્યા તે લોકો બીજા પ્રકારના કે જે ઝીપર ક્લબના મેમ્બર થઈ ચુક્યા હતા, અર્થાત તેમને બાઈપાસ સર્જરી થઈ ચુકી હતી. તે લોકો ફુલો લાવ્યા હતા અને સાથે રેડ વાઈનની બૉટલ પણ લાવ્યા હતા. મને જોઈને મલકાતા હતા. તેમાંના એક–બેએ મને કહ્યું, ‘અમને લાગતું’તું કે તને હાર્ટ અટૅક આવશે જ. મેં તો મારી વાઈફને કહ્યું હતું. તારું વજન કેટલું વધી ગયું હતું!’ દરેકે એ જ વાત દોહરાવી. પછી મને લાગ્યું કે, સાલું, આપણને હાર્ટ અટૅક આવવાનો છે તેની આપણા સીવાય બધાને ખબર હતી! આ મીત્રોએ તો ખુબ વીશ્વાસથી રેડ વાઈનની બાટલી ખોલી અને કહે કે, ‘આ તો પીવાય. એક ગ્લાસ તો પીવો જ પડે.’ મેં જોયું કે મારા એક ગ્લાસ સાથે તેમણે આખી બે બૉટલ પુરી કરી!

ત્રીજા પ્રકારના મીત્રો આવ્યા. એ લોકો એ વર્ગના હતા જેમને ભગવાને લખી આપ્યું હતું કે તેમને આ જીવનમાં હાર્ટ અટૅક નથી જ આવવાનો. ઘરમાં આવતાં જ, ‘ભાભી, આપણા માટે ચા સાથે સમોસા તળશો તો જામશે.’ આ મીત્રોને હાર્ટ અટૅક નહોતો આવવાનો; કારણ કે તેઓ શરીરની બહુ જ કાળજી રાખે છે એમ તેઓ માનતા. વળી, આ મીત્રો પાસે જે જડીબુટ્ટીઓ હતી તે તેમણે મને વેચવા પ્રયત્ન પણ કર્યો.

મારા મીત્ર રાજેશ ભગતે કહ્યું, ‘હરનીશભાઈ, રોજ ફીશ ખાઓ અથવા ફીશ ઓઈલ વાપરો.’

મેં કહ્યું, 'તમે ભગત થઈને માછલી ખાવાની વાત કરો છો?'

તેઓ બોલ્યા, 'મારે નથી ખાવાની. આ તો તમારે ખાવાની વાત થાય છે.'

મીત્ર ડૉ. આર.પી. શાહે મારી પત્ની હંસાને સલાહ આપી કે, 'હરનીશભાઈને પગે રોજ માલીશ કરો.' તો રોજ રાતે પત્નીએ સોફામાં મને આડો બેસાડીને પગે માલીશ કરી આપ્યું. અને પછી એક દીવસ તેણે મને કહ્યું, 'પગે માલીશ કરીએ તો સારું લાગે. લે, હવે મને તું કરી આપ.' આજનો દા'ડો ને કાલની ઘડી. તે પછી મારો માલીશ કરાવવાનો વારો જ નથી આવ્યો! હવે રોજ પત્નીના પગ હું ઘસતો થઈ ગયો છું.

હસમુખભાઈ પારેખે હંસાને સમજાવ્યું: 'હરનીશને પાણીનો પ્રયોગ કરવાનું કહો.' પત્નીએ રોજના દસ મોટા પ્યાલા ભરીને મને પાણી પીવડાવવા માંડ્યું. પછીથી ફરીયાદ ચાલુ કરી, 'આપણે ઘરે કોઈ તને મળવા આવે છે ત્યારે તું હંમેશાં બાથરુમમાં જ હોય છે!'

જ્યારે એક અનુભવી મીત્રે હંસાને સમજાવ્યું કે, 'હરનીશભાઈ પર એક્યુપ્રેશર અજમાવવા જેવું છે. તેમાં બે અંગુઠા વડે શરીરની નસો પર પ્રેશર આપવાનું.'

પત્નીએ હુકમ કર્યો કે, 'ચાલ, અહીં લાંબો થઈ જા, આપણે ગળાથી શરુ કરીએ.' અને થોડી વારે તેની બીજી બુમ

પડી, 'ઉભો રહે, આમ નાસે છે ક્યાં? પ્રેશર તો આપવું જ પડે ને?' અને એ પ્રયોગ ફરી કદી અજમાવાયો નહીં.

એક દીવસ મારાં ભાઈઓ, બહેનો, સાળીઓ વગેરે એક સાથે મળવા આવી ચડ્યાં.

મારા કાકાના દીકરા મહેશે કહ્યું, 'ભાભી, તમને ખબર છે મારી તંદુરસ્તીનું કારણ? વીણા મને રોજ મેથીના દાણા ખવડાવે છે. હરનીશભાઈને રોજ મેથી ખવડાવો તો તબીયત ઘોડા જેવી થઈ જશે.'

મેં મહેશને એટલું જ પુછ્યું કે, 'માણસ અને ગધેડા બન્ને પર મેથીની સરખી જ અસર થાય?'

મારી સાળી માલતીએ કહ્યું કે, 'અશ્વીનની સારી તબીયતનું કારણ ઓલીવ ઓઈલ છે. હરનીશભાઈને માટે ઓલીવ ઓઈલ લાવવું.'

ત્યાં મારીબહેન જૈમીની કહે કે, 'બીપીન અને મારે રોજ સવારે લસણની બે કળીઓ ખાઈ જવાની. હું બાફીને તૈયાર જ રાખું.'

મેં એ લોકો સામે જોઈને કહ્યું કે, "મેથી, તેલ અને હવે લસણ... તમારે મને સાજો કરવો છે કે મારો વઘાર કરવો છે?'

સલાહ આપવામાં રહી ગયેલા મારા ભાઈ હેમંતે મને રુદ્રાક્ષની માળા આપી. કહે કે, 'રુદ્રાક્ષની માળા પહેરવાથી તમારું

બ્લડ–પ્રેશર ઓછું થઈ જશે. ૨૫,૦૦૦ રુપીયાની બનાવડાવી છે!'

મેં તેને એટલું જ પુછ્યું કે, 'તો હવેથી મારે રોજેરોજ લેવી પડતી ગોળીઓ નહીં જ લેવાની ને? હવે માળા મારું રક્ષણ કરશે, એમને?'

હેમંત કહે, 'મુરખ થયા છો? ગોળીઓ તો લેવી જ પડેને?'

આમાં ચોથા પ્રકારના હીતેચ્છુઓ હજી મને બટકી રહ્યા છે. આ મીત્રો એવા છે કે જેઓ જાહેર ભોજન–સમારંભોમાં મારી સતત સંભાળ રાખે છે. 'હરનીશભાઈ, તમારે પુરીને નથી અડવાનું હં!' .. 'હરનીશભાઈ, આ શાકમાં સોલ્ટ વધારે છે. તમે ના લેશો.' .. 'હરનીશભાઈ, તમે મીઠાઈ લીધી! મારે હંસાભાભીને કહેવું પડશે..'

આમાં દરેક મીત્ર, 'હીતેચ્છુ' જ છે કેમ તે તો ખબર નથી; પરંતુ તેમને સંતોષ તો થાય જ છે કે: 'ચાલો, ચેતવણી તો આપીને? હજી જો ના ચેતે તો ભોગવવાનું તો એણે જ છેને?'

એમાં વળી, મારી પત્ની અમારે ઘરે બાસુંદી–પુરીનું જમણ તૈયાર કરે, સમોસા પણ તળે, મારી સામે જ જમવા બેસે અને મને કહે કે, 'આ તો મારે માટે છે. તારે તો વેજીટેબલ સેન્ડવીચ ખાવાની છે.'

આમ, કાળજી રાખ્યા છતાં જો હવે પછી મને હાર્ટ અટૅક આવે તો આ બધા 'હીતેચ્છુઓ' શું કહેશે તેની તો મને ખબર છે જ: 'જો, અમે તમને નહોતા ચેતવ્યા?'

મરીઝસાહેબ યાદ આવી જાય:

બસ, દુર્દશાનો એટલો આભાર હોય છે;
જેને મળું છું, મુજથી સમજદાર હોય છે.

–હરનીશ જાની (અમેરીકા)

Harnish Jani, 4- Pleasant Drive, Yardville -NJ-08620-USA
Phone-609-585-0861
eMail : harnishjani5@gmail.com

@

054 : 18-06-2006

# આ કવીતા તેમને માટે

–વીરાફ કાપડીયા(અમેરીકા)

અનુક્રમણીકા

જે લોકો કાગળની કવીતાઓ કરતા નથી
ફક્ત કવીતાને ખાતર,
ગુજરે છે જે લોકો આ જગતમાંથી
ખુદમસ્ત, ખુદ્દાર, અવારા મસીહાઓ સમ,
બેસતાં–ઉઠતાં, ફરતાં–હરતાં
પુષ્પની જેમ નીખરે છે જેમના હૃદયકુંડથી કવીતા,
આ કવીતા તેમને માટે!

જે લોકો પ્રેમને તો ‘કરતા’ જ નથી,
પીઠ–ઘસુ વસુધા પર કોઈને પીઠ ધરતા નથી,
આવે છે પ્રેમ જેમને જેમ આવે છે સવીતા—
ઘર, દીવાલ, છપ્પર, પાળ, વાતાયન તરબોળીને,
થતું નથી જેમનાથી બીજું કશું પ્રેમને પણ છોડીને,
આ કવીતા તેમને માટે!

જે લોકો બસમાં વૃદ્ધાને સીટ દઈ શકે છે,
નવેલી માતા ને બાળકીને સારુ

લાઈફબોટની પોતાના હક્કની સીટ ખોઈ શકે છે,

ઝંપલાવીને જે લોકો ન પાછું વળીને પછી જોઈ શકે છે,

જે લોકોને કોઈ રસ્તા નથી, જે લોકો પોતે જ રસ્તો છે,

પર્યટન નથી જે લોકોનું પૃથ્વી ઉપર,

પૃથ્વી જેમની અંદર પરીભ્રમે છે,

પવન જેમની અંદર સુસવે છે,

સાગર ઘુઘવે છે જેમની અંદર,

આ કવીતા તેમને માટે!

એવું નથી કે એ લોકો કળી–નીકુંજોમાં જડે છે,

પણ જેઓ જ્યાં લડવું પડે ત્યાં લડે છે,

જે મહાન યોદ્ધા છે, યુદ્ધ નથી જેમનું કોઈનીયે સાથે પણ;

ફક્ત અસીમ શોધો છે,

જે જ્યારે રહેતા નથી ત્યારે પણ,

હીમાલય સમાન ઉભા રહે સ્મરણની શ્રદ્ધેય ભુમી પર

એવા જેમના વીરોધો છે,

આ કવીતા તેમને માટે!

♦●♦●♦●♦

## કાલે

કાલે હું મારા પીતાને મળવા જવાનો છું;

એમની સાથે બેસીને મઝેદાર ચા પીવાનો છું.

ઈશાનની ઉઘાડી બારીએથી તડકો આવશે,

એમની આરામખુરશીને અડધી આવરશે.

મોગરાનાં ઓસ–ધોયાં ફુલો પવન સુકવશે;

શરબતી ચકલી પુંછડી ઉંચકીને કલબલશે.

મારી પાસે કાંડાઘડીયાળમાં જોવાનો સમય નહીં હોય,

મારી પાસે કાંડાઘડીયાળ નહીં હોય,

કોઈ અગત્યનું કામ નહીં હોય,

કોઈને પણ મળવાની દોડધામ નહીં હોય.

એ વાતો કહેશે જીવનની; હું કહીશ,

હું બચપનના કીસ્સાઓની યાદગારો દઈશ.

જુના ચીર–વીસ્મૃત ચહેરાઓ ચીતરાશે;

માતા પણ આવીને જોડાશે.

એક અચંબો મારા પ્રશ્નોમાં હશે;

સુર્ય ઉત્તરમાં હશે.

કાલે : આ કાલ જરુર આવશે.

–વીરાફ કાપડીયા(અમેરીકા) :

કવીનું ઈ–મેઈલ સરનામું : vkapmail@yahoo.com

@

055 : 25-06-2006

# ભુવનમનમોહીની!

-કીશોર રાવળ(અમેરીકા)

અનુક્રમણીકા

લોકો ઘણીવાર પુછે કે વાર્તા મારી પાસે કેવી રીતે આવે છે. જુદી જુદી વાર્તાઓ માટે જુદા જુદા જવાબો હોય છે. કોઈ માટે મગજનાં ચક્કરો પહેલા-ત્રીજા ગીયરમાં નાખતાં નાખતાં વાર્તાનું ચોકઠું બેસારવું પડે. પણ ઘણી વાર તો એક સોગાદની જેમ, કંકુ, ચોખા, નાળીયેર સોતી આવીને મારા ખોળામાં આવી પડે. જુઓ આ એક નમુનો!

હું તળાજાથી રાજુલાની બસમાં કંઈ કૌટુમ્બીક કામ માટે નીકળ્યો હતો. બસમાં પેસતાં જ બે ભરવાડણોને બાજુ બાજુમાં બેઠેલી જોઈ. માથે કાળા ઉનની લોંબડી, છાતીએ તસતસતાં, રેશમી દોરે મોર-પોપટ ભરેલાં કાપડાં, કમ્મરે થેપાડાં, કાંડે ચકચકતાં બલોયાં, પગમાં વીંછીયા, કડલાં, મોં પર દાઢીએ, નાકે અને કપાળે છુંદણાં. એક આધેડ વયની, તાંબા જેવી કાયા, આંખોમાં આનંદની હેલ. બીજી જરા ત્રીશ–પાંત્રીશની. મોટી બાઈના કાનમાં આંગળી આખી ગરી જાય એવાં કાણાં અને મહીં વજની ઠોળીયાં ને ભારેખમ હાંસડીઓ.

એમની પાછળની સીટમાં મને જગા મળી ગઈ. સામાન વગેસગે કરી મેં માથું ટેકવીને બંધ કરી આંખો. એ વીચારે કે એકાદું ઝોકું ખવાય તો થાક ઉતરે. પણ મારાં નસીબ તે દી' જોર કરતાં હતાં… બસ ઉપડી અને બેઉ જણીઓ વાતે વળગી. રાતે થોડો ખખડાટ સાંભળતાં જ શેરીનું કુતરું કાન ઉંચા કરે, તેમ મારા કાન સળવળ્યા. લો, સાંભળો તાંણે તમેયે મારી હાર્યે!

‘‘થ્યું એવું કે આ માગશરમાં તારા કાકાના મશીયાઈ ભાઈની દીકરીનાં લગન લેવાણાં. સંધાયની બૌ તાણ હતી ને હુંય ઘણાં વરહથી ન્યાં નો'તી ગઈ. એટલે હરખે હરખે અઠવાડીયું વે'લી ઉપડી ન્યાં પાડરશીંગે જવા. તારા કાકાને કીધું કે તમતમારે નીરાંતના પાછળથી હાલ્યા આવજો. ગઈ તો ખરી પણ પાડરશીંગુ કેટલું બડલાઈ ગ્યું'તું! હજી બેઠી ન બેઠી અને મારી દેરાણી કે' કે, ‘હાલો આપણે પારલરમાં જાંઈ.’ મેં કીધું, ‘ઈ શું?’ તો કે જોવો તો ખબર પડે ને! મેં કીધું થાકીપાકી છું. ઘડીક બેસવા દે ને! તું તારે જઈ આવ્ય. મને કે' કે, ‘મારા ગળાના સમ નો આવો તો! બહુ છેટે નથ જવાનું. આંય પડખેની ડાભી ગલીમાં જ છે.’

‘‘પરાણે લઈ ગઈ. ઘરની બા'ર નીકળી ખુણો વળ્યા કે આવ્યું ‘કુળદેવી બુટી પારલર’. દાખલ થતાં માંય બત્તીયું ઝળાંહળાં થાય, દીવાલ પર આભલાંવાળું રંગબેરંગી ભરતકામ, મોર્યમાં બથ ભરાય એવડો ફુલનો ગુચ્છો. બધું ટીપટાપ અને

ચોખ્ખું ચણાક! બે છોડીયું ભામનગર જઈને શીખ્યાવેલી ને કાઢી આ દુકાન. મને ઓળખ કરાવી, 'આ ભગલા સઈની મંગળી! શે'રમાં જઈને નામ મંદા કરી નાખ્યું છે.' મને થ્યું કે આ છોડીયુંને બીજું કાંઈ નો મળ્યું તે દુકાન માંડી? મારી દેરાણી કે' કે, તમને ઘડીના છઠ્ઠા ભાગમાં અપસરા જેવી કરી નાખે. આટલા વરહની ધુડ-કચરો કાઢી, કાયા કાંચન જેવી કરી દે. ઓરને તો ઠીક પણ પંડનેય આયનામાં જોતાં જાત ના ઓળખાઓ!

''મને તો કાંઈ ગમ ના પડી; પણ મારી દેરાણી બોલી કે હું કૌં એમ કરવા દેજો.. મને તો બેહાડી રાજાની ખુરશી પર. ખુરશી વાંકી કરી માથે મેલ્યું એક ઓશીકું ને પરે ઢાળ્યું મારું માથું. પે'લાં તો કે' કે, વાળ કપાવીએ. મેં કીધું કે બાઈ! મારો ધણી જીવતાં રાંડીરાંડની જેમ વાળ શેણે કપાવું? દેરાણી કે' કે, ભેંશના પુંછડા જેવા થઈ ગ્યા છે તો જરા છેડા કપાવો તો કંઈ સરખી લટ્યું હોળાય! જાન આવે તંઈ સાજનીયા પરે સારી છાપ તો પડવી જોઈં ને? તમતમારે પડ્યા પડ્યા તાલ જોયા કરોને! ને મંદાને કીધું કે થાવા દે. એટલે આપણે તો બોબડી કરી બંધ. ટગર ટગર જોતાં'ર્યા!

''પેલી છોડીએ મારી ધાબળી કાઢીને ટીંગાડી ખીંટીએ. ખભે પે'રાવ્યું એક માથા હાટુ કાણું પાડેલ ધોળું બગલા જેવું કપડું. ઓલા ઓશીકા નીચે વાળ ઝુલતા રાખ્યા, એની નીચે

એક સુપડા જેવું કશુંક રાખ્યું અને પછે કુજાનું ગરમ પાણી રેડી વાળ કર્યા ભીના. પાણી સુપડે જઈને એક થાળામાં પડે. ફીણ ફીણ જેવો સાબુ લગાડ્યો. ને વાળની માંય આંગળા ભેરવી ઠેઠ વાળના મુળીયાં લગી ચોળવા માંડ્યું. અરધો કલાક સાબુથી ધોવાણ ચાલ્યું. ત્રણ પાણીએ ધોયા. એક છોડી દાંતીયે ભીનાં વાળ હોળતી બેઠી અને બીજી એક હાથમાં કશુંક સીસાપેન જેવું લઈને મારું ભીનું ભીનું મોં ઘસવા માંડી. દેરાણી કે' આપણે ઠીંકરાં ઘસીએ એવું જ; પણ આ ઈંગ્લીસ ઠીંકરું છે, ચામડી ઉતરડાય નહીં અને વાળ વાળ નીકળી જાય. કપાળ કર્યું સોખ્ખું. ઝીણી કાતર લઈ ઘેટાંના ઉન જેવી મારી ભમ્મરું કાતરીને પાતળી કરી અને ધર્યો આરસો. મારા તો માન્યામાં જ આવે નૈં કે આ હું નરબદી પોતે જ!

‘‘વાળ હોળતી છોડીએ કાતર ચલાવી. છેડે આવેલી ગુંચની ગાંઠું કાપી. વાળ સુંવાળા સટ કરી દીધાં.. પછી મને ક્યે કે, ‘કેવો બુફ્ફોં રાખવો છે? મણીધર નાગ જેવો, અનારકલી જેવો કે સાકરકોળાં કે મયુરપંખ જેવો?’ મેં કીધું, ‘ઈ બુફ્ફોં શું છે વળી?’

તો કે, ‘વાળનો ઘાટ કરવો હોય એવો થાય’. મેં કીધું કે, ‘તું જાણ અને જાણે તારી સઈ! જે હારું લાગે ઈ કરો.’ બેયે મસલત કરી ને ઠેરવ્યું કે લગનને આગલે દન રાજાના ડુંગરીયા પરના મોરલા જેવો બુફ્ફોં ઘડી આપશે. ઈ ટાણે તો મસમોટો

ચોટલો ગુંથી દીધો. દેરાણી કે', 'મોઢાં પરે આ દાઢી-મુછું સારાં નથી લાગતાં. ઈને ટુંપાવી નાખીએ.' એટલે ઓલી છોડીએ ઝીણો તાર જેવો દોરો લઈ હાથમાં મોરપગલાં જેવું કંઈ કર્યું. દોરો એકએક વાળ ફરતો બાંધે અને સરકણી ગાંઠમાં પકડે. 'ખટ' કરતાંક ખેંચે અને પેલો વાળ ટુંપાઈ જાય, જડમુળથી!

''પછેં, પેલી છોડી કે', 'હવે મોઢે અસ્તર મારીએ.' મેં દેરાણીને પુછ્યું, 'આ કયું કૌતક છે?' તો ઈ કે', 'મોઢે પપૈયાંનો મલીદો લગાડે. પછી બે કલાક પડ્યા રો' તો મોઢાં ઉપરની કરચલીયું નો રે'.'

''છાલ કાઢી પોપૈયું સમાર્યું, એને ગુંદીને કર્યો લોચો. મને સીધી સુવાડી મોં પર લપેડ્યો ઈ મલામો અને માથે બાંધી એક બુકાની. કોણ જાણે કેવીય ડાકુ જેવી લાગતી હોઈશ હું!

''પછેં કે', 'હવે આપડે મીણીક્યોર કરીએ.' વીચાર્યું, આ નવતર વળી ક્યું? જી હોય ઈં. જોઈં, કે આ રંગ વળી કેવો છે! નીકળ્યું શું ખબર? હાથના નખ કાપવાનું. પણ આપણે નેરણીથી કે ચપ્પાથી નખ ઉતરડી નાખીએ એવું નૈં! વાટકામાં ગરમ પાણી રાખી, બે હાથ ડુબાડી, દહ મીનટ રાખે. નખ પોચા પડે એટલે એક રુપાની ખોતરણીથી નખ નીચેનો મેલ કાઢે. કાળા પડી ગઈલા નખ ધોળાધોળા થાય; જાણે દાંત નો કાઢતા હોય! પછી ટ્રેનમાં ઓલો ટીટી રાખે એવા એક સંચાથી બટક બટક મજાની ગોળાઈમાં નખ કાપે ને ઘસીને સુંવાળા કરે.

‘‘પછેં લીધા પગ. ગોઠણ લગીનું થેપાડું ઉંચું કરી, એક નજર નાખી, મારી દેરાણી બોલી, ‘ભાભી, નકરું કીડીયારું ઉભરાણું છે આંઈ! મંગળી, મીણીયાપટ્ટી લગાડી સાફ કર.’ મને કે’, ‘મીણીયાપટ્ટીથી વાળ કાઢવા પડશે.’ મને કાંઈ ખબર નો પડે. તો ઓલી કે’, ‘જોવો, કરી દેખાડું.’ તપેલીમાં તેલ જેવું ઓગળેલું મીણ તૈયાર જ હતું. પછી એક ખોખામાંથી ધોળા લુગડાંનો એક લીરો કાઢ્યો. મને કે’, ‘જરીક જરીક ચમચમશે, ચંત્યા નો કરતાં. મન મક્કમ રાખજો. આનું મીણ વાળ હારે ચોંટી જતાં જ પટ્ટી ખેંચીશ; એટલે એની હારોહાર ઉખડી જાશે. સાવ મુળમાંથી ખેંચી લે એટલે નવા વાળ ઉગતાં પંદર દી’ થાશે.’ એક લાકડાના ચાપટીયાથી મીણ લઈને ચોપડ્યું પગ પર. ગરમ હતું, એટલે થોડી લાય તો લાગી; પણ પલકારા જેટલી જ. અને શું થાય છે તેનો વીચાર કરું ત્યાં તો હડપ લઈને લીરો ખેંચી કાઢ્યો. ઘડીક તો ‘વોય માડી’ થઈ જાય એવું હતું. પણ દેરાણીના દેખતાં મોળી પડે ઈ બીજી; હું નૈં! પગે ચમચમી ગયું. મંદા એમ મીણ ચોપડતી ગઈ, ચપચપ પટ્ટી બધે ચોંટાડતી ગઈ અને ઉખેડતી ગઈ. હું દાંત ભીંસી બેઠી રૈ’. બધું પત્યે મારો હાથ ફેરવ્યો તો સાવ સરપ જેવા પગ થઈ ગ્યા’તા.

‘‘પછેં પગ ગરમ પાણીએ ધોયા, ઘસી ઘસીને ખુણેખુણા સાફ કર્યા, ઘસ્યા, માંજ્યા એમ જ કહેવાય. મજાનો તાંબા જેવો

ચળકાટ આણી દીધો. પગના વાઢા માટે એક દવા આપી. કે', 'બે દી' આખા દનમાં ચાર વાર પગ ધોઈને ચોપડજો. આંગળીયું ટીંડોરાં શી કુણી થઈ જાશે.'

''પછે પેલી છોડી પુછે, 'કેમ, માલીસ કરવો છે? શરીર કુણું પડશે.' મારી દેરાણી કે', 'હા, કર.' પેલી પુછે, 'ઉપર ઉપરથી કે ફુલ મૉન્ટી?' દેરાણી કે' કે, 'ફુલ મૉન્ટી' જ કરને! મને સમજાવ્યું કે 'ફુલ મૉન્ટી' એટલે અંગે અંગનો થાક ઉતારે એવી ચંપી. થાવા દ્યો ભાભી. આવો અવસર નૈં આવે. થોડા પૈસા વધુ પડશે; પણ આયખું સુધરી જાય એવું છે. તમે અમારું બૌ રાખ્યું છે એટલે આ મારા તરફથી. મેં કીધું કાલી થા મા. તું નાની છો ઈ કેમ ભુલ છ. અને આ તારા જેઠના બાવડામાં તાકાત છે ત્યાં સુધી તો કોઈનું સપાડું મારે લેવાની જરુર નથી.

''દેરાણી મને કે' કે, 'ભાભી, હવે કાઢો તમારું કાપડું અને મુકો બાજુએ.' હું ચમકી! આમ તો રાતના કાપડાં કાઢીને જ સુઈએ એટલે એનો તો વાંધો નૈં; પણ આટલાં અજવાળાંમાં, આ પારકી છોડી પાસે આમ સાવ ઉઘાડા થયે કેમ ફાવે! દેરાણી કે' કે, 'જેઠાણી, બૌ જુના વીચારનાં થાવ મા, આંઈ કોઈ ભાયડા બેઠા નથી અને આવેય નૈં.'

''અને પછી ડીલે ઢોળાઈ મોગરા, જુઈ, ચમેલીના તેલની કુંપીયું અને બે જણીઓ ચંપી કરવા લાગી. પોચે પોચે હાથે ખભેથી તે કાંડા લગણ આંગળાં ફરવા લાગ્યાં. થેપાડાને

વાળીને નાખ્યું ખોળામાં. એઈને સાથળથી પીંડી સુધી બેય પગની ધાણી કરી. તારા કાકાએ કોઈ દી' નો'તી પંપાળી એટલી પંપાળી. સાવ ખુલ્લી પડી'તી અને તોય ક્યાં ખોવાઈ ગઈ ઈ ખીયાલ નો 'ર્યો અને આંખ મળી ગઈ....

''અમે આમ રોજ રોજ પારલરમાં જાઈં ને ઓલી છોડીયું કાંઈને કાંઈ નોખું કરે! લગનના બે દી' પે'લા મને હાથે મેંદી ચીતરી આપી, છાતીએ ચપ ચપ ત્રાજવાં ચોંટાડ્યાં, મોઢા ઉપર કારીગરી કરી. મારો વાન ઉઘડી ગ્યો. લગનને આગલે દી' મને માથે ઓલો બુક્રોં બનાવી દીધો. બળ્યું હું કાચમાં ને અંદરથીય એવી નોખી લાગવા માંડી કે મને રમત્ય સુઝી!

''તારા કાકા આવ્યા ઈ ટાણે હું સંતાઈ ગઈ. ઈ બચાડા જોડા કાઢી દીવાલને અઢેલીને ઢોલીયે બેઠા 'તા. હું તો મારી રુમઝુમ કરતી એની હામે આવી ઉભી! ઈ મારી પાની ભણી જોતાં 'ર્યા. આમતેમ જોતાં કોઈ નો'તું એટલે મેં , આગળ જઈ તારા કાકાનું માથું બે હાથમાં પકડી ગળે હાથ પરોવ્યા - ઓલા શીનેમામાં કરે ઈમ. અને તારા કાકા શું ભડક્યા! મને હેલો દઈ આઘી કરી ઉભા થઈ ગ્યા. મારી સામે હાથ જોડીને બોલ્યા, 'બોન, તારી કાંઈ ભુલ થઈ છે. ખોટે થાનકે આવી છો. મારી નરબ્દા વન્યા કોઈ દી' કોઈને અડ્યો નથી. મને છોડ. મારી નરબદી મળે તો મોકલજે.'

‘‘તે હું તો આભી થઈ ગઈ! મેં કીધું, ‘ડોહા! હું જ તમારી નરબદી, નવો અવતાર લૈને આવી છું. જોવો તો ખરા! પણ કાકા તો આંખ ઉંચી નો કરે! નીચું માથું નાખીને કે’ કે, અવાજ તો સાચો; પણ નરબદીનો અવાજ પે’રીને તું જે આવી હો તે; જતી રે. હું કંઈ એમ ભોળાઉં એવો નથી.

‘‘મેં કીધું કે ઈ હું જ છું. આ મારો નવો અવતાર જુઓ. તો કે’ કે ઈને માટે મારેય નવો અવતાર લેવો પડે. મને તો જુની જ નરબદી ગમે..! મેં એને સમજાવ્યા. મારા હાથ દેખાડ્યા. કીધું કે મારા સુંવાળા હાથ જોવો, વાંકાચુંકા નખ કેવા રુડા થઈ ગ્યા ઈ જોવો. તો કે’, ‘ઈ વાંકાચુંકા તોય વહુનાને! ઈ બરછટ હાથ કાંઈ મફતમાં નથ આવ્યા. આટલાં વરહ જેણે ભારોભાર ખેતરોનાં ઢેફાં ખોદ્યાં, કોસનાં દોઈડાં તાણ્યાં, કાંટ્યું વાઢી; ને કાંઈ નો’તું એમાંથી મારી સ્રષ્ટી સરજી ઈ મેલા, ઉઝરડાયા હાથ શેં જતા કરું? મારે તો ઈ જ ખપે.’

‘‘તારા કાકા એકના બે નો થ્યા. નવી નરબદાને અડવા જ તૈયાર ન’તા. તો ઈ નવી નરબદા મારેય શું ખપની?

‘‘તે ધોડી ઓલી મંદા પાંહે ને મેં કીધું કે હતી એવી કરી દે! તો માળીહાળી દાંત કાઢતી ઉભી રઈ અને બોલી કે, ‘અમે કાંઈ ભગવાન થોડાં છંઈ?’

"તે બીજા ચાર માસા કાળી મજુરી કરી આ નરબદીએ ને તીજો અવતાર લીધો. શું ભુંડી હાલત મારી થૈ છે ઈ ચાર માસામાં! તને શું કહું...?"

જાણે વાત પુરી થવાની વાટ જોતું હોય એમ રાજુલું આવી ગ્યું અને અમારી બસ 'હડીમ, હાંઉ, હફ, ગરરર' કરતી આંચકી ખાઈને ઉભી રહી. હું મારા લબાચા લઈ મનમાં વાર્તા સંકેલીને કાગળે કંડારવા ઉતાવળે ઘરભણી ઉપડ્યો.

તમે જ પુછ્યું 'તુંને શરુઆતમાં કે વાર્તા તમારી પાસે કેવી રીતે આવે છે? લો, આમ એ મારી પાસે આવી, મેં લખી ને તમે વાંચી!

સ્વ. કીશોર રાવળ(અમેરીકા)

ઈ–મેઈલ : raval.kishor@gmail.com

9023 - Unit B, Ayrdale Crescent – Philadelphia-PA - 19128 - USA Phone : 215 482 0924

@

056 : 02-07-2006

# લંડનની બસના ઉપલા માળેથી મુસાફરી કરવી એટલે જીવવું

–ભદ્રા વડગામા

અનુક્રમણીકા

જ્યારે પણ મારે લંડનની બસમાં ઉપલે માળે બેસવાનું થાય ત્યારે આ પ્રસંગ યાદ આવે.

મારે ત્યાં કેન્યાથી એક બહેન મહેમાન થઈને આવેલાં. નાની વયે સમૃદ્ધ સંયુક્ત કુટુંબની વહુ બનીને આવેલી એ બહેન કાર ચલાવતાં જાણે; પણ બીજી રીતે બહારની દુનીયાના તેમના અનુભવો સંકુચીત(મર્યાદીત) કહેવાય. હું તેમને બસમાં ફરવા લઈ ગઈ. મને થયું કે બસના ઉપલે માળે બેસીશું તો તેમને બહારનાં દૃશ્યો જોવાની મઝા આવશે. મુસાફરી પુરી થઈ અને અમે બસમાંથી નીચે ઉતર્યાં, ત્યારે તેમણે સહજતાથી મને કહ્યું, ‘‘અરે! બસનો ડ્રાઈવર તો અહીં નીચે છે! આપણે ઉપર બેઠાં હતાં તે તો મને યાદ જ નહીં રહ્યું! છેક આગળની સીટ ઉપર એક માણસ છાપું વાંચતો

બેઠો હતો અને મને થતું હતું કે આ ડ્રાઈવર છાપું વાંચતાં વાંચતાં બસ કેમનો ચલાવતો હશે?''

મારી વીચારમાળાને આથી એક ધક્કો લાગ્યો. મને થયું, મુસાફરી કર્યા વીનાનો માણસ કેવો કુપમંડુક બની બેસે છે! કેટલા દીવસ અને કેટલા કલાકની જીન્દગી પ્રભુએ આપણને આપી છે તેની પણ જ્યારે આપણને ખબર નથી હોતી, ત્યારે તેમાં વધારો કરવાની વાત આપણા હાથની નથી જ એ નીશ્ચીત છે. તે છતાંયે મુસાફરી કરીને એ જીન્દગીને લંબાવવી એ સૌ કરી શકે તેમ છે. મુસાફરી કરીએ ત્યારે સમય આપણને તેનું ખરું સ્વરુપ બતાવે છે. એ અનંત તત્ત્વની જેમ અદૃશ્ય થઈ જાય છે, લંબાય છે અને સંકોચાય છે. આપણે એક દીવસ જેવા જ બીજા હજાર દીવસ જીવીશું એ કરતાં જે હજાર દીવસ જીવીએ તે દરેક દીવસ એકમેકથી અલગ હશે તો જીવન ભર્યુંભર્યું લાગશે. અગત્યની વાત તો એ છે કે મૃત્યુ પછી પુનર્જન્મ કેવો હશે તેની ચીન્તા કર્યા વીના મૃત્યુ પહેલાના જીવનનું ચીંતન કરીશું તો જીન્દગીનું અનંત સ્વરુપ પારખી શકીશું.

મુસાફરીથી આપણા જીવનમાં વૃદ્ધી થાય છે. તેનાથી જીવન લંબાયું હોય તેવું લાગે છે. જ્યારે લાંબા ગાળા સુધી

એક જ સ્થળે એક જ પ્રકારનું જીવન જીવીએ છીએ ત્યારે આપણે ઘણું જોઈએ છીએ; પણ તેનું દર્શન નથી કરતાં, ઘણું સાંભળીએ છીએ; પણ તેનું શ્રવણ નથી કરતાં. એકધારા દીવસોવાળું જીવન ઝડપથી પસાર થઈ જાય છે. મુસાફરી કરતાં હોઈએ ત્યારે આપણી ઈન્દ્રીયો સજાગ હોય છે. જે જોઈએ તેનું દર્શન કરીએ છીએ, જે ચાખીએ તે માણીએ છીએ, જે સુગંધો ભુલાઈ ગઈ છે તે સજાગ થાય છે, જે સાંભળીએ છીએ તેનું શ્રવણ કરીએ છીએ. મુસાફરી દરમીયાન આપણે જીવંત છીએ એવી તીવ્ર લાગણી અનુભવીએ છીએ. આપણને લાગે છે કે સમય હયાત નથી, કેમ કે આપણે જીવનને તીવ્રતાથી માણી રહ્યાં હોઈએ છીએ.

બસમાં ઉપલે માળે બેસી મુસાફરી કરી, જે જોઈએ–માણીએ છીએ તે પરદેશની મુસાફરી દરમીયાન અનુભવેલું હોય તેવું જ કંઈક અવનવું હોય છે. પછી ભલે તે સૃષ્ટી–દર્શન, લોક–દર્શન, શહેર–દર્શન કે પછી આંતર–દર્શન હોય.

–ભદ્રા વડગામા, (લંડન)

સંપર્ક : bhadra.v@btinternet.com

@

057 : 09-07-2006

# ખતવણી

–નટવર ગાંધી(અમેરીકા)

અનુક્રમણીકા

સવાર પડતાં તમે નીકળતા દુકાને જવા,
સફાઈ કરી, ગોખલે અગરબત્તી, દીવો, પુજા,
પ્રણામ કરી દેવને, પછી ઉઘાડતા હાટડી.
દલાલી, ઘણી લેણદેણ, વય આખી ધંધો કર્યો,
અનાજ બધું, સાથ શીંગ, તલ, તેલ, ઘી, ગોળનો.
ફરે ન ચકલું બપોર બળતે, તમે એ સમે
દુવાર અરધું કરી લગીર નીંદ ખેંચી લીયો,
ઘરે નીસરતા પતાવી બધું કામ રાતે પછી.

જમ્યા, નહીં જમ્યા જ, ઉભડક એમ વાળું કરી,
કરો ખતવણી, હીસાબ ગણી રાત પુરી કરો,
સવાર પડતાં વળી દીવસ એ જ એનો શરુ.
–હમેશ ઘટમાળ આ– ખબર ના પડી કોઈને
અચાનક જ એક દીન ઉઘડી નહીં હાટડી,
કરી ખતવણી તમે જીવનની ખરે આખરે.

# યુવાન વયમાં

યુવાન વયમાં અનેક સપનાં લઈને નીકળ્યો,
ભમ્યો જગત ખુબ કૈં નજીક, દુર ને છેવટે
વસું, વીચરું આજ આ નગર રમ્ય સોહામણે
અમેરીકન રાજધામ શુભ નામ વૉશીંગ્ટને.

પરંતુ ઉર દોડતું સતત દેશમાં, ગામમાં,
લટાર લઉં રાજમાર્ગ અહીં વીશ્વસત્તા તણા,
તદા મન લઈ જતું ગલી ગલી જુના ગામની,
અહીં ભરી ભરી પટોમક પટે સ્મરું નાવલી,
હતું ઝરણું શુષ્ક તોય નદી જે કહી વહાલથી.

સલામ ભરું સાબદી ધવલ, નીલ, રાતા ધ્વજે,
તદા ફરકતો ઉરે ધ્વજ ત્રીરંગી જ્યાં ચક્ર છે.
વળી કદીક રાષ્ટ્રગાન અહીંનું પડ્યું કાન જો,
તદા ગણગણું અચુક ઈકબાલ, ટાગોરને
રહી રહી સ્મરું અહીં જનમભોમ મા ભારતી.

# અંજલી

કદીય નથી વાત ઝાઝી કરી, ને કરી વાત તો
અહીંતહીંની, અન્યની, ખબર પુછી ત્રાહીતની,
અવ્યક્ત મનની ઉપાધી બધી, ભાર વ્યાધી તણો
નથી જ નથી ઠાલવ્યો કદીય મોકળા દીલથી.

ઉપાડી લઈ જીવતા સરવ ભાર સંસારનો,
કદી ન હસતા, જીવન કોઈ ઉલ્લાસ ના,
નથી સ્મરણમાં કદી વીરલ સ્પર્શ કો વ્હાલનો,
તમે નજીક તોય દુર, પરીચીત ઝાઝા નહીં.

મદાર તમને હતો કંઈક ભાર ઓછો કરું,
વીવેકહીન હું, ધમાલ કરું, ધાર્યું મારું કરું,
કરું મદદ કાંઈ ના, ઉપરથી હું માથે પડું,
હવે વસવસો કરું વ્યરથ તાતના મોતનો.

નથી જ નથી નીવડ્યો સપુત, નમ્ર આજ્ઞાંકીત,
બનું હું તવ પૌત્રનો સુહૃદ તાત એ અંજલી.

# કૃતજ્ઞ ધરું ધુળ

પીછાણ ઘણી આછી જાણ ન’તી તોય આવી પડ્યો
અકીંચન હું આમતેમ અથડાઈ આવી ચડ્યો,
ઉદાર હૃદયે સ્વીકાર મુજનો કર્યો, ને વળી
કર્યું ભરણ, પુર્ણ પોષણ કર્યું; દીધું શીક્ષણ;
થયો દ્વીજ અહીં વળી જીવનપાઠ ઝાઝા ભણી.
ઉઘાડી સહુ બારણાં, દઈ બતાડી સીડી કહ્યું
યથેચ્છ ચડવા, ન બંધન કશાં, સહારો બધો,
મળ્યું જીવન નવ્ય, ધ્યેય, ચરીતાર્થ થઈ જીન્દગી.

ગમે ધનીક દેશ આ... પણ વીશેષ આકર્ષણ
ઈમર્સન પ્રબુદ્ધ, લીંકન વીમુક્તી–દાતા તણું.
થરોનું, વ્હીટમૅન, ટ્વૈન, કવી એમીલીનું મને;
ભલે ઉર વસે સદા જનમભોમ માભારતી;
પરંતુ મન, કર્મ, ધ્યાન, દૃઢ આત્મના નીર્ણયે
કૃતજ્ઞ ધરું ધુળ મસ્તક અમેરીકાની સદા.

–નટવર ગાંધી(અમેરીકા)

કવીસમ્પર્ક : natgandhi@yahoo.com

@

058 : 16-07-2006

# નવી સભ્યતા! નવી સભ્યતા?

–કનક રાવળ(અમેરીકા)

અનુક્રમણીકા

હવે તો ખબર નથી; પણ એક જમાનામાં ભારતની રેલગાડીઓ ત્રણ પ્રકારની હતી.

૧. પેસેંજર, ૨. માલગાડી કે ભારખાનું અને ૩. મિક્સ્ડ. પહેલી બે તો સમજ્યા; પણ ત્રીજી મીક્સ્ડ ગાડીને મનમોજીલી કહેવાય. તેનો ઉપડવાનો સમય નક્કી; પણ જવાને સ્થાને ક્યારે પહોંચશે તે કહેવાય નહીં. જતી વખતે ઘડીયાળના કાંટા ગાડીને લીલી ઝંડી બતાવે; પણ પહોંચતે ટાણે ગાડી ઘડીયાળને લાલ ઝંડી બતાવે! આનું કારણ એ કે મીક્સ્ડ ગાડીમાં આગળ માલના ડબ્બા રહેતા અને પાછળ ઉતારુઓના. દર સ્ટેશને માલના ડબ્બા છોડાય અને નવા ડબ્બા જોડાય. આ હેરાફેરીમાં કેટલો વખત જાય તે હરી જાણે. આ દરમ્યાન ગાડી નાખી હોય સાઈડીંગમાં! ગાડી રોકાઈ હોય તે દરમ્યાન ગાર્ડમાસ્ટર એક ઉંઘ ખેંચી લે કે ગામમાં દીકરીનું સાસરું હોય તો જમાઈને ઘરે પુજાપાઠ– ભોજન પતાવીને પછી લીલી ઝંડી બતાવે ત્યારે ગાડી આગળ ચાલે.

પરીણામે ગાડી ટરમીનસ પહોંચે ત્યારે પહોંચે! પણ ઉતારુઓને આ બાબત કોઈ ઈતરાજી નહિ. તેમને તો આગગાડી

એક પંખીનો મેળો. વહેલા કે મોડા ઘરે તો પહોંચવાનું જ છે તો શું ખાટુંમોળું થઈ ગયું?

હમણાં એક મીત્રનો ઘણા વરસે ફોન આવ્યો ત્યારે જુની રેલગાડીની વાત યાદ આવી ગઈ. મારા મીત્ર પ્રીયસ્મરણભાઈ (સૌજન્ય ખાતર નામ બદલ્યું છે.) સામાજીક પ્રવૃત્તીમાં ઘણા હરતાફરતા રહે અને અનેક સંસ્થાઓ સાથે સંકળાયેલા પણ છે. પરીણામે તેમના ફોનની ઘંટડી ચોવીસ કલાક ચાલુ જ હોય. જો કે 'ઘડીની નવરાશ નહીં અને પાઈની પેદાશ નહીં' કે 'ટકો લે; પણ મને ગણ' તે બન્ને કહેવતો તેમને આબાદ રીતે લાગુ પડે.

'અરે દોસ્ત, કેટલા દીવસથી તને યાદ કરું છું; પણ લોકો ક્યાં જંપવા દે છે? બોલ તારી તબીયત..'નું વાક્ય પુરું થાય ત્યાં જ તેમના ફોન પર 'બીપ..બીપ' શરુ થયું. 'જોને, બીજો ફોન આવે છે, બે મીનીટ થોભી જા..' અને મને 'હલો..' કહેવાની તક મળે તે પહેલાં તેમણે મને હોલ્ડ પર મુકી દીધો!

હું પણ ફોન પકડીને ઘડીયાળ જોતો ઉભો રહ્યો. તેમની બે મીનીટ તો બે કલાક જેવી લાગી!

ફરી તેમનો અવાજ સંભળાયો, 'સોરી દોસ્ત, બોલ તારા ખબર આપ. ભાભી મજામાં? તેમની બ્રીજ ક્લબ કેમ ચાલે..?'નું વાક્ય પુરું થાય તે પહેલાં, 'સોરી, લંડનથી ફોન આવે છે. મીનીટમાં પતાવી દઉં..', કહીને મને ફરી હોલ્ડ પર મુકી દીધો! મેં હાશ કરી, કે આ વખતે બે મીનીટને બદલે એક જ મીનીટ રાહ જોવાની!

પણ આ વખતે પાંચ કલાક જેવી લાંબી લાગતી પાંચ મીનીટ માટે તેમણે મને લટકતો રાખ્યો. જો કે તેટલી વારમાં હનુમાન ચાલીસા મનમાં પુરા થઈ ગયા.

ફરી ત્રીજી વાર પ્રીયસ્મરણભાઈ ફોન પર આવ્યા અને ફરી વાર તે જ રામાયણ! આ વખતે મેં મારા કમ્પ્યુટર પર સોલીટેરની રમત ગોઠવી રાખી હતી. તે રમવામાં વખત હળવાશથી પસાર થશે તેમ માનીને.

પણ મેં હવે મારો વીચાર બદલ્યો, એક અમેરીકન કહેવત યાદ આવી. તે અમેરિકન કહેવત છે: ‘થ્રી સ્ટ્રાઈક્સ એન્ડ યુ આર આઉટ’ -'Three strikes and you are out' ત્રણ દાવ હારો તો રમતમાંથી બકાત–બાતલ! મેં તરત જ ફોન નીચે મુકી દીધો. તે આજની ઘડી ને કાલનો દી’! તમને ખ્યાલ આવ્યો કે?

આ સુપરફાસ્ટ ટ્રેનના જમાનામાં હું હજી મીક્સ્ડ ગાડીનો ખુદાબક્ષ મુસાફર હતો. મારી ગાડી હર સ્ટેશને સાઈડીંગમાં ધકેલાતી હતી. મારા મિત્રના મનમાં મારી જગ્યા થર્ડ ક્લાસની હતી અને હું ‘હોલ્ડ બટન’ના લાગનો હતો–ટેલીફોનના સાઈડીંગ યાર્ડમાં!

–કનક રાવળ(અમેરીકા)
eMail : kanakr@yahoo.com; kanakravel@gmail.com

@

059 : 23-07-2006

# બૉમ્બ બ્લાસ્ટ

–વીજય શાહ(અમેરીકા)

અનુક્રમણીકા

તે દીવસે અલ્પા અને નીરવ નાનકડા સેતુને લઈને ઝઘડ્યાં. આમ તો એમનું જીવન બે સમાંતર પાટા જેવું હતું. ક્યારેય કોઈ વાત પર એકમતી નહીં. નીરવ અને એનું કમ્પ્યુટર. બસ.

ચા પીવાની જ્યારે તલપ લાગે ત્યારે નીચે આવવાનું. ચા ઉકળે ત્યાં સુધી સેતુને રમાડવાનો, ગબડાવવાનો અને ટી–બ્રેક પતે અને પાછું એના એ ‘ક્લીક ક્લીક’ના જગતમાં ગુમ થઈ જવાનું. રુપીયાનો તો ઢગલો થતો; પણ અલ્પા તેને કહેતી કે, ‘ઘરે રહી કામ કરવાનો મતલબ એવો નથી કે ચોવીસે કલાક એકનું એક ‘ક્લીક ક્લીક’ જ કર્યા કરવાનું. સેતુ પહેલાં હું છું અને ઘરગૃહસ્થી પણ છે..’

નીરવ અલ્પાને કહેતો કે આ ‘ક્લીક ક્લીક’ છે તેથી તો રુપીયા ઘરમાં આવે છે અને આ સ્પર્ધાના જમાનામાં જ્યારે તમને કામ મળતું હોય તો મોં ધોવા જનારને તકલીફ થતી હોય છે. સેતુનું બચપણ જતું રહેશે; તું અને હું ક્યાં જતા

રહેવાના છીએ? ધંધા ને જરાક ધીમો પડવા દે. હમણાં તો ટાઈમને જરાય બગડવા દેવાય તેમ નથી.

અલ્પા તેની બહેનોનાં જીવન જોઈ નીસાસા નાખતી અને બબડતીય ખરી કે આના કરતાં કોઈ બેઠી નોકરીવાળાને પરણી હોત તો એટલું તો સારું હોત કે સાંજ પડે વર ઘરે આવે અને સાથે બેસીને ટીવી સીરીયલ તો જોવાય!

ડેડ લાઈનને પહોંચી વળવાની ધમાલમાં તે દીવસે અલ્પાએ સોંપેલું સેતુ માટે દવા લાવવાનું કામ તો રહી જ ગયું. આ વાતે વતેસર કર્યું અને માંદા સેતુને લઈને તે ખુબ જ લડી, પછી ખુબ જ રડી અને સેતુને લઈ તે કાંદીવલી પોતાને પીયર નીકળી ગઈ.

અલ્પાને નીરવ બહુ જ ગમતો; પણ તેનાં આગ્રહયુક્ત વલણો નીરવને પજવતાં અને તેને ત્રાસરુપ લાગતાં. તેથી તે કહેતો કે સેતુને મુકી તારે જ્યાં જવું હોય ત્યાં જા. તેથી આજે તો અલ્પા માંદા સેતુને જીદ કરીને ધરાર લઈ જ ગઈ. જો કે તેના મનમાં તો એવું હતું કે નીરવના કામધંધાની ડેડ લાઈન પતી જાય ત્યાં સુધી સેતુ માંદો રહે તે કેમ ચાલે?

નીરવને અલ્પાની જીદ ગમતી નહોતી અને ખાસ કરીને કામના સમયે તો બીલકુલ જ નહીં. આજની રડારોળથી તો તે ત્રાસી ગયો હતો અને એમાં પાછું તેના કમ્પ્યુટના હાર્ડ ડ્રાઈવને આજે જ ક્રેશ થવાનું સુઝ્યું. એનો બધો જ ગુસ્સો

અલ્પા પર ઉતર્યો અને એના વલવલાટમાં એનાથી બોલાઈ ગયું કે, 'સમજતી પણ નથી ને વચ્ચેથી ટળતી પણ નથી!' કંટાળીને તે નીચે ચા પીવા ઉતર્યો. તેને સેતુની યાદ આવી. તે તો હતો નહીં! તેણે ટીવી ચાલુ કર્યું અને તેને ફાળ પડી! બૉમ્બ બ્લાસ્ટથી આખું મુંબઈ ખળભળી ઉઠ્યું હતું! તેના મનને ચીન્તાએ એકદમ ઘેરી લીધું. આ અલ્પુડીને આજે જ કાંદીવલી જવાનું સુઝ્યું! મન એક વીચીત્ર પ્રકારની અવઢવ અને આશંકાથી ખીન્ન થઈ ગયું.

તેણે મોબાઈલ ફોન કર્યો. રીંગ વાગ્યા કરતી હતી. તેણે મનમાંને મનમાં પોતાની જાતને ખુબ જ ભાંડી. થયું કે અલ્પા, તું જ સાચી છે. હું રુપીયા પાછળ ઘેલો થયો હતો. તેણે મનોમન પ્રભુને યાદ કરી મા–દીકરાનું ક્ષેમ અને ક્ષમા બંને યાચ્યાં. તે કાંદીવલી ફોન કરીને વાત કરવાની હીંમત એકઠી કરતો હતો ત્યાં જ ફોન રણક્યો : 'નીરવ ટેક્સી નહોતી મળી એટલે બચી ગઈ છુ.'

નીરવ છુટ્ટા મોઢે રડી પડ્યો.. અલ્પાને પણ નવાઈ લાગી! પણ આ ત્રણ વર્ષના લગ્નજીવનમાં પહેલી વખત એને સારું લાગ્યું કે નીરવ સેતુને એકલાને નહીં; તેને પણ ચાહે છે. ટેક્સી કરીને તે ઘરે પાછી વળી ગઈ. નવા નીરવને પામવા..

–વીજય શાહ(અમેરીકા)

ઈ–મેઈલ : vijaykumar.shah@gmail.com

060 : 30-07-2006

# ક્રીકસાઈડ

-સુચી વ્યાસ(અમેરીકા)

અનુક્રમણીકા

એયને છેક ફીલાના છેવાડે, ફ્રેન્કલીન મોલ પછી ડાબી બાજુએ છેલ્લાં ૩૦ વર્ષથી ક્રીકસાઈડ અનેક ગુજરાતીઓનું – દેશીઓનું – નીવાસસ્થાન બની ગયું છે. તમે જો એરઈંડીયામાં દેશમાંથી ન્યુયોર્ક આવતા હો ત્યારે વાતુ વાતુમાં સાંભળ્યું જ હશે : ‘‘ક્યાં જાઓ છો? ઓહ, ફીલા જાવ છો? એમ! ક્યાં રે’વાનું છે ફીલામાં? અમારો ભાઈ ન્યાં ક્રીકસાઈડમાં જ રહે છે.’’ ‘‘લ્યો કરો વાત! અમારા મામાનો દીકરો – ભાઈ ત્યાં જ રહે છે.’’

ક્રીકસાઈડ ખાલી ફીલામાં જ જાણીતું નથી...એ તો છેક આકાશમાં ઉડતાં ઉડતાં પણ કાને પડે એવું રુડું ને રંગીલું રહેણાકનું સ્થાન છે. અમેરીકામાં આવાં અનેક રહેણાંકનાં સ્થાનો છે. એડીસન જાઓ અને ‘હીલટોપ’ કાને ન પડે એવું બને જ નહીં. એમ થાય તો તમારો ફેરો અફળ ગયો માનવો.

કોઈ પણ સ્થાન મગજમાં વસી જાય ત્યારે એમાં તેની સાથે સંકળાયેલી અમુક વ્યક્તીઓ મુખ્ય ભાગ ભજવે છે. ક્રીકસાઈડના બેતાજ બાદશાહ ઉષાકાન્ત રીંડાણી અને તેમના કુટુંબીજનો છે. રીંડાણી કુટુંબ છેલ્લાં ૨૦ વર્ષથી ક્રીકસાઈડમાં રહે

છે. કાનમાં એક વાત કહું? તમારી તાકાત નથી કે ઉષાકાન્તભાઈ અને તેમની ત્રણ બહેનો - બાળાબેન, વીરબાળાબેન અને પુષ્પાબહેનની રજા વગર તમે ક્રીકસાઈડમાં પગ મુકી શકો.

બાળાબહેન-વીરબાળાબહેન વાય.ડબલ્યુ.સી.એ. દ્વારા અઠવાડીયાના સાતે સાત દીવસ બાળકો અને વડીલો માટે વીધવીધ પ્રવૃત્તીઓ કરે છે. નાનાં બાળકોને ગુજરાતી વાંચતાં–લખતાં શીખવાડે છે. અત્યાર સુધીમાં પચાસ બાળકો કડકડાટ વાંચતાં–લખતાં શીખી ગયાં છે. અંગ્રેજીનું ડીંટીયું પણ આવડતું ન હોય તેવા વૃદ્ધો કે યુવાનોને અંગ્રેજી શીખવે છે. અત્યાર સુધીમાં મોટી ઉમ્મરના પીસ્તાલીસ સ્ત્રી-પુરુષોને અમેરીકન નાગરીકત્વની પરીક્ષાઓમાંથી પાસ કરાવ્યાં છે. બાળાબહેનના શબ્દોમાં જ કહું તો, "આ ક્રીકસાઈડમાં હું ‘બાળાબા’ તરીકે ઓળખાઉં છું. અમે ત્રણેય બહેનો અને ભઈલો હવે ઘરડાં થઈ ગયાં છીએ. ગ્રોસરી, લોન્ડ્રી, શાકભાજી માટે પ્રોડ્યુસ જંક્શન એ બધે ચાલતાં જ જઈ શકાય છે. કોઈની સાડાબારી નથી. આડોશપાડોશના લોકો ભાવથી મદદરુપ બની રહે છે. વળી ગુજરાતી સીવાયનાં જાપાનીઝ, રશીયન અને આરબ લોકો પણ ભાઈચારો દેખાડે છે. મારાં માતુશ્રીએ આ જ ઘરમાં દેહ છોડ્યો છે. અને એમ જ હું પણ ક્રીકસાઈડના પ્રેમમાં અહીંયાં જ, મારી

જીન્દગીની છેલ્લી કર્મભુમી ઉપર દેહ છોડીશ - મને એ બાબત ખુબ જ શાંતી છે."

બાલાબહેનની આગેવાની હેઠળ ક્રીકસાઈડના નીવાસીઓ અનેક સ્થળોએ ફરવા જાય છે- નાયગરાથી માંડીને ફ્લોરીડા સુધીના પ્રવાસો, બસોબસો આડોશીપાડોશીઓ સાથે યોજાય છે. બબ્બે બસો ભરીને ક્રીકસાઈડના ગુજરાતીઓ પેન્સીલવેનીયાની ‘વ્રજભુમી’એ છાશવારે ચક્કર મારે છે.

ક્રીકસાઈડ જાણે કે અચાનક જ ગુજરાતમાં આવી ચડ્યાનો અનુભવ કરાવે છે. ૧૫૨ મકાનોમાં ૨૦૩૨ કુટુંબોનો સમાવેશ થાય છે. એમાં લગભગ એકાદ હજાર તો ગુજરાતી કુટુંબનો આંકડો નીકળે. પ્રત્યેક વ્યક્તીએ પોતાનાં મનમાં વસેલી ગુજરાતની યાદને ક્રીકસાઈડમાં વાસ્તવીક નીરુપણ આપ્યું છે. જુદા જુદા ખુણાઓમાં તમને સુરત, વડોદરા, નડીયાદ, અમદાવાદ, રાજકોટ, જુનાગઢ કે મુંબઈના ખાર, પાર્લા, શાંતાક્રુઝ, ઘાટકોપરના ભણકારા, હોંકારા, પડકારા સંભળાય અને તમારા સ્મૃતીપટ પર એની યાદો તાજી થાય. તમે ક્રીકસાઈડમાં પ્રવેશો કે તરત જ ઢોકળાં, તુવેરની દાળ, ભીંડાનું શાક, ગરમાગરમ રોટલી, કઢી, ભજીયાંની સુગંધ તમારા રોમે રોમ ઉભા કરી નાખે, બાપુ, જલસા પડી જાય! ક્રીકસાઈડની અડોઅડ અડીખમ પાથમાર્ક ઉભો છે, ૨૪ કલાક ખુલ્લો! એની બાજુમાં જ દેશી ગ્રોસરી સ્ટોર ‘મહાલક્ષ્મી’. સાવ

એ જ લાઈનમાં લોન્ડ્રોમેટ અને પાછાં બે ડગલાં ચાલો એટલે ગુજરાત ડેન્ટીસ્ટનું ક્લીનીક.

બાળાબહેનની જેમ જ આમ બીજી બાજુ દીનુભાઈ દેસાઈનો દરબાર છે. સીનીયર સીટીઝન પુરુષોની એક મંડળી જુદી છે. દીનુભાઈ, દીનુકાકા કે દીનુદાદાના હુલામણાં નામથી જાણીતા છે. દીનુકાકા અને માસી આમ તો દીકરા સાથે રહેતાં હતાં; પણ દીકરાની બદલી શીકાગો થતાં દીકરો વહુ શીકાગો ગયાં. સોશીયલ સીક્યોરીટી, મૅડીકલ કાર્ડ અને મૅડીકલ ટ્રીટમેન્ટના કારણે દીનુભાઈને ફીલામાં રહેવું પડ્યું. મોટી ઉમ્મર, અનેક માંદગીઓ, અંગ્રેજીનું અજ્ઞાન, કાર-વાહનનો ન કોઈ મોખ અને પારકો પરદેશ! દરેક મુંઝવણ, મુશ્કેલીઓ વચ્ચે દીનુકાકા અને માસી ૧૯૯૨માં ક્રીકસાઈડ રહેવાં આવ્યાં. એમના શબ્દોમાં કહું તો, "ક્રીકસાઈડ તો અમારું અયોધ્યા છે. અહીંયાં કોઈ ભય નથી. બારણાં ખુલ્લાં રાખી સુઈ જઈએ છીએ. તમારાં માશીને કેન્સર છે. મને હૃદયની તકલીફ છે. અનેક ઑપરેશનો, હૉસ્પીટલો, ડૉક્ટરો એ બધી મુશ્કેલીઓ વચ્ચે આરામથી જો જીવી શકતાં હોઈએ તો એ ક્રીકસાઈડની હુંફને જ આભારી છે. આડોશીપાડોશીઓ સતત હોંશે મદદ કરે છે. મારું સાચું કુટુંબ ક્રીકસાઈડ જ છે. સાંજે મારી ઉમ્મરના અમે વીસ-પચીસ ભાઈઓ પાથમાર્કના પાર્કીંગમાં મળીએ છીએ. ત્યારે લોકો હસીને

કહે છે કે દીનુકાકા નડીયાદની ભાગોળે ગયા છે. છેલ્લા નવ વર્ષમાં હું ખરા અર્થમાં ગુજરાતી અમેરીકન થઈ ગયો છું."

આમ ત્રીજી બાજુ નજર ફેરવો તો જુવાન, જીન્દગીને સફળતાથી હંફાવતા મધુભાઈ અને પ્રકાશભાઈને મળીને મનમાં થાય કે રંગીન છે, મજેદાર છે, પ્રેમાળ છે, હસમુખા છે, વહાલા લાગે તેવા છે-ટુંકમાં આપણા છે. પ્રકાશ શાહ છેલ્લાં દસ વર્ષથી ક્રીકસાઈડમાં હોંશીલા કાર્યકર છે. એમની ‘રામપ્યારી’ ગાડીમાં સૌનો સામાન, કબાટો, તીજોરીઓ ઘર ભેગાં થાય છે. પ્રકાશભાઈ બધાને મફત રાઈડ આપે છે. કોઈ દી’ કોઈનો એક પૈસો પણ સ્વીકારતા નથી. પ્રકાશભાઈના વહાલા, હુંફાળા, ઉષ્માભર્યા અનુભવોની અસર વ્હાઈટમેનના નામે ઓળખાતા મધુભાઈ ઉપર એવી તો ઉપસી આવી છે કે વ્હાઈટમેન પણ હવે ક્રીકસાઈડના પ્રેમમાં છે. મધુભાઈ છેલ્લાં પાંચ વર્ષથી ક્રીકસાઈડમાં રહે છે. જેમણે ૧૯૮૩થી પોતાની માના મૃત્યુ પછી સફેદ વસ્ત્રો ધારણ કર્યાં છે-એમને સફેદાઈનું ભુત એવું ચડ્યું છે કે પુછો ન વાત. એ વ્હાઈટમેન પર બીજાં દસ પાનાંનો લેખ લખી શકાય. ક્રીકસાઈડના લોકો કહે છે કે ક્રીકસાઈડ અમારા માટે ક્રીકસાઈડ છે; પણ વ્હાઈટમેન માટે  વ્હાઈટસાઈડ છે.

વ્હાઈટમેનના શબ્દોમાં કહું તો, "હું ક્રીકસાઈડના પ્રેમમાં છું. હું હવે બીજે મકાન લઈ શકું એમ છું, પણ મારે ક્યારેય ક્યાંય નથી જવું. મારા રંગીલા સ્વભાવથી હું સૌનો દોસ્તાર છું.

સાંજ પડ્યે મારે ઘરે લગભગ વીસ પચીસ દોસ્તારોનો ડાયરો મળે છે. અમે ચા પાણી કે આઈસક્રીમ ખાઈને ગપ્પાં મારીએ છીએ. અમેરીકનોને તો માનસીક ટેન્શનના ઉપાય માટે આવા સપોર્ટ ગ્રુપમાં પૈસા આપી જવું પડે છે. અમારે મફતમાં જલસા જ જલસા છે-અને ઢગલો પ્રેમ અને હુંફ મળે છે. અહીં ઘરની આજુબાજુ જ તમામ વ્યવસ્થા-પાથમાર્ક, ગુજરાતી 'હાકભાજી' વેચતી ઈન્ડીયન ગ્રોસરી, ગુજરાતી બાબરી પાડી આપતો ઈંડીયન હજામ, જીભ કઢાવી ગુજરાતીમાં "આ આ આ" બોલાવી ગળું તપાસતો દાક્તર, આઠ જુદી જુદી જાતનાં ફાસ્ટ ફુડ રેસ્ટોરંટ, મોલ અને ગણ્યા ગણાય નહીં એટલા દોસ્તારો.... જીંદગીમાં બીજું શું જોઈએ?"

ક્રીકસાઈડમાં એકલા, મોટી ઉમરના વીધુર પુરુષો અને અમુક એકલી યુવાન સ્ત્રીઓ પોતાનાં બાળકોને આસાનીથી મોટાં કરી શકે છે. ક્રીકસાઈડમાં સહજ મળતી એક બીજાની મદદથી જ આ શક્ય બને.

ક્રીકસાઈડમાં તમારી આવક પ્રમાણે ભાડું ભરવાનું હોય છે. અહીંયા રહેવા આવો એટલે વીસપચીસ દીવસમાં આજુબાજુમાં આવેલી ફેક્ટરીમાં નોકરી મળી જાય છે. કામે જવા રાઈડની પણ વ્યવસ્થા થઈ જાય છે અને ઉમ્મર પ્રમાણે દોસ્તાર ભાઈબંધ પણ મળી રહે છે. આમ, અમેરીકાની અદ્યતન

સગવડ સાથે ગુજરાતી પાડોશનું ટોટલ ઈન્ફ્રા-સ્ટ્રક્ચર મળી રહે છે.

મનમાં બે ઘડી ઈર્ષ્યા આવી જાય કે માળું સાળું, ખરા જલસા તો ફ્રીકસાઈડમાં છે!

-સુચી વ્યાસ(અમેરીકા)

ઈ–મેઈલ સમ્પર્ક : girishsuchi@comcast.net

@

061 : 06-08-2006

# વીશ્વાસ

–વસુધા ઈનામદાર(અમેરીકા)

અનુક્રમણીકા

થોડા સમય પહેલાંની વાત છે. ભારતની ઉત્તરે આવેલું અને શીરોમણીની જેમ શોભતું કશ્મીર, હીમાલયની ગોદમાં લપાઈને બેઠેલું કશ્મીર, ભારતના શીરદર્દ સમું કશ્મીર, આજે ભારતીય વીરોનાં બલીદાનથી ‘રક્તરંજીત’ કશ્મીર, વારેઘડીએ રણમેદાને ચડતું કશ્મીર, કારગીલની યુદ્ધની કળ વળતાં બેઠું થયેલું કશ્મીર : તેની આ નાનકડી વાત છે.

પાકીસ્તાનના સૈનીકો દ્વારા મશીનગન અને રૉકેટ લૉન્ચર મારફતે કરવામાં આવેલા હુમલાને ભારતીય શુરવીર સૈનીકોએ જડબાતોડ જવાબ આપ્યો હતો. ગોળીઓના વરસાદની રમઝટ બે કલાક પહેલાં જ શમી હતી. કશ્મીરની સરહદે દેશની રક્ષા કાજે જીવન કુરબાન કરનાર સૈનીકોની છાવણીમાં અજંપો હતો. એ વીસ જણાની ટુકડીમાંથી એક શુરવીરે દેશના રક્ષણ કાજે હંમેશ માટે વીદાય લીધી હશે એવી દહેશત સૌના મનમાં હતી. અનેક શંકા–કુશંકાથી

ઘેરાયેલો સોલ્જર મોહન ભાટીયા પોતાના મીત્રને શોધવા નીકળી પડ્યો હતો.

કાળજું ઠારી નાખે તેવી કાતીલ ઠંડી હતી. બરફથી છવાયેલી ધરતી પર દર્દથી પીડાતા, કણસતા, અર્ધ–બેહોશ જેવા મીત્રની શોધમાં નીકળી પડેલા સૈનીકની છાતીના ધબકાર વધતા જતા હતા. કડકડતી ઠંડીમાં અબ્દુલની ભાળ કાઢવા એણે એના કાન સરવા કર્યા. એની આંખો જાણે વીજળીના ગોળા બનીને અંધારાને ચીરતી અબ્દુલને શોધી રહી હતી. એના પગમાં ગતી હતી, સમગ્ર શરીરમાં શક્તીનો સ્રોત વહી રહ્યો હતો. મીત્ર અબ્દુલ માટે, તેની સલામતી માટે તે મનોમન ઈશ્વરને પ્રાર્થી રહ્યો હતો.

‘અબ્દુલ’ કહીને એણે બુમ પાડી. એ નીરવ વાતાવરણમાં એના એ શબ્દો પાછા ફર્યા. મોહને ફરી ફરીને બુમ પાડી અને એક બરફીલી કેડી પર ચાલતાં એનો પગ લપસ્યો. એ ગબડતો ગબડતો એક મોટા વૃક્ષ સાથે અફળાયો. એના મોઢામાંથી એક ચીસ નીકળી પડી; પણ પોતાના દર્દને છુપાવી એણે જોરથી બુમ પાડી, ‘અબ્દુલ...ક્યાં છે તું?’

‘હું અહીં છું, મોહન’ એક દર્દભર્યો અવાજ આવ્યો.

‘અબ્દુલ...’ મોહન લગભગ દોડી ગયો. ત્યાં બેસી પડ્યો. એણે અબ્દુલને પોતાના મજબુત શરીરનો સહારો આપી બેઠો કર્યો.

માત્ર મોહનને જ સંભળાય એટલા ધીમા અવાજે અબ્દુલ બોલ્યો, 'આ ગયા મોહન...મુઝે પતા થા મેરે દોસ્ત, મેરે મરનેસે પહલે તુ જરુર આયેગા.'

'ઐસા મત બોલ, મેરે યાર, મૈં તુઝે લેને આયા હું.'

'નહીં દોસ્ત, અબ વક્ત આ ગયા હૈ. બડી ખુશી હુઈ, તુઝે દેખ કે. મુઝે પતા થા, તુ જરુર આયેગા... દેખ મેરી મા કો બોલના... યા ખુદા... મા કા ખયાલ રખના... જય હીન્દ.. જય હીન્દ.' એના શબ્દો અંધારામાં ધીરેધીરે વીલીન થયા. મોહનના ખભા પર અબ્દુલ ઢળી પડ્યો.

મોહન થોડી વાર શુન્યવત્ બેસી રહ્યો. એણે ઉભા થઈને મીત્રને સેલ્યુટ મારી હળવેકથી એના મૃતદેહને ઉપાડ્યો અને તે ભારે પગલે છાવણી તરફ ચાલવા લાગ્યો.

છાવણીના પ્રવેશદ્વાર આગળ વાંકા વળીને અબ્દુલના દેહને એણે નીચે મુક્યો.

મેજર ખુશવંતસીંગ છાવણીની બહાર સીગારનો દમ મારીને ઠંડી ઉડાડવાનો પ્રયત્ન કરતા હતા. મોહનને ઉદ્દેશીને, અબ્દુલના મૃતદેહ સામે જોઈ તે બોલ્યા : ' મીસ્ટર ભાટીયા, ક્યા પાયા તુમને? હમ તો બોલે થે, વહ મર ગયા હોગા. સુબહ હોતે હી ઉસે ઢુંઢ કે લે આયેંગે!'

મોહન ઉદાસ ચહેરે દૃઢતાથી બોલ્યો, ‘‘સર, મૈં ને બહોત કુછ પાયા, આખરી દમ તોડતે વક્ત વહ બોલા થા, ‘મુઝે વીશ્વાસ થા, તુ જરુર આયેગા.’ ઔર મૈંને ઉસકે વીશ્વાસ કો તુટને નહીં દીયા.’’

એની આંખો ભરાઈ આવી. લોહીથી ખરડાયેલો કોટ કાઢતાં તે બોલ્યો…“જય હીન્દ!”

–વસુધા ઈનામદાર(અમેરીકા)

ઈ–મેઈલ : mdinamdar@hotmail.com

@

062 : 13-08-2006

# પૅરીસ નામે નગર

–પ્રીતી સેનગુપ્તા

અનુક્રમણીકા

હવા જ આખી પ્રેમ શ્વસે છે પૅરીસમાં,
સહુ તરફ રોમાંચ વસે છે પૅરીસમાં.

નભને ચીંધે તર્જની જેવો એફીલ ટાવર,
સેન નદીનાં નીર ખસે છે પૅરીસમાં.

લુવ્ર મહેલમાં કળાકૃતીની ભારે ભીડ,
મોનાલીસા છાનું હસે છે પૅરીસમાં.

નેપોલીયનનું રાજપાટ પથરાઈ પડ્યું છે,
એ તો દફન થઈ વસે છે પૅરીસમાં.

દેવળ–સ્થીત માતા મૅરીની છે કૃપા, ને
સુંદર સુંદર દીશા દસે છે પૅરીસમાં.

શાંઝેલીઝે, મોલાંરુઝ, લીડોની ઝળહળ,
સાંજે–રાતે દીલ તરસે છે પેરીસમાં.

સભર જીવનના રસીયા લોકો, ને જુઓ તો–
સુરા ઉભરાતી નસે નસે છે પેરીસમાં.

## એન્ટાર્કટીકા

ધવલ આલોક, ધવલ અંધાર,
ધવલ આભા, ધવલ આકાર.
ધવલ પ્રતીદીન, ધવલ રાત્રી,
ધવલ પથ પર વીકલ જાત્રી.

વીશદ અંશ આ વીશ્વનો,
પણ છે કશું વૈશ્વીક અહીં?
ભુલોકનો જ વીભાગ આ,
પણ ના કશું ઐહીક અહીં.

કો' વામને પગલાં થકી
ચાંપ્યું જેને પૃથ્વી તળે,
અબોધ કેન્દ્ર પ્રતી પ્રયાણ

માનવ–પગલાં જ્યાં ઓગળે.

ગતી ધવલ ને મતી ધવલ,
બનતી સમયની સ્થીતી ધવલ,
સર્વ રંગો, સર્વ છંદો,
ચેતનાની ગતી ધવલ

## પોતે એટલે કોણ?

એક માણસના બે ફોટા
ચપોચપ ચોંટાડ્યા હોય તો
એ એક વ્યક્તી રહે કે બે બને?
બંનેનાં હૃદય હોય ધબકતાં :
એક વાસ્તવીકતામાં,
બીજું લાગણીના પૃષ્ઠભાગમાં.
તો પોતે એટલે કોણ?
ફીફ્થ એવન્યુ પર ચાલતી હસ્તીના પગ
પડતા હોય માણેકચોકની બસ્તીમાં.
આગળ ખીલ્યાં હોય રેશમી ફુલો,
ને પાછળ હોય સુકાયેલો બાગ.
ક્યાંક ધરતીકંપની વાતો

આંચકા બીજે ક્યાંક.

પુર આવ્યાં હોય પશ્ચીમમાં,

તણાતું હોય તોય સર્વસ્વ તોય પશ્ચીમમાં.

સંઘર્ષ ના હોય, ને ઘસારો પહોંચે.

કશું છોડાયું ના હોય,

કશું પોતાનું ના હોય.

એક માણસના બે ભાગ,

બે ફ્રોટાનો એક માણસ.

દ્વાર ખરાં પણ દીવાલ નહીં,

બીંબ ખરાં પણ દર્પણ નહીં.

બે ખરાં કે એક્કેય નહીં?

–પ્રીતી સેનગુપ્તા (અમેરીકા)

ઈ–મેઈલ : PreetyNYC@aol.com

@

063 : 13-08-2006

# ચા વીશે ચાસણી જેવા ચાર બોલ

**–મધુ રાય**(અમેરીકા)

અનુક્રમણીકા

*(મધુ રાય ‘ઉંઝાજોડણી’ના ઉગ્ર વીરોધી હોવા છતાં; ‘અમે એમના બેફામ વખાણ કરીએ’ એ શરતે આ લેખ પુરતા તેઓ સંમત થયા છે. –હરનીશ જાની, સંપાદક)*

આપણે ફરવા નીકળ્યા હોઈએ અને રસ્તા પરથી ચાંદીનો રુપીયો મળે તેમ અમને આ માહીતી એક પુસ્તકાલયમાંથી અનાયાસ મળેલી : વીખ્યાત લીપ્ટન કંપનીના સ્થાપક સર ટોમસ લીપ્ટન ચા રકાબીમાં ઢાળીને પીતા. (‘ફોરચ્યુન’, ઓગસ્ટ ૧૯૩૩, પાનું ૩૫) બંધુ હસમુખ ગાંધીએ થોડા સમય પહેલાં ચાની સંસ્તુતી કરતો એક લેખ લખેલો, તે પરથી અમને થયું કે લીપ્ટન સાહેબવાળી આ વાત વાચકોને કરવા જેવી છે. હવે મંછાફોઈ કે જમનમામા રકાબીમાં ચા ઢાળીને પીએ તો અમે મોઢું નહીં ચડાવીએ.

અમે નાના હતા ત્યારે અમારા ઘરે ચા પીવાનો રીવાજ નહોતો. પીતાશ્રી વલ્લભદાસ સુંદરજી ઠાકર પોલસનની ચીકોરી મીશ્રીત ફ્રેન્ચ કોફીનું ટીન લાવતા, તે પીવાતી. તે સમયે

સીલોન રેડીયો પરથી આવતો પોલસનનો ‘ચંચલ બાલક’ નામે કાર્યક્રમ અમને ગમતો. અમારે ઘરે રેડીયો નહોતો; અમે બાજુમાં રહેતા મકાનમાલીક લક્ષ્મીદાસકાકા અને જેવન્તીમાસીને ત્યાં રેડીયો પાસે ઉભા રહીને સાંભળતા. તે અને ‘બીનાકા ગીતમાલા’. પણ તે બધી આડવાત છે. આ લેખ પણ અમે ચા વીશે ‘માહીતીસભર’ બનાવવાના છીએ.

ન્યોયૉર્કના અમારા મીત્ર સ્વ. ડૉ. બાબુભાઈ રાજવૈદ્યે અમને જણાવેલું કે ચાની શોધ બુદ્ધ ભગવાને કરેલી. તે સાચું હોય કે નહીં; પરંતુ સૌ સ્વીકારે છે કે ચા ભારતમાં શોધાયેલી.

યવન ગ્રંથો કહે છે કે આપણા મહાન મહાભારતની રચના ઈ.સ. ૧૫૦–૨૦૦માં થઈ. તે જ સમયે રોમન સામ્રાજ્યમાં મરકી ફાટી નીકળેલી. તે જ અરસામાં કોરીયાથી રેશમના કીડાની આયાત ચીનમાં થઈ અને તે જ ગાળામાં ચક્રવર્તી અશોકના પ્રયત્ને ભારતમાંથી બૌદ્ધ ધર્મ ચીનમાં પ્રસર્યો હતો. સન ૩૦૦ની આસપાસ આજે જેને અમેરીકા કહેવાય છે તે ખંડોના મધ્ય ભાગમાં પ્રતાપી આઈઝેક જાતીની ‘માયા’ સંસ્કૃતીનું ઉત્થાન થયું. સન ૩૨૦માં ભારતમાં ચન્દ્રગુપ્તે ગુપ્ત સામ્રાજ્ય સ્થાપ્યું; મહારાજા અશોક કે ચન્દ્રગુપ્ત કે બીજા કોઈ ચક્રવર્તીઓ ચા પીતા કે નહીં તે ખબર નથી. ત્યારે ‘ચા’ને શું કહેવાતું હશે તેની પણ અમને ભાળ મળતી નથી. કીન્તુ ‘ચા’ ચીની ભાષાનો શબ્દ છે.

ચીનમાં બૌદ્ધ ધર્મ આવ્યા પછી ચા આવતાં બીજી ત્રણ સદીઓ વીતી. ઈ.સ. ૪૫૧–૫૦૦ દરમીયાન ભારતમાં ચક્રવર્તી સ્કન્દગુપ્તનું રાજ ચાલતું હતું. ખગોળશાસ્ત્રી–ગણીતજ્ઞ પંડીત આર્યભટ્ટ સંખ્યાઓનાં મુળ અને વર્ગ વીશે ગ્રંથ લખવાનું વીચારતા હતા; અને ચીનની રાજધાની નાનકીંગ નગર હતું; ત્યારે ચીનમાં પ્રથમ વાર ભારતમાંથી ચા આવી.

ત્યાં ચીનાઓએ તેને નામ આપ્યું ‘ત્યાચ’. તે શબ્દ ઉચ્ચાર ભેદથી એક દીશામાં બન્યો ‘ત્યાચ’ અને બીજી દીશામાં બન્યો ‘ચાચ’. વળી ‘ત્યાચ’ પરથી ગરબી લેતો લેતો તે શબ્દ યુરોપમાં બન્યો ‘ટ્યે’ અને ‘ટી’; અને આપણે બનાવ્યો ‘ચાચ’ અને ‘ચા’. કાઠીયાવાડ–મુંબઈના ગુજરાતીઓ ‘ચા’ પીએ છે; અમદાવાદ–વડોદરામાં ‘ચ્હા’ પીવાય છે; આફ્રીકાના ગુજરાતીઓ વીવેક કરે છે, બાના, ‘ચાચ’ પીસો?

સન ૬૨૨માં હજરત મહંમદસાહેબે હીજરત કરી. સન ૭૩૦માં ચીનમાં મુદ્રણકળાની શોધ થઈ અને તરત સન ૭૭૯માં ‘ત્યાચ ત્યીંગ’ નામે ચા વીશે એક માહીતી પુસ્તીકા છપાઈ.

સન ૫૫૨માં જાપાનમાં બૌદ્ધ ધર્મનો પ્રચાર થયો. પરંતુ ત્યાં ચા આવતાં બીજાં ૬૫૦ વર્ષ લાગ્યાં. સન ૧૧૭૫માં દીલ્હીમાં પઠાણ સલ્તનત આવી અને ૧૧૯૧માં મધ્ય અમેરીકામાં ‘માયા’ સંસ્કૃતીનું દ્વીતીય ચરણ શરુ થયું અને તે જ

વર્ષે ચીનમાંથી ચા પ્રથમ વાર જાપાનમાં આવી. ઈ.સ.૧૩૫૦માં ચીનમાં લી હસીંગ તાઓ નામે નાટકકારનાં નાટકો ચાલતાં હતાં, ત્યારે જાપાનના 'શોગન'એ ચા પીવા સામે પ્રતીબંધ કર્યો. યુરોપમાં કૉફી સન ૧૫૧૭માં દાખલ થઈ હતી, ચા આવવાને હજી બાણું વરસની દેર હતી. સન ૧૬૦૦માં બ્રીટીશ ઈસ્ટ ઈન્ડીયા કંપની અને ડચ ઈસ્ટ ઈન્ડીયા કંપની એમ બે વેપારી સંસ્થાઓ સ્થપાઈ; ૧૬૦૯માં ભારતમાં મોગલ પાદશાહ અકબરનું રાજ ચાલતું હતું. તે સમયે ચીનમાંથી ડચ ઈસ્ટ ઈન્ડીયા કંપનીએ પ્રથમ વાર યુરોપમાં ચા દાખલ કરી.

અને ૧૬૩૬માં અમેરીકામાં વીખ્યાત હાર્વર્ડ કૉલેજ સ્થપાઈ તે સાથે સાથે ફ્રાંસના પાટનગર પેરીસમાં ચાની પ્રથમ ચુસ્કી લેવાઈ. 'ચા'ને 'ટી' કહેવાનું શરુ થયું.

મલયદેશમાં રહેતા ચીનાઓની અમોય નામની બોલીને કારણે, તે લોકો 'ત્યાય'ને બદલે 'ત્યે' બોલતા હતા. તેમની પાસેથી ડચ લોકો તેને 'ટે' 'ટે' કહેતા થયા. તેમને સાંભળી અંગરેજો 'ટ્યે' 'ટ્યે' કરતા થયા અને આખરે 'ટી' ઉપર આવીને અટક્યા.

સન ૧૬૫૦માં અમેરીકામાં ડચ લોકો અને અંગરેજોએ પોતપોતાની અમેરીકન કોલોનીઓની સીમાઓ બાબત કરાર કર્યા અને અમેરીકન આદીવાસી ઈન્ડીયનોનો જથ્થાબંધ સંહાર શરુ કર્યો; ત્યારે ઈંગ્લેન્ડમાં ઓલીવર ક્રોમવેલ વડા પ્રધાન હતા;

અને તે વરસથી ઈંગ્લેન્ડમાં 'ટી' પીવાની પ્રથાનો પ્રારંભ થયો. તે પછી ચાયનો ઈશ્ક આખી દુનીયાએ કર્યો.

અમેરીકામાં ચાનું ઐતીહાસીક મહત્ત્વ છે. સન ૧૭૭૩માં બોસ્ટન મુકામે અંગ્રેજી હકુમત સામે બગાવતનું પહેલું બ્યુગલ બૉસ્ટન બંદરે બ્રીટનના જહાજમાં લાદેલી ચાની પેટીઓને દરીયામાં ફગાવીને વાગ્યું, જે ઘટનાને 'બૉસ્ટન ટી પાર્ટી' એવું રોમાન્ટીક નામ અપાયું. અમેરીકામાં તે પછી કૉફી લોકપ્રીય બની, જે આજે છે.

પણ અકબર પાદશાહ ચા પીતા હતા કે ઉકાળો; ચામાં દુધ નાખવાનું કોણે શોધ્યું; લીપ્ટન/બ્રુક બોન્ડ કંપનીઓ ક્યારે સ્થપાઈ; વગેરે બાબતોનો ઉલ્લેખ અમે જે ગ્રંથોમાંથી આ રસીક માહીતી તારવીએ છીએ તેમાં નથી.

ભારતમાં આઝાદીની લડતના સમયમાં ગાંધીજીના કારણે ચા સામે વીરોધ શરુ થયેલો. અમે ચોથી ચોપડીમાં હતા ત્યારે સેવંતીલાલ નામે એક જૈન મીત્રે ગંભીર ચહેરે જણાવેલું કે અંગ્રેજોના સમયમાં આસામમાં ચાના બગીચાઓમાં કામદારો ઉપર અત્યાચાર થતો હતો. અંગ્રેજ માલીકો કોરડે કોરડે કામદારોને ફટકારતા અને તેમના લોહીની લાલાશ ચામાં આવતી હતી. ગાંધીજી કહેતા કે ચા કેફી પીણું છે. એ કારણે અમારા ઘરમાં ચા પીવાનો રીવાજ નહોતો.

અમે ઉ.વ. ૧૮ના હતા ત્યારે શીવકુમાર જોશીની દુકાને પ્રથમ વાર ચા પીધેલી. પછી ૧૯ વર્ષના થયા ત્યારે ચન્દ્રકાન્ત બક્ષીએ કલકત્તાની એક મુસલમાની હોટેલ ‘સાબીર’માં અન્ય વ્યંજનો ખવડાવ્યા પછી અમને ચા પીવડાવેલી. તે પછીથી અમે નીયમીત ચા પીતા થયેલા. પછી પચ્ચીસ વર્ષના થયા ત્યારે અમદાવાદમાં સ્વ. પ્રબોધ ચોકસીના ભરાવદાર હાથ નીચે ‘નીરીક્ષક’ સામયીકમાં ઉપતંત્રી હોવાના કારણે તેમના માર્ગદર્શન હેઠળ ‘લીપ્ટન ગ્રીન લેબલ’ની મોહીની માણેલી. પછી ૨૬ વર્ષના થયા ત્યારે અમદાવાદના સાંગીતીક સજ્જન હીમ્મતલાલ કપાસી સાથે રોજ રાત્રે કાલુપુર સ્ટેશને જઈને લશ્કરી ચા પીવાની લત લાગેલી. પછી એક્સવાયઝેડ વર્ષના હતા ત્યારે મુંબઈમાં ઘણે ઠેકાણે ચા પીને એક વાર બંધુ શ્રી હસમુખ ગાંધીની ઓફીસમાં તકરાર કરવા ગયેલા અને તેમણે ચાનો આગ્રહ કરેલો; પરંતુ અમે વીનય કરેલો કે ચાના સ્થાને એક પાન મંગાવી આપશો તો અમને વધુ રુચશે.

ચીન, જાપાનમાં ચાની પાંદડીઓ ગરમ પાણીમાં ઝમી રહે પછી એમાં જુઈ જેવાં ફુલો નાખીને પીવાનો મહીમા છે. બ્રીટનમાં ચા સાથે કાકડીની સેન્ડવીચ જમવાનો અમીરી શીરસ્તો છે. ચામાં લીંબુ નાખવાની પ્રથા યુરોપમાં છે. અમેરીકામાં ચા કાગળના કપમાં મળે છે. કલકત્તામાં ચા

શકોરામાં મળે છે અને અમદાવાદમાં એક કપ અને ચાર રકાબીમાં મળે છે.

(લેખકના પુસ્તક, 'નીલે ગગન કે તલે' (૧૯૯૫)માંથી સાભાર..)

–મધુ રાય(અમેરીકા)

ઈ–મેઈલ : madhuthaker@yahoo.com

@

064 : 27-08-2006

# ગઝલ

–'રસીક' મેઘાણી(અમેરીકા)

અનુક્રમણીકા

તાજાં કદી કીતાબમાં રાખેલ નીકળે,
પત્તી સ્વરુપે પુષ્પ એ સુકેલ નીકળે.

વર્ષોથી જેને સાચવી રાખ્યા છે જીવ જેમ,
એ જીર્ણ કાગળો હવે ફાટેલ નીકળે.

થાક્યા વગર હું જેને સદા સોચતો રહું,
એવી કીતાબ ના હજી વાંચેલ નીકળે.

કાગળ તને લખી કદી ભુલી ગયો હતો,
પરબીડીયામાં એ હવે બીડેલ નીકળે.

વર્ષોની બાદ જોવા હું બેઠો છું ડાયરી,
તારાથી પ્યાર છે મને ટાંકેલ નીકળે.

ઉત્સાહથી જે ચાલ્યા ક્ષીતીજ આંબવા 'રસીક'

રસ્તામાં શાને એ બધા થાકેલ નીકળે!

*(ફૈઝ એહમદ ફૈઝના એક શે’રથી પ્રેરાઈને..)*

♦●♦

તમારા પંથમાં થોડોય જો પ્રવાસ થશે,
યુગો સુધી પછી પગરવનો મારો ભાસ થશે.

તમારી જીતનો એના પછી રકાસ થશે,
અમારી હારની જ્યારે કદી તપાસ થશે.

તમારા દી’ ભલે સુરજ સમાન સરખા હોય,
અમારી રાતમાં પુનમ પછી અમાસ થશે.

પતનની ખીણમાં ખોવાશે ત્યારે માનવતા,
જગતમાં ટોચ સુધી જો કદી વીકાસ થશે.

ઉલેચી નાખશો ના લાગણીના સાગરને,
કદીક આંખનાં અશ્રુ બધાં ખલાસ થશે.

તીમીરની રાતના ભાથામાં એક આશા છે,
સવાર થાશે અને સુર્યનો ઉજાસ થશે.

હયાતી ખુંચે ભલે આજ કીન્તુ કાલ 'રસીક',
અમારી યાદમાં આખું નગર ઉદાસ થશે.

♦●♦

નોખનોખા પથીક, પંથ નોખા હતા, એક વેળા હતી,
પ્રેમપુર્વક છતાં કેવાં ભેગાં હતાં, એક વેળા હતી.

પાનખર પણ હતી, કંટકો પણ હતા, ને કળી પણ હતી,
પ્રેમપુષ્પો છતાં ખીલ્યાં કરતાં હતાં, એક વેળા હતી.

એક જેવો જ ચહેરો બધાનો હતો, પ્રાણ પ્યારો હતો,
સૌના દરવાજે દર્પણ મઢેલા હતા, એક વેળા હતી.

સાથ રમ્યાં હતાં, સાથ ભમ્યાં હતાં, સાથ જીવ્યાં હતાં,
ધુપમાં છાંયડો સાથ ઝંખ્યાં હતાં, એક વેળા હતી.

એકબીજાનાં દુ:ખથી દુ:ખી થઈ જતાં, એનું ઔષધ થતાં,
જીન્દગીનાં જખમ કેવાં સહેલાં હતાં, એક વેળા હતી.

છાંયડો પણ હતો, ધુપ બળતી હતી, રાત ઢળતી હતી,
નોખી મંઝીલ છતાં સાથ ચાલ્યાં હતાં, એક વેળા હતી.

આજ એનાથી દીલ ઝગમગાવો બધે, ઘર સજાવો બધે,
પ્રેમજ્યોતી ‘રસીક’ લઈ જે ચાલ્યાં હતાં, એક વેળા હતી.

♦●♦

એ જ બાકી રહી પ્રથા ઘરમાં,
જુની દુનીયા મળી નવા ઘરમાં..
દીલની દુનીયા વસાવવી પડશે,
મન તો મુંઝાશે એ વીના ઘરમાં..

ખાલી દીવાલથી નહીં ચાલે,
જોઈએ છત ને બારણાં ઘરમાં..

બીજે આરામ એવો ક્યાં મળશે?
જેવો એ મળશે આપણા ઘરમાં..!

દીલને દરીયા સમી ગહનતા દે,
ઘરની વાતોને રાખવા ઘરમાં..

રાખ સમ વાતને હવા દેતા,
આગ લાગી જશે બધા ઘરમાં..

વાટ જોવાનો છે ‘રસીક’ મારી,

વાર લાગી અગર જવા ઘરમાં..

♦●♦

‘રસીક’ મેઘાણી(અમેરીકા)

ઈ–મેઈલ : armeghani@yahoo.com

@

065 : 03-09-2006

# ગધેડો

–ઈન્દ્ર શાહ(અમેરીકા)

અનુક્રમણીકા

આ ગધેડો નસીબદાર છે

એ હમેશાં 'અહીં' અને 'હમણાં'માં જીવે છે.

ગઈ કાલ અને આવતી કાલના

લોલકમાં તે ગતી નથી કરતો.

તે મધ્યમાં જીવે છે બુદ્ધની માફક;

પરંતુ તેને બુદ્ધત્વની ખબર નથી.

જન્મ્યો ત્યારથી તે સંપુર્ણ ગધેડો છે.

'હું ગધેડો થાઉં તો ઘણું',

એવું એ ગાતો નથી.

'હું કોણ છું' તે જાણવા તે ધ્યાન કરતો નથી.

તેને કોઈ ચીંતા નથી, દુ:ખ નથી, સુખ નથી.

આનંદની તેને કંઈ ખબર નથી.

તે સ્થીતપ્રજ્ઞ છે.

તેને કોઈની ઈર્ષ્યા નથી.

તેને કોઈ માયા નથી, મોહ નથી.

અનુકંપા નથી, દયા નથી.

તે ક્યારેય ગુસ્સે નથી થતો.

તે જુઠ્ઠું નથી બોલતો અને

સાચુંય નથી બોલતો.

ગધેડો જે છે તે છે.

તેને ખાલીપા જેવું કંઈ નથી

અને માલીપા જેવુંય કંઈ નથી.

તેને કોઈ ઈચ્છા નથી, અપેક્ષા નથી.

તે ક્યારેય 'બોર' નથી કરતો.

તે પ્રેમ નથી કરતો.

તે ક્યારેય ઉપવાસ નથી કરતો.

તેને સત્યમ્, શીવમ્, સુન્દરમ્ ની

કંઈ ખબર નથી.

તેને 'બ્રહ્મ–બ્રહ્મ'ની કંઈ પડી નથી.

ગધેડાને મારે ગુરુ બનાવવો છે.

♦●♦

## ખાલીપો

ભરચક ભીડ વચ્ચે

ધ્યાનસ્થ બેઠો હોય છે ખાલીપો.

હું કોલાહલથી તેને વ્યર્થ ભરવા મથું છું.

હું જ્યાં જાઉં ત્યાં—

લગ્નમાં, પાર્ટીમાં, સીનેમામાં,

નાટકમાં, સંગીતમાં

પડછાયાની જેમ પીછો કરે છે એ.

ઉંઘમાં પણ એ મને છોડતો નથી

છળી ગયેલા બાળકની માફક

મને વળગીને એ સુઈ જાય છે

મારી પડખે આખી રાત.

ત્રણ કાર ગરાજ અને પાંચ બેડરુમના

ઘરને સંપુર્ણ રીતે તે ભરી દે છે

અને તેને હું અણગમતા અતીથીની

જેમ વીદાય આપવા ઈચ્છું છું;

પણ નવજાત શીશુની માફક

રાતે ન વધે તેટલો દીવસે,

અને દીવસે ન વધે તેટલો રાતે

તે વધે છે, વધે છે, વીસ્તરે છે, વીસ્તરે છે....

અને આખો અવકાશ

તેનાથી ભરાઈ જાય છે

અને પછી તે અજગર બની

મને વીંટળાઈ વળે છે,

મને ભીંસે છે,

હું હવાની જેમ તેને કાપવા મથું છું

શબ્દોની ધારદાર તલવારથી.

ચોતરફ ઉમટ્યું છે

આ ખાલીપાનું પુર–

ગોઠણ સુધી, ગળા સુધી,

માથાનીયે ઉપર

ઘેરી વળ્યું છે મને

અને હું ડુબું છું,

ડુબું છું, ડુબું છું–

–ઈન્દ્ર શાહ(અમેરીકા)

@

066 : 10-09-2006

# ભાષા : પુજ્ય કે પ્રીય?

–હયદરઅલી જીવાણી(અમેરીકા)

અનુક્રમણીકા

આમ તો આવા પ્રોગ્રામમાં અમને જવાનું બહુ મન નહીં થાય; પણ અમારા મીત્ર બેખૌફના આગ્રહથી અમે એ દીવસનો પત્તા રમવાનો કાર્યક્રમ રદ કરી અને માથા દીઠ દસ ડૉલર ખર્ચીને ગુજરાતી સંગતના કાર્યક્રમમાં ગયા. બેખૌફ હમણાં ગુજરાતી સંગતનો નવો મંત્રી બન્યો છે; એટલે કંઈક કામ કરી બતાવવા માટે એણે ભારતથી આવેલા જાણીતા સાહીત્યકાર પ્રૉફેસર રત્નાકર(કે એવું જ કંઈક અઘરું નામ છે) સાથે એક સાંજનો કાર્યક્રમ યોજ્યો અને અમારે ટીકીટ લેવી પડી.

તમે કહેશો કે આવું તે નામ કે તખલ્લુસ હોય? મેં પણ એને આ બાબત પુછી જોયું ત્યારે એણે કહ્યું કે એ જે તખલ્લુસ રાખે તે, બીજો કોઈ શાયર કે અ–શાયર તફડાવી લે તો? એટલે કંટાળીને એણે આવું અળખામણું તખલ્લુસ પસંદ કર્યું જેને તફડાવવાનું કોઈને મન ન થાય.

કાર્યક્રમ સરસ હતો. પ્રૉફેસરે ‘પરદેશમાં આપણી ભાષા’ વીશે દાખલા દલીલોથી ભરપુર પ્રવચન કરીને શ્રોતાઓને–

એટલે અમને બધાને પણ–હળવી શૈલીમાં ગંભીર ઠપકો આપ્યો : ‘‘તમારી માતૃભાષાને, માતા સમી ગુજરાતીને ગુમાવીને તમે શું શું ગુમાવશો એ તમે વીચાર્યું છે?’’ અમે શું શું ગુમાવીશું તેની લાંબી યાદી તેમણે પેશ કરી એ તો મને યાદ નથી. પ્રવચન પછી તેમણે શ્રોતાઓના પ્રશ્નોના જવાબ આપ્યા, એવી રમુજી અને રમતીયાળ શૈલીમાં કે સાંજ કે રાત જે હતી તે, એના બે અઢી કલાક ક્યારે પસાર થઈ ગયા તે ખબર નહીં પડી. અમે ઘરે જઈ રહ્યા હતા ત્યારે મને એકાએક વીચાર આવ્યો કે પ્રૉફેસરે પરદેશ કહ્યો તે એમના માટે કે અમારા માટે; એ તો કોઈએ પ્રૉફેસરને પુછ્યું જ નહીં! હવે પુછવું કોને? વેળા તો વીતી ગઈ!

અહીં સીનીયરોના કાર્યક્રમો યોજાય છે. એમાં ટુચકાકારો. ફીલ્મી ગીતગાયકો અને બીજા પરફોર્મરો(સોરી, પ્રૉફેસર સા’બ!) તેમની કળા બતાવ્યા પછી ઘણી વાર પુછે છે : “આપ લોગોં કો મઝા આયા?” એમ બેખૌફે પણ પુછ્યું, “કેમ, તમને મઝા આવી?” અમને બધાને મઝા આવી હતી એટલે અમે કહ્યું, “હા, આવી.”

પણ મેં ‘અમને બધાને’ કહ્યું એ પોણું સત્ય છે. અમારામાં એક ‘પરેશાન’ પણ છે. અહીં હું એક ખુલાસો કરી લઉં. અમે એક બીજાને તખલ્લુસથી યા કોઈને કોઈ હુલામણા(કે અમેરીકન) નામથી ઓળખીએ છીએ. પરેશાને આ નામ

પોતાના તખલ્લુસ તરીકે પસંદ કર્યું છે કે એના દેખાવ પરથી કોઈએ એ તેને આપ્યું છે એ મને ખબર નથી. પણ એ હમેશાં પરેશાન હોય એવો લાગે છે અને બહુ ઓછું બોલે છે. ક્યારેક બોલે તો પણ એવું, જે ચાલી રહેલી વાતથી વીરુદ્ધ કે વીસંગત લાગે. એટલે અમારામાંથી કોઈ એને(વળી પાછો ઈંગ્લીશમાં બોલું? પ્રૉફેસર સાહેબ માફ કરે..) ‘સ્નબ’ કરીને ચુપ કરી દે છે. અમે એને ‘મુંગાભાઈ’ પણ કહીએ છીએ. આ સંગતના કાર્યક્રમમાં પણ એણે દબાતા અવાજે પુછ્યું હતું, “પણ માતૃભાષા એટલે શું?” હવે આવું કંઈ પુછાતું હશે? સારું થયું કે એ તરફ કોઈએ ધ્યાન દીધું નહીં.

ભલે કોઈએ ધ્યાન ન દીધું હોય; બેખૌફે તો દીધું હતું. એ પછીની અમારી પત્તાંબેઠકમાં એણે આવો સરસ કાર્યક્રમ યોજવા બદલ જશ ખાટ્યો ત્યારે આ વાત પણ છેડી : “ આપણા ‘મુંગાભાઈ’એ તો આપણો ફજેતો કરાવ્યો હોત! કેવો સવાલ પુછ્યો?” એવું ઘણી વાર બનતું હતું કે એને સ્નબ કહીએ કે ઠપકો આપીએ તો એ મનમાં સમસમીને ખામોશ થઈ જતો; પણ આ વખતે કોણ જાણે શું થયું કે એ ઉશ્કેરાઈ ગયો અને મોટે સાદે બોલ્યો, “ફજેતો તો જો તમે મને જવાબ દીધો હોત તો થાત. હું તો હજી પુછું છું કે માતૃભાષા એટલે શું?”

“હવે મુક એ પંચાત, યાર!” મોટાભાઈ બોલ્યા. એ ઉંમરમાં અમારા બધાથી મોટા નહીં હોય; પણ શરીરે ભરાવદાર

છે અને ઘાંટો છે મોટો; એટલે મોટાભાઈ. પરેશાન આવેશમાં હતો. “શા માટે મુકું? વર્ષો થયાં આ સવાલ મારા મનમાં ઘોળાય છે. તમારી પાસે એનો જવાબ નથી; એટલે તમે વાત ટાળવા માગો છો.”

“જવાબ હોય તોય તું થોડો કંઈ સમજવાનો છે?” બેખૌફે કહ્યું, “આજે તું માતૃભાષા વીશે પુછે છે; કાલે વળી પુછશે કે માતા એટલે શું?” “કાલે શું? આજે જ પુછું છું : માતા એટલે શું?”

“શું કીધું?” મોટાભાઈ એને હસી કાઢવા માટે ખડખડાટ હસ્યા. “તું તારી માતાને પણ નથી ઓળખતો?”

“ના,” પરેશાને કહ્યું, “હું નથી ઓળખતો; કેમ કે મેં મારી માતાને કદી જોઈ જ નથી!”

“નથી જોઈ?” કોઈકે કહ્યું. પણ અમે બધા સડક થઈ ગયા!

“ના, નથી જોઈ,” પરેશાને કહ્યું, “મારો જન્મ થયો એના આઠેક દીવસ પછી મારી માતાનું અવસાન થયું. એટલે એ કેવી હતી તે હું જાણતો નથી. એ પ્રૉફેસરે માતૃભાષાને માતા સાથે સરખાવી ત્યારે મારા મનમાં આ પ્રશ્ન ઘોળાતો હતો કે માતૃભાષા એટલે શું?”

આનો શો જવાબ આપવો? એને ચુપ કરવા જતાં અમારે બધાએ ચુપ થઈ જવું પડ્યું! પછી રમતમાં કોઈનું ધ્યાન ચોંટ્યું જ નહીં.

મેં પરેશાનને કહ્યું, “તમારી માતાને તમે જોઈ નહીં હોય એ બરાબર; પણ એની બીજી વસ્તુઓની સાથે એની ભાષા પણ તમને વારસામાં મળી હશે. એ તમારી માતૃભાષા!”

મેં ધાર્યું હતું કે આ જવાબને બધા વધાવી લેશે; પણ પહેલો વાંધો બેખૌફે લીધો (એ પણ દુધમાંથી પોરા કાઢે તે કક્ષાનો વીચારક કે વીવેચક છે). એણે કહ્યું,“ આપણે કેમ કહી શકીએ કે એની માતાની માતૃભાષા ગુજરાતી હશે?”

“એટલે શું?” એક સામટા સવાલો ઉઠ્યા, “તમે શું કહેવા માગો છો?”

“મને એક વાત યાદ આવી,” એણે કહ્યું, “આવી જ ચર્ચા મારા એક ઓળખીતા સાથે થઈ ત્યારે એણે આવો સવાલ ઉઠાવ્યો હતો. એ કહે: ‘મારી માતૃભાષા ગુજરાતી છે એ કબુલ; પણ મારી માતાની માતૃભાષા કઈ? મારાં નાનીમા એને જનમ દીધા પછી ચોથે દીવસે ગુજરી ગયાં.’ એને મારે શું કહેવું જોઈતું હતું? વળી, એણે એમ પણ કહ્યું કે એની નાની કચ્છી બોલતી હતી, ગુજરાતી તો પુરું સમજતી પણ નહોતી.”

“તો શું થયું?” મોટાભાઈ બોલ્યા, “કચ્છી પણ ગુજરાતીની પેટાભાષા નથી?”

"મને ખબર નથી," બેખૌફ બોલ્યો, "કચ્છીને પેટાભાષા કહેવા સામે કદાચ કોઈ કચ્છીપ્રેમી વાંધો લેશે."

"માત્ર એ જ વાત નથી," પરેશાને કહ્યું, "ધારો એ એની નાની કચ્છી નહીં; પણ ઈંગ્લીશ, સ્પેનીશ કે સ્વાહીલી બોલનારી હોય તો? એવા દાખલામાં બાળક ગુજરાતી કુટુંબમાં ઉછરીને ગુજરાતી શીખે તો એની કે એની માતાની માતૃભાષા ગુજરાતી છે એમ કેવી રીતે કહી શકાય?"

આને શું કહેવું? પણ આજે એનો દીવસ હતો.

મેં પરેશાનને પુછ્યું, "તમે ગુજરાતીને નહીં તો કોને તમારી માતૃભાષા લેખો છો?"

"કોઈને નહીં," એણે જવાબ આપ્યો. "હું તો કહું છું કે ભાષાને માતૃત્વ આપવાનો રીવાજ જ ખોટો છે; કેમ કે એ રીતે આપણે એને પુજ્યભાવ આપીને એનો અને આપણો વીકાસ રુંધી નાખીએ છીએ."

"એ હેં હેં!" બેખૌફ બોલી ઉઠ્યો, "એટલે શું? ભાઈસા'બ', તમે ભાષાને શું લેખો છો?"

પરેશાન હવે જોશમાં હતો. પહેલી વાર એને બોલવાની તક મળી હતી. એણે કહ્યું, " ભાષા આપણી કોઈની માતા, નાની કે દાદી નથી; પણ આપણી સૌની સહીયારી સંસ્કાર સંપત્તી છે. હું એને માતૃભાષા તરીકે પુજ્ય ગણતો નથી, સ્વભાષા તરીકે

પ્રીય ગણું છું. મને મારી ભાષા પ્રત્યે ભક્તીભાવ નથી, પ્રેમભાવ છે, મમત્વ છે…"

"અરે ભાઈ, એવું તો ભાષણમાં શોભે," મોટાભાઈ બોલ્યા, "સ્વભાષા કહો કે માતૃભાષા, એથી કયો ફેર પડે છે?"

"ફેર એ," પરેશાને કહ્યું, "કે પુજ્ય વસ્તુને તમારે પુજાના ઉંચા આસને બેસાડી રાખવી પડે. જીવનવ્યવહારમાં પળેપળ જેના સાથ વીના ચાલે જ નહીં એને, આપણી ભાષાને, એ રીતે રુંધી નાખીએ તો એનો અને આપણો વીકાસ ક્યાંથી થઈ શકે? ભાષા તો આપણી સંસ્કારમુડી છે, ધનસંપત્તી કરતાં વધુ કીમતી અને વધુ મહત્ત્વની. એને પુજાના ગોખલામાંથી બહાર કાઢીને આપણી સાથે જીવનના ઘમસાણમાં રગદોળાવા દો…"

"અરે વાહ!' મોટાભાઈ વળી ખડખડ હસ્યા; પણ આ વખતે પરેશાનને ઉતારી પાડવા નહીં, બીરદાવવા માટે. "અરે! આ તો છુપો રુસ્તમ નીકળ્યો! આવું મઝાનું ભાષણ તો ઓલા – પ્રૉફેસરનુંય નહોતું. ભાઈ બેખૌફ, આ પરેશાનનોય એકાદો પ્રોગ્રામ ગોઠવી કાઢોને!"

હયદરઅલી જીવાણી(અમેરીકા)

ઈ–મેઈલ : hjivani@houston.rr.com

@

067 : 17-09-2006

# હમને તો જબ કલીયાં માંગીં..

–રાહુલ શુક્લ(અમેરીકા)

અનુક્રમણીકા

ફીલ્મ 'પ્યાસા'માં ગુરુ દત્ત કવી વીજયનું પાત્ર ભજવે છે અને રહેમાને આપેલી પાર્ટીમાં પોતાની પ્રેમીકા જે હવે રઈસ રહેમાનની બીવી છે, તેને ઉદ્દેશીને સાહીર લુધીયાનવીની લખેલી દર્દભરી કવીતા ગાય છે :

જાને વો કૈસે લોગ થે જીનકે પ્યાર કો પ્યાર મીલા,
હમને તો જબ કલીયાં માંગીં કાંટોં કા હાર મીલા...

તો મને એ ગીત સાંભળીને મનમાં થાય કે એમને કહું કે, 'ભલા આદમી, તમારે કળી જોઈતી હતી તો કાંટા સ્વીકારવા જ શું કામ જોઈએ? ધારો કે તમે એક વસ્તુ લેવા ગયા હો અને ભુલથી ભળતી જ વસ્તુ લઈને આવો, તો પછી જેવી એ વાતની ખબર પડે કે તરત એ વસ્તુ બદલાવવા પાછા જવું જોઈએ. એને બદલે, તમે ચાર, કાગળ અને પેન લઈને દર્દીલી કવીતા લખવા બેસી જાઓ છો!'

અને પ્રેમ સીવાયના કોઈ પણ અનુભવ ઉપર તમે આવી વાત લખો તો લોકો સાહીર લુધીયાનવી પર અને તમારા પર હસે. ધારો કે તમે એમ કહો કે, 'જાને વો કૈસે લોગ

થે જીનકો સુપર માર્કેટ સે ગ્રોસરી મીલી, હમને તો જબ ટમાટર માંગે પથ્થર કી થૈલી મીલી–'

અને ઘરે આવી ગમખ્વાર મોઢે ગ્રોસરીની થેલી પત્નીના હાથમાં આપો. એ કહે, 'આ શું લાવ્યા? આજે ખીચડી કરી છે, સાથે ડુંગળી, ટમેટાંની કચુંબર કરવાની છે. તમને પાથમાર્કમાં ટમેટાં લેવા મોકલ્યા હતા. તેને બદલે તમે પથરાની દસ પાઉન્ડની થેલી લઈને આવી પહોંચ્યા?'

અને તમે કહો, 'પણ આમાં મારો વાંક જ નથી. મેં તો ટમેટાં જ માંગેલાં; પણ એ લોકોએ પાણા આપ્યા.' પછી તમે ઉદાસ અવાજે કહો, 'ન જાણે કેવાં નસીબ હશે એ લોકોનાં, જે ટમેટાં લેવા જાય અને ટમેટાં લઈને આવે!'

આ લેખના લેખકને, ગુરુ દત્ત કે સાહીર લુધીયાનવીને સામે બેસાડીને પ્રશ્ન પુછવાની તક મળી હોત તો એમ પુછત કે :

'આમાં તમે દુનીયાને દોષ દો છો; પણ તમારો પોતાનો કોઈ વાંક ખરો?'

એ કહેશે, 'ના, મેં તો ટમેટાં જ માંગેલાં.'

'પણ સાચા સ્ટોરમાં જ ગયેલા ને? પાથમાર્કને બદલે હોમડેપોમાં તો નહોતા પહોંચી ગયા ને?'

એ કહે, 'બનતાં સુધી તો પાથમાર્કમાં જ ગયેલો.'

પછીનો સવાલ, 'પણ ભાવ પ્રમાણે પુરતા પૈસા આપીને ટમેટાં માંગેલા ને?'

એ કહે, 'ભાઈ, આ પૈસાની લેવડ–દેવડની દુનીયા અમારા કવી–હૃદયને ન સમજાય.'

...ત્રીસ વર્ષ પહેલાં કૉલેજનાં વર્ષો દરમીયાન કનુ ચૌહાણ નામના મારા એક મીત્ર હતા જે 'સલીલ'ના ઉપનામે સુંદર પ્રેમ કવીતા લખતા. આ લેખના લેખક વાર્તાઓ લખતા. સલીલ વાર્તાલેખકને અવ્યવહારુ સમજતો, હું કવીઓને અવ્યવહારુ સમજતો. ઉંડે ઉંડે અમને બન્નેને ખબર હતી કે અમે બન્ને સાચા હતા.

સલીલનાં પ્રેમ કાવ્યો, એમના ઘરથી ત્રણ ઘર મુકીને રહેતી શોભના પર લખાતાં હતાં. એક વાર સલીલે શોભના પર લખેલી કવીતા મને બતાવી.

પ્રીયે, તું યાદ આવે છે,
હૃદય આંધી મચાવે છે.

મને થયું, કવીતા લખવાને બદલે ભલા જોરથી બુમ પાડશો તોય શોભના સાંભળી શકશે. એક વાર શોભના ચાર દીવસ માટે મુંબઈ ગઈ હતી તો સલીલે કવીતા કરી :

તારા વગર
પુરું નગર
સુમસામ લાગે છે.

શોભનાને એ અવારનવાર મળતા; પણ કોઈ વાર ફોડ પાડીને વાત ન કરી શકે. મેં કહ્યું, ‘યાર, ચોખ્ખેચોખ્ખું પુછી લો ને કે : મારી સાથે જીન્દગી ગુજારવી છે? મારાં બાળકોની મા બનવું છે?’

સલીલ કહે, ‘એવું પુછીને હું મારા પ્રેમને સસ્તો બનાવવા નથી માંગતો. પણ જુઓ, આ કવીતા લખી છે :

‘તું હા કહેશે કે ના કહેશે
એના મીઠા વીસ્મયમાં ડુબેલો હું...’

પછી જ્યારે શોભનાનાં લગ્ન વડોદરામાં કોઈ ફેક્ટરીના માલીકના દીકરા શ્રીકાન્ત જોડે નક્કી થયાં તો સલીલે કવીતા લખી:

તારા જીવનમાં ગુલાબી સવારો,
મારા નસીબે ડુબેલી સાંજ,
ડુબેલો સુરજ, તુટેલો સીતારો..

મેં કહ્યું, ‘સલીલ, આમ તમારો ઉદ્ધાર નહીં થાય. શોભનાને જઈને કહો કે બોલબેરીંગ બનાવતી ફેક્ટરીના માલીક જેવા કેટલાય છોકરા મળી જશે; પણ મારા જેવો દીલદાર માણસ, જે તને સ્વર્ગની પરી માને છે, તેવો ક્યાંય નહીં મળે. ચાલ, રાતની ટ્રેનમાં નાસી જઈ આવતી કાલે મુંબઈમાં રજીસ્ટર્ડ લગ્ન કરી લઈએ.’

સલીલ કહે, 'ના, મારાથી શોભનાના સુખની આડે ન અવાય.' પછી કહે, 'મારી તો જીન્દગી બરબાદ થઈ ગઈ.'

…

હીમાલય કી ગોદમેં ફીલ્મમાં માલા સીન્હા કારમી વેદનાથી ગાય છે:

એક તુ ના મીલા

સારી દુનીયા મીલે ભી તો ક્યા હૈ…

તો મારા વ્યવહારુ જીવડાને થાય, ભલા આવડી મોટી દુનીયામાં માત્ર એક જ વ્યક્તીના હાથમાં તમારા સુખનો દોર અપાતો હશે? દુનીયામાં કુલ છ અબજ માણસો છે, ત્રણ અબજ પુરુષો અને ત્રણ અબજ સ્ત્રીઓ. તો એ ત્રણ અબજ સ્ત્રીઓમાંથી ફક્ત એક જ વ્યક્તી આપણને સુખ આપી શકે? આવી વાત પ્રેમ સીવાયના બીજા કોઈ સંદર્ભમાં કરીએ તો લોકો આપણને મુરખ જ કહે.

મારી સામે ત્રણ અબજ સફરજન પડ્યાં છે; પણ મારે જે ખાવું હતું તે બીજું કોઈ ખાઈ ગયું…

ધારો કે આપણે બરમ્યુડા વેકેશનમાં જવું હોય; પણ ટ્રાવેલ એજન્ટ કહે કે, 'બે મહીના સુધી બધી હૉટલો બુક છે; એટલે કહો તો બહામાની ફ્લાઈટ બુક કરી દઉં.' અને આપણે કહીએ, 'કરો.' પણ પછી બહામા પહોંચીને મંદાક્રાન્તામાં કાવ્ય રચીએ કે :

સાંભળ્યું છે કે બરમ્યુડાના દરીયા કેરું,
પાણી છે બીલોરી કાચ જેવું;
કીન્તુ મારા ફુટેલ નસીબે,
લીખીત નક્કી હશે બહામા?

અથવા ફીલ્મી સુરમાં ગાયન ગાઈએ કે :

એક બરમ્યુડા ના મીલા
સારે કરેબીયન્સ આયલેન્ડ્ઝ
મીલેં ભી તો ક્યા હૈ!

તો બરમ્યુડાના શોકમાં બહામાની મઝા પણ ન લઈ શકીએ!

સલીલે છેલ્લાં ત્રીસ વર્ષમાં ચાર સુંદર કાવ્યસંગ્રહો પ્રગટ કર્યાં છે અને પોતાની કળા દ્વારા હજારો વાચકોની જીન્દગી વધુ રસીક બનાવી છે. એની વેદનાને ગુંથીને એણે બીજા સૌને એક અનુપમ ભેટ આપી; પણ એમ કરવામાં સલીલે સામે મોજુદ દરીયાને માણવાનું જાણીબુઝીને આખી જીન્દગી માટે જતું કર્યું.

ગીતામાં આવે છે–જો કે મેં પોતે ગીતા વાંચી નથી; ગીતા વાંચવાનો દાવો કરનારા મારા મીત્રો છે, એમાંના એકે કહેલું કે ફીલ્મ ‘ગાઈડ’ના અંત વખતે દેવાનંદ જે સંવાદો બોલે છે તે સંવાદલેખક વીજય આનંદે સીધા ગીતામાંથી

લીધા છે. અને એ રીતે ગીતામાં આવે છે (સંવાદ હીન્દીમાં હતા) કે :

જીન્દગી ભી એક ખયાલ હૈ,

જૈસે મૌત ભી એક ખયાલ હૈ..

આમ, આપણી નજર સામે ચાલી રહ્યું છે તે બધું એક ભ્રમ છે, આ દુનીયા ખુદ ભ્રમ છે.

નીન્ટેન્ડોની ગેઈમમાં પાત્રો મલ્લકુસ્તી કરતાં હોય છે. કોઈ પાત્રો રેઈસ કરતાં હોય છે, કે ખજાનાની શોધમાં હોય છે. એ પાત્રોને લાગતું હશે કે ટીવીના સ્ક્રીન પર ચાલી રહેલું સ્ટીમ્યુલેશન તે હકીકત છે. એ પાત્રોને ખબર જ નથી કે જે દુનીયાને તે હકીકત ગણે છે એ દુનીયા અસ્તીત્વમાં જ નથી!

આપણી પોતાની સાચુકલી લાગતી દુનીયામાં એક હજાર વર્ષ પછી આપણા અત્યારના અસ્તીત્વની કોઈ નાનામાં નાની નીશાની પણ નહીં રહી હોય. જાણે કે આપણે જનમ્યા જ નહોતા અને જીવ્યા જ નહોતા.

અને આમ ગીતામાં કહ્યું છે તેમ જીવન એક ભ્રમ છે અને મૃત્યુ એય ભ્રમ છે. બહામા અને બરમ્યુડા એય ભ્રમ છે. પહેલાં સલીલના ઘર પાસે રહેતી હતી અને હાલ કમાટી બાગ પાસે રહે છે અને જેની મોટી બેબીને ત્યાં એક બાબો અને બેબી છે, તે શોભના પણ એક ભ્રમ જ છે. નોકરીમાં મળતાં

પ્રમોશન ભ્રમ છે. રહીએ છીએ તે ઘર પણ ભ્રમ છે. અને ચલાવીએ છીએ તે કાર પણ ભ્રમ જ છે.

અને કળી જોઈતી હોય ત્યારે કાંટા મળી જાય તો એની પર કવીતા લખવી નીરર્થક છે કેમ કે કળી એય ભ્રમ છે અને કાંટા એય ભ્રમ છે.

–રાહુલ શુક્લ(અમેરીકા)

ઈ–મેઈલ : Rahul@shuklausa.com

@

068 : 24-09-2006

# કાવ્યકુસુમો

–પન્ના નાયક(અમેરીકા)

અનુક્રમણીકા

## તોય..

કુંવારકા હતી

ત્યારે

માની આજ્ઞા માથે ચડાવી

મેંદીરંગ્યા હાથે

ગૌરીવ્રત કરેલું

અને

આંગણાના તરસ્યા તુલસીછોડને

રોજ પાણી સીંચી,

એની પ્રદક્ષીણા ફરી,

પગે લાગી

ઈપ્સીત વર માગેલો...

તોય

બેડરુમમાં આગ કેમ લાગી?

♦●♦

## સ્ત્રી–સ્વાતંત્ર્ય

બે પગમાંથી

કયો પગ

ઉકળતા પાણીમાં મુકવો

અને કયો

બરફના ચોસલામાં

એનો

સ્વતંત્ર નીર્ણય લેવા

અપાયેલો અધીકાર

એટલે

સ્ત્રી–સ્વાતંત્ર્ય.

♦●♦

અંગત મૃત્યુ–

થતી એની જાહેર

સ્મશાનયાત્રા.

♦●♦

કુંડે સુકાતી

તુલસી, શોધ્યા કરે

બાનાં પગલાં.

♦●♦

## મંજુર નથી

કોઈની બુદ્ધીના પાંજરામાં લાગણીનું પંખી થઈ,
ટહુક્યા કરવાનું મને મંજુર નથી;
કોઈ પ્રેમને નામે મને ડંખ્યા કરે,
અને ઈચ્છા મુજબ મને ઝંખ્યા કરે;
જે બોલે તે બોલવાનું ને નાગ જેમ ડોલવાનું,
મને આવું અઢેલવાનું મંજુર નથી.
પોતાની આંખ હોય પોતાની પાંખ હોય,
પોતાનું આભ હોય પોતાનું ગીત હોય,
મનની માલીક હું મારે તે બીક શી?
હું તો મૌલીક છું,
‘હા’માં ‘હા’ કહીને ને ઠીકઠીક રહીને,
મને ઠીકઠીક રહેવાનું મંજુર નથી.
માપસર બોલવાનું, માપસર ચાલવાનું,
માપસર પહેરવાનું, માપસર પોઢવાનું,
માપસર ઓઢવાનું,
માપસર હળવાનું, માપસર ભળવાનું,
આવું હળવાનું, ભળવાનું, માપસર ઓગળવાનું
મને આવું પીગળવાનું મંજુર નથી.
કોઈની બુદ્ધીના પાંજરામાં લાગણીનું પંખી થઈ,
ટહુક્યા કરવાનું મને મંજુર નથી.

♦●♦

આગને ઠારે
જળ, કોણ ઠારતું
જળની આગ?

♦●♦

ઉપડે ટ્રેન–
ફરફરી ના શકે
ભીનો રુમાલ.

♦●♦

સપને મળો
તો નહીં વગોવાય
પ્રેમ આપણો.

♦●♦

કુંડે સુકાતી
તુલસી, શોધ્યા કરે
બાનાં પગલાં.

♦●♦

## કોણ કહે છે?

મેં વર્ષોથી ભારત છોડી દીધું છે.

ન્યુયોર્કના

શીતલ એરપોર્ટ પર

પરદેશી પોષાકમાં

કોઈનું ધ્યાન ન દોરી શકતી હું

મસાલાને બદલે

લીંબુના રસવાળી ચાની મઝા

માણી શકું છું.

મારા પાસપોર્ટના ભારતીય ચહેરા પર

અમેરીકન આંગળાંઓ

અને અમેરીકન સીક્કાઓની છાપ

ક્યારની પડી ચુકી છે.

તું હવે આવવો જ જોઈએ–ના

ખ્યાલમાં

‘ન્યુયોર્ક ટાઈમ્સ’ ઉથલાવું છું

ટેવ મુજબ

નજર ખોડાઈ જાય છે

ભારતીય સમાચારને પાને...

આંખો અહેવાલ વાંચે છે ત્યારે

મન

મુગ્ધા બનીને

અંધેરીના પરીચીત ઘરમાં વીહરી આવે છે.

અને પછી

અમેરીકાના

અને બીજા આંતરરાષ્ટ્રીય સમાચારમાંય જાણે

શોધું છું કેવળ ભારતને...

કોણ કહે છે

મેં વર્ષોથી ભારત છોડી દીધું છે?

♦●♦

## હવે

લ્યો,

વરસાદે

હમણાં જ

રસ્તાઓ ધોઈને ચોખ્ખા કર્યા

ચાંદનીનાં ચરણ હવે મેલાં નહીં થાય...1

♦●♦

## કુર્માવતાર

અહીં અમેરીકામાં

નીવૃત્ત થયેલી

વૃદ્ધ થતી જતી વ્યક્તીઓની આંખમાં

એક જ પ્રશ્ન ડોકાયા કરે છે :

—હવે શું?

ભારત જઈ શકાય એમ નથી

અમેરીકા રહી શકાય એમ નથી

સંતાનો તો ઉડીને સ્થીર થઈ ગયાં

પોતપોતાના માળામાં.

અમે બધાં

‘સીટી’ વીનાના

સીનીયર ‘સીટી’ઝન.

અમે છાપાં વાંચીએ

—પણ કેટલાં?

અમે ટેલીવીઝન જોઈએ

—પણ કેટલું? ક્યાં લગી?

સ્થીર થઈ ગયેલો સમય

અસ્થીર કરી મુકે છે અમને

—અમારા મનને.

સસલાં અને ખીસકોલીની જેમ

દોડતો સમય

અચાનક કાચબો થઈ જાય

ત્યારે…

એ અવતારને શું કહેવાય?

♦●♦

## બધી વાત

મારી કવીતામાં

પન્નાને શોધતા

હે વાચકો!

ઘુઘવાટા કરતાં એનાં કાવ્યોમાં

તો મળશે

છુટાંછવાયાં મોજાં જેવી

માત્ર

ટાંચણપોથી.

જીવનની બધી વાત

કવીતા

નથી કહી શકતી.

♦●♦

## શોધું છું..

હું

ના હતી ત્યારે

મારાં બા

મારા વાળ ઓળતાં.

હાથમાં અરીસો આપીને

એમની આગળ પલાંઠી વળાવીને બેસાડતાં.

છુટ્ટા વાળમાં

એ ઘસીઘસીને

ઘરે બનાવેલું બ્રાહ્મીનું તેલ નાંખતાં.

કાંસકાથી ગુંચ કાઢી

વીરાટ વનની પગથી જેવી

સેંથી પાડતાં

....ને....પછી

લાંબા ભમ્મરીયા કાળા વાળને

બે લટોમાં ગુંથી લઈ

રંગીન રીબન.....કે

ચાંદીનાં ધુઘરીયાળાં ફુમતાંથી શોભાવતાં.

વાળ ઓળાઈ જાય...એટલે

મને એમની સામે બેસાડતાં

ને તપાસતાં

કે વાળ બરાબર ઓળાયા છે કે નહીં 1

મને પુછતાં : ‘ગમ્યાં ને?’

હું મરકમરક હસતી.

કેટલીય વાર

વહાલના આવેશમાં આવી જઈ

સરસ ઓળેલા વાળમાં

એમનો હાથ ફેરવીફેરવી

એને અસ્તવ્યસ્ત કરી દેતાં.

હું

થોડો ખોટો

થોડો સાચો

ગુસ્સો કરતી.

આજે……મારા વાળ સાવ ટુંકા છે,

તેલ વીનાના સુક્કા, બરછટ છે;

ઓળ્યા વીનાના અસ્તવ્યસ્ત ઉડે છે.

નપુંસક ગુસ્સાથી પીડાતી હું…

શોધું છું….બા….બાનો હાથ….બા….

## પાગલ થઈ ગઈ..

હું તો તારી તે પ્રીતમાં પાગલ થઈ ગઈ,

એવી પાગલ થઈ ગઈ,

હું તો ધરતીની ધુળ જાણે વાદળ થઈ ગઈ,

હું તો તારી તે પ્રીતમાં પાગલ થઈ ગઈ.

હું તો કંઈ પણ નથી ને મને ફુલ ફુટ્યાં,

હું તો બ્હાવરી : મેં કંઈ તારાં ગીત ઘુંટ્યાં;

તારી સાથેની મારી પળપળની વાત,

મારી કોરી આંખોનું કાજળ થઈ ગઈ;

હું તો તારી તે પ્રીતમાં પાગલ થઈ ગઈ.

હું તો આંખો મીંચીને ગીત સાંભળ્યા કરું,

મારી છાની આ લાગણી પંપાળ્યા કરું;

કેવાં આ લાભશુભ : ઓચીંતા એક દીવસ,

હું તો કંકોતરીનો કાગળ થઈ ગઈ:

હું તો તારી તે પ્રીતમાં પાગલ થઈ ગઈ.

♦●♦

## એક સવાલ પુછું?

મનુષ્ય એકાકી ન હોય તો—

એવું બને ખરું

કે

પતંગીયાં વધારે રંગીન લાગે

ઘાસ વધારે લીલું લાગે

ને

વરસાદ વધારે ભીનો લાગે, વહાલો લાગે?

♦●♦

## શું કહેવાય?

સવારને સવાર કહેવાય

ફુલને ફુલ કહેવાય

પણ

તારી હાજરીમાં

ચૈતરની ચાંદની રાતની

આહ્લાદક અનુભુતી જેવું

મને જે મળે છે

એને શું કહેવાય?

–પન્ના નાયક(અમેરીકા)

ઈ–મેઈલ : naik19104@yahoo.com

@

069 : 01-10-2006

ગ્રેટ મેન્સ બુક

# ગાંધીજીની આત્મકથા

ત્રણ પ્રસંગો

–હંસા જાની(અમેરીકા)

અનુક્રમણીકા

(ઓક્ટોબર ૧૯૯૯માં ન્યુયોર્ક 'ગુજરાત ટાઈમ્સે' યોજેલી એક હરીફાઈમાં આ 'અનુભવકથા'ને ઈનામ મળ્યુ. પછી તો આ લેખ 'ઓપીનીયન', 'ભુમીપુત્ર', 'ઉદ્ગાર', 'અખંડ આનંદ' વગેરે સામયીકોમાં તથા 'મૈત્રી'માં હીન્દીમાં અને 'સાઉથ આફ્રીકા'માં અંગ્રેજીમાં છપાયો. મહેન્દ્ર મેઘાણી સંપાદીત 'અરધી સદીની વાચનયાત્રા'ના આગામી નવા ભાગમાં પ્રકાશીત થવા તે પસંદગી પામ્યો છે. અહીં તે લેખ ટુંકાવીને સાભાર..ઉત્તમ ગજ્જર..)

મારા જીવનમાં ત્રણ પ્રસંગો એવા બનેલા જેમાં ગાંધીજીની આત્મકથા પુસ્તકની ચમત્કારીક અસર જોઈ શકાય.

૧૯૭૧માં મારી અઢી વરસની દીકરી આશીનીને લઈને હું અમેરીકા આવી. મારા પતી હરનીશ વહેલા આવી ગયા હતા અને માંસાહાર લેતા થઈ ગયા હતા. પહેલે જ દીવસે એમણે મને શાંતીથી સમજાવ્યું કે, 'મને નોનવેજ ફુડ ભાવે અને ફાવે

છે. તું પણ એ ખાઈ શકે છે. ના ખાવું હોય તો શાકાહારી રહી શકે છે. પરંતુ આપણી દીકરી આશીનીને હું નોનવેજ પૌષ્ટીક ખોરાક ખવડાવવામાં માનું છું.' મેં આ વાતમાં કશો જ વાંધો ન લીધો અને તેમણે તો પહેલા જ દીવસથી આશીની માટે સ્ક્રેમ્બલ્ડ એગ્ઝ અને બ્રેડના બ્રેકફાસ્ટથી શરુઆત કરી દીધી! પછીથી કોઈ પણ જાતના મનદુ:ખ કે વીરોધ વીના તે બન્નેને ભાવે તેવી રસોઈ હું બનાવતી થઈ ગઈ.

આશીની કૉલેજનાં ચાર વર્ષ પુરાં કરી ગ્રેજ્યુએટ થઈ અને એનાં લગ્નની વાતો શરુ થઈ. એક દીવસ એક મુરતીયાની મમ્મી જોડે હું ટેલીફોન પર વાતો કરતી હતી. આશીની સાંભળતી હતી. તે બહેને મને પુછ્યું, 'તમારી દીકરી નોનવેજ ખાય છે?' મેં કહ્યું, 'અમે વેજીટેરીયન છીએ; પણ આશીનીને મીટ ખાવા મળે તો મોં મચકોડતી નથી.' આમ કહેતાં મને પોતાને ખરાબ લાગ્યું; કારણ કે હું જાણતી હતી કે હું જુઠું બોલતી હતી. આશીની કહે, 'મમ્મી, નોનવેજ ખાતાં હોય તેવા ઘરમાં જ તું મને પરણાવજે કે જેથી પ્રોબ્લેમ નહીં થાય.' પછી તે બહેન જોડે મેં લગ્નની વાત આગળ નહીં વધારી.

આ પ્રસંગને બે–ત્રણ વર્ષ વીતી ગયાં હશે. એક દીવસ સાંજે આશીની આવીને મને કહે, 'મમ્મી, હવે તું ગ્રોસરી લેવા જાય ત્યારે તું મારા માટે મીટ, ચીકન નહીં લાવતી.' મેં પુછ્યું, 'કેમ બેટા? કેમ ના પાડે છે? શું થયું તને?' તે હસી પડી અને

કહે, ‘આ બુક વાંચીને હું પ્રભાવીત થઈ છું. મેં પણ ભગવાનને પ્રૉમીસ આપી દીધું છે કે હવેથી હું જીવહીંસા કરવી પડે એવું ફુડ નહીં ખાઉં.’ મેં પુછ્યું, ‘કઈ ચોપડી?’ મારે સમજવું હતું કે કયા પુસ્તકે આવડો ધક્કો આપ્યો હશે કે જે વર્ષોની ટેવને ઘડીના છઠ્ઠાભાગમાં તીલાંજલી અપાવી શકે! આશીની બોલી, 'An Autobiography of M. K. Gandhi.'

મારી આંખમાં ઝળઝળીયાં આવી ગયાં. હું તેને બાઝી પડી. મને થયું: દીકરીએ ‘ગાંધીજીની આત્મકથા’ વાંચવા ખાતર નથી વાંચી, જીવનમાં પણ કંઈક ઉતાર્યું છે. કવી પ્રદીપજીની પંક્તી મારા મનમાં ગુંજવા લાગી: ‘સાબરમતી કે સંત તુને કર દીયા કમાલ!’

મને લાગે છે કે મારા પીતા ગણપતીશંકર વ્યાસ મુળે રાજપીપળાના વકીલ; પણ તનમનથી ગાંધી રંગે રંગાયેલા. તે વેળાના રાજાએ રાજપીપળા સ્ટેટમાં, તેમની વકીલાતની સનદ ઝુંટવી લીધી. પણ તે અડગ મનના માનવી શેના ઝુકે! તેથી પછી તે અમદાવાદ આવ્યા. મારા અને મારાં સંતાનો સુધી એ સંસ્કાર વીસ્તરતા જોઈ કઈ દીકરી રાજી ન થાય!

♦●♦

૧૯૯૭માં અમે અમારા દીકરા સંદીપને જનોઈ આપવાનો પ્રસંગ અમેરીકામાં યોજ્યો. તેની કંકોતરી ભારતમાં

છપાવી. એનું કદ ૫ ઈંચ બાય ૮ ઈંચનું હતું. પોસ્ટવાળાનું તમામ કામ કમ્પ્યુટર મારફત થતું હોઈ, તેમને આ કદમાપથી પ્રોબ્લેમ થશે એમ સૌ કોઈ કહેતું.

કંકોતરીઓ લઈ હું તો પોસ્ટ ઓફીસે જ પહોંચી ગઈ. કાઉન્ટર પર થોકડો આપ્યો. અને કહ્યું કે આ ઈન્વીટેશન કાર્ડ છે. તો તે કહે, 'પોસ્ટખાતું આ મોકલી નહીં શકે.' પછી તેણે તેનાં તમામ કારણો ગણી બતાવ્યાં. હું ખુબ નીરાશ થઈ. મેં તેને કહ્યું, 'May I talk to your supervisor or officer?' તે તેના બૉસને બોલાવી લાવી. તે અમેરીકન ગોરો હતો. આવતાં જ તેણે પુછ્યું, 'Hello, young lady! May I help you?' મેં કહ્યું, 'Yes Sir, I need your kind help.' મેં તેને મારા દીકરાના જનોઈ પ્રસંગની ઉપરછલ્લી સમજણ આપી. એ પ્રસંગની આ નીમંત્રણ–પત્રીકા છે તેમ જણાવ્યું. તે ભારતમાં છપાઈ છે અને હવે અહીંથી તે મોકલવાની છે. મૅનેજરે તે કાર્ડ હાથમાં લીધું, આમતેમ ફેરવીને ચકાસ્યું અને મને કહે, 'Lady! You are from India. That means Mahatma Gandhi's country. He was a gentleman. He did good work for humankind. We can't do this work by machine; but I will do this work by myself, manually. It will take one and a half hour. I think I am doing this work for that great man, Gandhi. Do you know that I have read his autobiography twice, so far? I have bought that book for my home library too. We can learn from his life.' તેની વાતથી મને ભારે નવાઈ લાગી અને ખુશી

ઉપજી. હું તો તેનો હાથ ઝાલી તેનો આભાર માનતી જ રહી. તેણે મને ચીંતા ન કરવા જણાવ્યું. ઘરે જતાં મેં વીચાર્યું : હાશ! મારું કામ પતી ગયું. મારા વાક્ચાતુર્યથી કામ થઈ ગયું. કાર ચલાવતાં વળી મન વીચારે ચડ્યું ત્યારે સમજાયું કે મારા વાક્ચાતુર્યથી કે હોશીયારીથી નહીં; આ કામ તો ગાંધીજીના નામે પાર પડ્યું હતું. અને પેલી પંક્તી ફરી મનમાં ગુંજવા લાગી: ‘સાબરમતી કે સંત તુને કર દીયા કમાલ!’

♦●♦

૧૯૯૯ના પાંચેક મહીના મને ન્યુ જર્સી ઈન્કમટૅક્સ ઓફીસમાં કામ કરવાની તક મળી. ત્યાં પહેલે જ દીવસે જોયું તો સૌથી વધારે આફ્રીકન અમેરીકન લોકો ચોપાસ હતા. તે લોકો મોટે મોટેથી બોલ્યા કરે અને વળી ગંદી ગાળો બોલે. મેં મારા સુપરવાઈઝરને વાત કરી. તે કહે, ‘અમે તેમને કંઈ જ ન કહી શકીએ.’ મને થયું કે જોબ છોડી દઉં. પણ પછી મેં બીજા વીભાગમાં જવાની રજા માંગી અને હું નવા વીભાગમાં બેઠી. તો ત્યાંય લોકો તો એના એ જ, એવી જ ઘાંટાઘાંટ અને એવી જ ગંદી ગાળો! મનમાં થાય કે આ લોકોને જઈને કહી દઉં કે આવી ગંદી ગાળો બોલવાનું તો બંધ કરો! પણ હીંમત નહીં ચાલી. હું તો ચુપચાપ કામ કર્યા કરતી. પણ પછી મને સમજાયું કે એ

www.gujaratilexicon.com

લોકોને પણ મારી જોડે વાતો તો કરવી જ છે. તેઓ તો મને વીદેશી ગણીને મારા પર છાપ પાડવા માંગતા હતા. એક દીવસ મને વાતાવરણ કંઈક શાંત જણાયું. હું તેમના ટેબલ પાસે ગઈ. મેં મારું નામ જણાવી પરીચય આપ્યો ને કહ્યું, 'હું ઈન્ડીયાથી આવું છું.' મેં સૌ જોડે પ્રેમથી હાથ મીલાવ્યા.

એવામાં એક છોકરાએ પુછ્યું, 'ઈન્ડીયા ક્યાં આવ્યું? તું અહીં કેવી રીતે આવી? ઈન્ડીયામાં કઈ લેંગ્વેજ બોલાય? તું ઈંગ્લીશ કેવી રીતે શીખી?' આવા તો ઘણા સવાલ–જવાબોની આપલે થઈ. પછીથી ધીરેથી મેં કહ્યું, 'તમે લોકો ગાળો બોલો અને ખરાબ ભાષા વાપરો છો એ સારું કલ્ચર તો ન જ કહેવાય. વાતોના વીષયો તો ઘણા છે. બીજી છોકરીઓ પણ તમારી જોડે વાતચીતમાં જોડાતાં ખંચકાય છે.' તેવામાં, કૉલેજમાં એક વરસ ગાળેલું તેવો ચેડ નામનો એક અશ્વેત યુવાન વચ્ચે ટપકી પડ્યો. તેણે મને ગાંધીજી વીશેની તુટીફુટી વાતો કરી. મેં તેને કહ્યું, 'ગાંધીજીએ લખેલી ઓટોબાયોગ્રાફી તેં વાંચી છે? એ મહાન માણસ વીશે એમાંથી તને વધારે માહીતી મળશે.'

બીજે દીવસે મેં તેને An Autobiography of M.K.Gandhi આપી. પણ પછી તે ત્રણ દીવસ સુધી દેખાયો જ નહીં. ખબર પડી કે ચેડ તો નોકરી છોડીને ગયો! પંદરેક દીવસ પછી જોઉં તો ઓફીસના પાર્કીંગમાં એક આફ્રીકન અમેરીકન દંપતી બાળક સાથે ઉભેલું. પુરુષે સરસ સુટ–ટાઈ

અને સ્ત્રીએ સરસ ટી–શર્ટ અને સ્કર્ટ પહેરેલાં. મને થયું કોઈ હશે. તેવામાં તે પુરુષે નજીક આવી કહ્યું, ‘હંસા, ગુડ મોર્નીંગ! તું મને ભુલી ગઈ? હું ચેડ છું.’ હવે ક્યાં દાઢી કર્યા વગરનો ઉંધી ટોપીવાળો લઘરવઘર ચેડ ને ક્યાં આ? ખુશી થઈ. તેણે તેની પત્નીનો અને બે વરસની દીકરીનો પરીચય આપ્યો અને કહે, ‘હંસા, તારી બુક પરત કરવા મારાથી ન અવાયું તે બદલ માફી માગું; પણ એ બુક માટે હું તમારો ઋણી છું. લો, મારી મેરીયન જ હવે તને વાત કહેશે.’

મેરીયન કહે, ‘હંસા, તને અમારી વાત જણાવવી છે. ચેડ બહુ ઢીંચતો. મને મારઝુડ કરતો. ઘરમાં દુધના પૈસા નહીં ને એ બહુ દારુ પીએ. અમારો સંસાર તુટી પડવાની તૈયારીમાં હતો ને તેં ચોપડી આપી. ત્રણ દીવસે આવી મને ચેડ કહે: ‘આ મહાન માણસની ચોપડીના સોગંદ ખાઈ તને કહું કે હવે ન તો હું દારુ પીશ કે ન તો તને મારીશ. જો, તારે માટે આ ગુલાબનો બુકે લાવ્યો છું.’ મારાં આ પહેરેલાં કપડાં જીન્દગીમાં પહેલી વાર એ લાવ્યો. હંસા, હવે અમારી લાઈફસ્ટાઈલ સાવ બદલાઈ ગઈ. હંસા, થેન્ક યુ સો મચ.’ એટલું કહી તે મને વહાલથી વળગી પડી. અને આત્મકથા મને પાછી આપી.

ચેડ કહે, ‘હંસા, એક સારા સમાચાર કહું? મને ‘એટી એન્ડ ટી’માં સરસ નોકરી મળી ગઈ છે.’ છુટા પડતાં મેં બંનેને આલીંગન આપ્યાં. ખુશીનો તો પાર નહીં!

પાછળ ફરી જોયું તો હાથમાં હાથ ભીડી બંને ચાલતાં હતાં. ફરી મનોમન મેં ગાંધીજીને વંદન કર્યાં અને ફરી પેલી ગીતની પંક્તી મનમાં ગુંજવા લાગી : ‘સાબરમતી કે સંત તુને કર દીયા કમાલ!’ બાપુજીએ કહ્યું જ છે કે: 'Gentle way you can shake the world.'

–હંસા જાની

ઈ–મેઈલ સમ્પર્ક : harnishjani5@gmail.com

@

070 : 08-10-2006

# ઋણાનુબંધ

–પ્રવીણ પટેલ ‘શશી’(અમેરીકા)

અનુક્રમણીકા

અમે સાન્ફ્રાન્સીસ્કો ગયાં હતાં. મારા જુના મીત્ર વીનોદ ખરસાણીના આગ્રહથી અમે એક રાત માટે એના મહેમાન બન્યાં. વીનોદના મોટાભાઈ મુકુંદ પહેલા આવેલા અને એક અમેરીકન બાઈને પરણેલા. મુકુંદે પછી વીનોદને બોલાવ્યો અને એ મુંબઈથી વીણાને જીવનસાથી બનાવી લાવેલો.

વીણાનાં મમ્મી દમયંતીબહેન શેઠ મુંબઈમાં ચંદા રામજી ગર્લ્સ હાઈ સ્કુલમાં હેડ મીસ્ટ્રેસ હતાં. વીણાના પપ્પા જયમતરામ શેરબજારમાં દલાલી કરતા. બંને વીનોદને ત્યાં હતાં. અમે જોયું, જયમતરામમાં ઝાઝો ફેર પડ્યો નહોતો, વાળ થોડા સફેદ થયા હતા ને ચહેરો થોડો લેવાયો હતો.

‘કેમ છો, પપ્પા?’

‘સારું છે. તમારા દેશમાં આવી ગયાં છીએ.’

‘મમ્મી બહાર ગયાં છે? દેખાતાં નથી!’

‘બહાર ક્યાં જવાનાં? આ સામે સોફામાં તો ગોઠવાયાં છે! ના ઓળખ્યાં?’

હું તો ચકાચૌંધ!

ક્યાં પેલાં થોડાં સ્થુળ, તેલ નાંખી તાણીને અંબોડો વાળતાં, જાડા કાચનાં ચશ્માં પહેરતાં, પ્લેઈન લુઝ ખાદી સીલ્કનાં સાડી–બ્લાઉઝ પહેરતાં, કશાય મેક અપ વીનાનાં ગંભીર ચહેરાવાળાં પંદર વર્ષ પહેલાંનાં દમયંતીબહેન અને ક્યાં આ સામે સોફે ગોઠવાયેલાં શીફોન સાડીસજ્જ, સઘળા મેકઅપથી લથબથ, ચશ્માં વીનાનાં, શોલ્ડર કટ વાળવાળાં, પાતળાં મેઈનટેઈન્ડ બૉડીવાળાં, વૉકમૅન સાંભળતાં દમયંતીબહેન!

આશ્ચર્ય શમતાં હું એમને પગે પડ્યો.

‘પાયે લાગું મમ્મીજી. સોરી, તમને ના ઓળખ્યાં.’

‘મને હવે મમ્મી કહેશો નહીં, વધેલી ઉંમરનો એ ભાસ કરાવે છે. બહેન કહેજો, તે મને ગમશે.’ દમયંતીબહેને ફરમાવ્યું.

‘ઘરડી ઘોડી ને લાલ લગામ તે આનું નામ.’ જયમતરામે ડબકો મુક્યો.

‘તમને વચ્ચે કોણે બોલાવ્યા હતા? તમતમારે છાપું વાંચ્યા કરો, બધે ડાફાં મારવાની આદત જતી જ નથી!’

‘બહેન, તમે કેવાં હતાં ને કેવાં થઈ ગયાં!’

‘તે વખતે પ્રભાતફેરી કઢાવતી, રેંટીયા પર સુતર કાંતતી, સત્યાગ્રહના નારા લગાવતી, છોકરીઓ પાસે શીસ્તપાલનનો આગ્રહ રાખતી, શીક્ષીકાઓ પાસે લક્કડ–ધક્કડ કામ કરાવતી, ચંદારામજી સ્કુલનું નામ તો મેં પહેલી હારોળમાં

મુકી દીધું. સમાજ માટે મેં જાત ઘસી નાખી. બદલામાં મને શું મળ્યું ખબર છે?'

'હારતોરાથી સન્માન થયું હશે અને સાથે સુવર્ણચંદ્રક પણ મળ્યો હશે.' મેં અનુમાન લગાવ્યું.

'ચૌદશીયાઓએ ભેગા મળી 'ખર્ચા વધ્યા છે'નું બહાનું બતાવી મને પાણીચું પકડાવ્યું. સ્વાભીમાન અને દેશાભીમાનનો મારો નશો જ ઉતરી ગયો.'

'તો તો પછી વીણાએ સીટીઝન બની તમ બંનેને અહીં બોલાવી લીધાં એ સારું જ થયું ને?'

'સારું નહીં; ઉત્તમ થયું. અહીં તો રેડીયો, ટીવી, વીડીયોમાં સમય ક્યાં જાય છે તે જ ખબર પડતી નથી. અમને આવ્યે પાંચ વરસ થઈ ગયાં. મેં તો નક્કી કર્યું છે કે હવે બસ, મઝા જ કરવી. વેલફેરમાંથી સીક્યોરીટી ખાઉં છું. કુપનો વાપરું છું. ભાડું પણ લઉં છું. ઓલ્ડ હોમમાં 'રમી' રમું છું. સીનીયર સીટીઝન તરીકે બસોમાં, ટ્રેઈનમાં, દુકાનોમાં ડીસ્કાઉન્ટ પણ મળે. ગવર્નમેન્ટ વેનમાં ફરવા જાઉં. પીઝા, સ્પગેટી, ટાકો, એન્ચીલાડા, બરીટોઝ, લઝાનીયા, ફ્રાઈડ ચીકન, સ્ટેક, શ્રીમ્પ બધું જ જાતે બનાવતાં શીખી લીધું. ચાઈનીઝ, ઈટાલીયન, મેક્સીકન બધું જ મારે ચાલે.'

'અરે વાહ! બહેન તમે તો આબાદ અમેરીકન બની ગયાં! ગવર્નમેન્ટના જેકપૉટમાં કશુંય નાખ્યા વીના મફત

ઉઘરાવી ખાવાનું તમને ગમે છે? તમારાં જેવાં આવેલાં બધાં આમ સોશીયલ સીક્યોરીટીનો ડુંગર તોડવા બેસી જશે તો પછી અમારો વારો આવશે ત્યારે અમારે ભાગે તો ખાલી સલાવડું જ આવશે!’

‘ભોગ તમારા. અમને મળી રહ્યું છે તે અમારાં ભાગ્ય.’

બીજે દીવસે અમે જવા નીકળ્યાં. વીનોદ એરપોર્ટ પર મુકવા આવ્યો હતો.

‘વીનોદ, તું ઘરમાં શાંત હતો, જાણે પીંજરામાં પુરાયેલો કાકાકૌવા! તારા ફાધર–મધર દેખાયાં નહીં, ક્યાંક બહાર ગયેલાં છે?’

‘સારી વાત કહેવાની હોય તો હોંશ થાય. ફાધર ગુજરી ગયે છ વર્ષ થયાં. મધર સાથે હતાં; પણ...જવા દે યાર!’ વીનોદની આંખમાં ઝળઝળીયાં હતાં.

‘વીનોદ, હું તારો મીત્ર છું. તારા ફોન આવતા; પણ તેં ઈશારો સરખો પણ ન કર્યો?’

‘શું કરવું તે સમજ પડતી જ નહોતી. વીણાનાં મમ્મી–પપ્પા આવ્યાં. શરુશરુમાં સારું ચાલ્યું. પછી તો રોજના જ લોહી ઉકાળા ચાલુ થઈ ગયા. મારાં મધર બોલે તે વીણાનાં મધરને નહીં ગમે અને એ બોલે તે મારાં મધરને કઠે. વીણાને એની મમ્મી સાચી લાગે. એને કશું કહું તો એ રુઠે. મારાં મધરને કશું કહું તો તે રડે. મારી દશા સુડી વચ્ચે સોપારી જેવી થઈ ગઈ

હતી. મારા મધરથી મારી દશા જોવાઈ નહીં, એમણે તોડ કાઢ્યો.

‘એમ? કેવો તોડ કાઢ્યો?’

‘મને સુખી જોવા તેમણે ઘર છોડ્યું. મારા એક મીત્રે બાળપણમાં એનાં માતા ગુમાવેલાં. મારા મધર માટે એને ઘણો જ ભાવ. મારાં મધર એને ત્યાં રહેવા જતાં રહ્યાં. મારા મીત્રને મા મળી ગઈ. મધર ત્યાં બહુ સુખી છે.’ એટલું કહેતાં તે છુટ્ટી પોકે રડી પડ્યો.

કેવો ઋણાનુબંધ! વહુનાં મા–બાપ ઘરના માલીક બની બેઠાં અને દીકરાની માએ બીજે આશરો લેવો પડ્યો!

–પ્રવીણ પટેલ ‘શશી’(અમેરીકા)

Pravin Patel, 80-Corona Court, Old Bridge, NJ-08857-2854-USA.

eMail : PCPATELxSHASHI@aol.com

@

071 : 15-10-2006

# રીઅર વ્યુ મીરર

–ચન્દ્રકાંત શાહ(અમેરીકા)

અનુક્રમણીકા

રીઅર વ્યુ મીરર, આ આંખ અને ડામરના રસ્તાનો ટ્રાયેન્ગલ
રીઅર વ્યુ મીરરમાં જોવાનું આટલું ગણીત
અને એ જ એનો એન્ગલ..

રીઅર વ્યુ મીરરમાં દેખાતી દુનીયાથી દુર દુર ખસવાનું
ઘડી ઘડી સ્હેજ સ્હેજ જોવાનું
જોવાનું એટલું કે—
આપણું હતું જે બધું, એ હવેથી આપણું ન હોવાનું..

આપણે હતાં
ને હતું ટુ–કાર ગરાજ હોમ
પા એકર લૉન
પેઈવ્ડ ડ્રાઈવ–વે
ડ્રાઈવ–વે પર રોજ રોજ જીવેલા એક એક દીવસને
ટૉસ કરી,
ટ્રેશ કરી ફેંકવાને ખુણામાં રાખેલો ગાર્બેજ–કેન!

હતું–

થોડી દેશની ટપાલ, થોડી ‘થેંક્યુ’ની નોટ્સ,

થોડી જન્ક મેઈલ, ઘણા બધાં બીલ્સ

અને પબ્લીશર્સ ક્લીયરીંગ હાઉસમાંથી

મીલીયોનેર બનવાનાં રીમાઈન્ડર્સ આવતાં

એ સ્હેજ કાટ ખાધેલાં પતરાંનું મેઈલ–બૉક્સ!

બૉક્સ ઉપર શેલત કે શાસ્ત્રી કે શુક્લા, શ્રીમાળીની શાખ,

સ્ટીકર્સથી ચોંટાડેલ

ઘર નંબર ચોર્યાસી લાખ...

એક સાઈકલ હતી ને હતો બાસ્કેટ–હુપ!

પાનખર હતી પાંદડાંય હોવાનાં

તથા વીતેલી જીન્દગી પડી હો એમ વીંટલું વળી પડેલ

તુટેલો હોઝ–પાઈપ જોવાનો

મેઈન ડોર પર કોઈ સીક્યુરીટીનું એક લેબલ પણ હોવાનું

શુભલાભ કંકુના થાપા કે ભલે પધાર્યાને ઠેકાણે

‘રીથ’ જેવું લટકણીયું જોવાનું.

    જોવાનું એટલું કે

    આપણું હતું જે બધું, એ હવેથી આપણું ન હોવાનું..

આપણે હતાં

ને હતા ટેલીફોન–કૉલ્સ
લોન્ગ ડીસ્ટન્સના ટુંકા અને લોકલના લાંબા
અડધી રાતે તે બધા ઈન્ડીયાના
અને કોઈક –ફ્રી ટીવી ઓફર કરનાર ટાઈમ–શૅરીંગના—

ટીવી પર રોજ હતું ‘વ્હીલ ઓફ ફોર્ચ્યુન’
પછી ફરતી’તી લાઈફ રોજ
ડ્રાયરમાં, વૉશરમાં અને ડીશ–વૉશરમાં
ફ્રીજ થકી જેમ હતું ફ્રોઝન ખાવાનું
એમ રીઅર વ્યુ મીરરમાં દેખાતું બધ્ધું
એક દીવસ આંખોમાં જડબેસલાક ફ્રીઝ થાવાનું..

રીઅર વ્યુ મીરરમાં દેખાતી દુનીયાથી દુર દુર ખસવાનું
ઘડી ઘડી સ્હેજ સ્હેજ જોવાનું
જોવાનું એટલે કે—
આપણું હતું જે બધું, એ હવેથી આપણું ન હોવાનું..

મેઈન મેઈન જોવાનાં
ઈન્શ્યોરન્સ કંપનીનાં હોર્ડીંગ્ઝ
મૉરગેજ આપનાર બૅંકનું મકાન
ઈમ્પોર્ટેડ ગાડીના ડીલરની ઝગમગતી સાઈન

અને

વર્ષોથી ઈક્વીટી સ્ટૉક જેના લઈને રાખ્યા છે

એ બલ્યુ ચીપનું સ્કાયસ્ક્રેપ બીલ્ડીંગ

ટોટલ એક્વીટી, નેટ વર્થ અને વંકાતા રસ્તાનો ટ્રાયેન્ગલ

આપણું હતું, એ બધું ખોવાનું આટલું ગણીત

અને એ જ એનો એંગલ—

રીઅર વ્યુ મીરરમાં દેખાતી દુનીયાથી દુર દુર ખસવાનું

ઘડી ઘડી સ્હેજ સ્હેજ જોવાનું

જોવાનું એટલે કે—

આપણું હતું જે બધું, એ હવેથી આપણું ન હોવાનું..

આપણે હતાં

ને હતું ટુ–કાર ગરાજ હોમ

ડીઝાઈનર કીચન

કીચનમાં ઈન્ડીયાથી લાવેલી

સોળ આની શુદ્ધ, એક જાણીતી, માનીતી,

કોરી ને કટ્ટ, સાવ પેટીપેક, બ્રાન્ડ ન્યુ પત્ની!

આપણોય પોતાનો મારીયો હતો

www.gujaratilexicon.com

ને હતા મારીયો બ્રધર્સ

કોઈક કોઈક મારીયોને સીસ્ટર હતી

તો હતી ક્યાંક ક્યાંક મારીયો સીસ્ટર્સ

એક એક મારીયોના પોતાનાં આઈ–પેડ

સીસ્ટર્સને દેશી વેડીંગ સ્ટાઈલ પરણવાના કોડ,

ઈન્ડીયાની નોસ્ટાલ્જીક વાતોથી ઘડી ઘડી ઉખડી જતાં છતાંય

આપણે તો યુનાઈટેડ સ્ટેઈટ્સને જ ચોંટેલા એમ,

જેમ ફ્રીજ ઉપર ચોંટેલાં મેગ્નેટ્સ!

મેગ્નેટ્સમાં—

‘હેરી પૉટર’થી માંડીને હતાં

તાજમહાલ

એલ્વીસ

બડવાઈઝર

‘મુન્નાભાઈ’

‘હમ આપકે હૈં કૌન?’

નમો અરીહંતાણં

માયસ્પેસ ડૉટ કૉમ

શીકાગો બુલ્સ

તથા

માઈકલ જૉર્ડન
અને તીહુઆના ખાતે પડાવેલો
પરસેવે રેબઝેબ, મેક્સીકન ટોપામાં આપણો જ ફોટો

ફ્રીઝ ઉપર ચોંટેલાં મેગ્નેટ્સ હતાં
ને હતી
મેગ્નેટ્સમાં ચોંટેલી ફેમીલી લાઈફ—

ગ્રોસરીનું લીસ્ટ
થોડી પીઝાની કુપન
નેટફ્લીક્સનું ડીવીડી મેઈલર
દેશી રીયલ્ટરનો ફોટો ચોંટાડેલ
કોલ્ડવેલ બૅંકરનું નાનું કેલેન્ડર

એક ડેન્ટીસ્ટનું એપોઈન્ટમેન્ટ–કાર્ડ
એક મ્યુઝીકલ પાર્ટીનું
અને એક ક્રેયોનથી દોરેલું, ‘હેપી મધર્સ ડે’ લખેલું
ઓફીસના એક્સટેન્શન
મમ્મીનો કાર–ફોન
એક કોઈક અંકલનો ફોન
એક આન્ટીનો ફોન

તથા

એલાસ્કન ક્રુઝ માટે ટોલ–ફ્રી, ‘વન–એઈટ–હન્ડ્રેડ– કાર્નીવલ –’

મારીયોનું સોકર–સ્કેજ્યુઅલ

એની સીસ્ટરની ‘લક્રોસ’ની ગેઈમ

મૅક્ડૉનાલ્ડ ‘હેપી–મીલ’ નાઈન્ટીનાઈન સેન્ટ

એક લોકલ છાપાનું કટીંગ

તથા

ટીચરની સહીવાળું સર્ટીફીકેટ ઓફ મેરીટ ઈન મેથેમેટીક્સ

આ બધું હતું

ને હતો

‘કે–માર્ટ’ની ડીસ્કાઉન્ટ ઓફરમાં પડાવેલો

૨૧ કૉપીમાંથી દસ બધે ઈન્ડીયામાં મોકલી દીધેલી

ને બાકીની દસ

ક્યાંક ઘર પછી ઘર પછી ઘર મુવ કરવામાં મીસ્પ્લેસ થયેલી

તે છેલ્લો બચેલ એક

યન્ગ હતાં ત્યારનો જ ફેમીલી ફોટો!

આપણે હતાં

ને હતું

પીક્ચર પરફેક્ટ એક ફેમીલી.

બુદ્ધ નામ ગૌતમ, એક ઘર અને પથરાતા રસ્તાનો ટ્રાયેન્ગલ
ભીનીષ્ક્રમણને આદરવાનું આટલું ગણીત
અને એ જ એનો એન્ગલ

રીઅર વ્યુ મીરરમાં દેખાતી દુનીયાથી દુર દુર ખસવાનું
ઘડી ઘડી સ્હેજ સ્હેજ જોવાનું..
જોવાનું એટલે કે—
આપણું હતું જે બધું, એ હવેથી આપણું ન હોવાનું..

આપણે હતાં
ને હતું ટુ–કાર ગરાજ હોમ
ઢગલાબંધ રુમ્સ

એક શ્વાસ લેવાનો રુમ
એક ઉચ્છ્વાસ કાઢવાનો રુમ
એક્સવાયઝેડ રુમ
‘વ્હાઈટ, બ્લ્યુ ને રેડ’ રુમ, બેડરુમ
બેડરુમમાં બાથરુમ એટેચ્ડ
એક સોફા હતો–
ને હતાં સોફામાં આપણે અટેચ્ડ
પછી આપણને કંઈ કેટકેટલું અટેચ્ડ!

યુએસએ આવ્યાં તે વેળાનું

ઈમ્પોર્ટેડ એકાંત

હાઈ–ટૅક અગવડતા

ઓડ જૉબ માટે પણ માઈલો ચાલવું

ને ખુણામાં બેસીને આંસુનું સારવું

પછી

પહેલો પે–ચેક

અને પહેલું સીક્સ–પૅક

સાલ્વેશન આર્મીનું બ્લેઝર

ને પહેલવહેલી ગાડીનું પ્લેઝર..

એ પછી તો–

ટાયરની જેમ કરી

કાર ચેઈન્જ

હાઉસ ચેઈન્જ

ઓઈલ ચેઈન્જ

જોબ ચેઈન્જ

ફોન ચેઈન્જ

ફ્રેન્ડ્ઝ ચેઈન્જ

એટીટ્યુડ

આઉટલુક

ઓપીનીયન

એક્સેન્ટ

બધ્ધે બધ્ધું જ..

એક ઈન્ડીયાનું વેકેશન, વીડીયોની મેમ્બરશીપ,

વાઈફ અને ‘વફા’ના પાંતરાંનાં ડબ્બા સીવાય

લગભગ બધ્ધે બધ્ધું જ ચેઈન્જ કરી કરી

આપણને ખુબ ખુબ ડ્રાઈવ કરી

આપણા ઉપર આપણે ચડાવ્યા’તા

હન્ડ્રેડ્ઝ ઓફ થાઉઝન્ડ્ઝ ઓફ માઈલ્સ..

શું છે આ વીકએન્ડ ટુ વીકએન્ડનું જીવવાનું?

શું છે આ રોજ રોજ મરવાનું?

શું છે આ ‘લાઈફ’ જેવો અંગ્રેજી શબ્દ?–

રીઅર વ્યુ મીરરમાં દેખાતા

કોઈ ગ્લાસ બીલ્ડીંગમાં

આપણને દેખાતો

આપણાથી દુર જતો

આપણો જ રીઅર વ્યુ મીરર?

રીઅર વ્યુ મીરરમાં દેખાતી દુનીયાથી દુર દુર ખસવાનું
ઘડી ઘડી સ્હેજ સ્હેજ જોવાનું
જોવાનું એટલે કે–
આપણું હતું જે બધું, એ હવેથી આપણું ન હોવાનું..

શ્વાસોમાં, સ્પર્શમાં, સુગંધોમાં, સ્વાદોમાં,
આંખો, અવાજોમાં, દૃશ્યોમાં, રંગોમાં,
ઘાસમાં, પ્રકાશમાં, પતંગીયાંની પાંખોમાં,
ધોધમાર તડકાઓ, ઝીણા વરસાદમાં,
પરોઢીયાનાં ધુમ્મસમાં, વ્હેલી સવારના કલ્લોલમાં
વાણીમાં અને લહેરપાણીમાં
ઓચીંતુ – સીનીયર સીટીઝન ડીસ્કાઉન્ટ?

થર્ડ લાઈટ પર લેફ્ટ મારો,
ફ્રીર–વે, ફ્રોર્ક, રાઉન્ડ–અબાઉટ, ડેડ એન્ડ!
પાસ ગેસ સ્ટેશન ઓન રાઈટ
છેલ્લો માઈલસ્ટોન
એક વ્હાઈટ ચર્ચ પાસે છે સ્ટોપ સાઈન!
ગયાં વર્ષો – ડીરેક્શન આપવામાં
વર્ષો – ડીરેક્શન લેવામાં

લેવાના–

અંત જેના જોઈ ના શકાય તેવા હાઈ–વે

અંધારું ઓઢીને ઉભેલા ફ્રી–વે

જોવાના–

જીન્દગીમાં લેવાની રહી ગયેલ એક્ઝીટનાં પાટીયાંનાં પતરાં

પણ–

લેવાની અંતે તો –

દુરથી જ દેખાતા

આપવાને આવકારો મીઠો

અસ્પતાલ જનારાના સ્વાગતમાં ઉભેલા

અંગ્રેજી 'એચ'વાળા બ્લ્યુ રંગના બોર્ડ ઉપર

દોરેલા એરોની દીશામાં વંકાતા રસ્તાની એક્ઝીટ

કોનું છે વાયરીંગ?

કોણે બનાવી છે આ સ્વીચ?

સાવ 'ઓન' માણસ કેમ એકાએક થઈ જાતા 'ઓફ'?

ખંભા પર માણસ, સ્મશાન અને ઓગળતા રસ્તાનો ટ્રાયેન્ગલ

એ પછી આપણે 'ન' હોવાનું આટલું ગણીત

અને એ જ એનો એન્ગલ

રીઅર વ્યુ મીરર, ખુલ્લું આકાશ અને ડામરના રસ્તાનો ટ્રાયેન્ગલ..

–ચન્દ્રકાંત શાહ(અમેરીકા)

Chandrakant Shah, 15 Beaver Road, Reading-MA-01867-USA

ઈ–મેઈલ : C420@comcast.net

@

072 : 22-10-2006

# દીલ હૈ કી માનતા નહીં..

–હરનીશ જાની(અમેરીકા)

અનુક્રમણીકા

મારે દોઢ વરસમાં ચાર એન્જીયોપ્લાસ્ટી અને એક બાયપાસ સર્જરી કરાવવી પડી. પહેલીવાર હાર્ટ અટૅક આવ્યો. હૉસ્પીટલમાં જવું પડ્યું. મારી માંદગી એક સમાચાર બની ગઈ. પેપરમાં છપાયું. આપણે ખુશ થયા. પરંતુ તેથી દરદમાં કાંઈ ફેર ન પડ્યો. અને જે લોકોને મળવા નહોતું આવવું, તેમને બહાનું મળ્યું કે અમારા વાંચવામાં નહોતું આવ્યું. મેં તેમને જણાવ્યું કે, 'ન અવાયું તેનો વસવસો ન રાખતા. તમારાથી હૉસ્પીટલમાં આવી શકાય એટલે ખાસ બીજી વાર પણ જઈશ.' ગયા મહીને મારી પાંચમી એન્જીયોપ્લાસ્ટી કરાવવી પડી. હૉસ્પીટલમાં જવાની આગલી સાંજે, મારા દીકરાએ કહ્યું કે, ''ડૅડી, હું મારી જૉબ પરથી રજા ન લઉં તો ચાલે?'' મેં કહ્યું, 'બેટા, તારે રજા ન લેવી હોય તો વાંધો નથી.'' એ સાંભળીને મારી પત્ની હંસા બોલી, 'જોને, હું તને સવારે નવ વાગે હૉસ્પીટલ પર ઉતારીને મારી જૉબ પર જાઉં તો કેવું? સાંજે પાંચ વાગે તો તું રુમમાં પાછો આવી ગયો હોઈશ." મેં કહ્યું કે, "હું ઑપરેશન માટે જઉં છું. કાંઈ વાળ

કપાવવા નથી જતો.'' ઘરનાંને એમ કે મને તો ટેવ પડી ગઈ છે!

ઘણા મીત્રો તો હમેશાં કહેતાં કે હવે પછી હૉસ્પીટલમાં જવાના હો તો જણાવજો. ગયે વખતે અમે રહી ગયાં હતાં. મારી પત્નીની બહેનપણી પ્રતીમા તો નીયમીત પુછે કે, 'સાંભળ્યું કે તમે પાછી અન્જીયો કરાવી?'' દરેક વખતે હું કહું કે, ''પ્રતીમાબહેન, લાગે છે કે કોઈકે અફવા ફેલાવી છે.'' પ્રતીમાબહેન પછી ઉમેરે કે, "તમારા માટે હું અને કૌશીક ફ્લાવર લઈને આવીશું." હું કહું કે, "પ્રતીમાબહેન મને ફ્લાવરનો શોખ નથી. એકાદ પુસ્તક લઈને આવજો." તે કહે,'તમારી પાસે બુકો તો ઘણી છે. બુકે પણ રાખો. ગમશે." મારા મીત્ર સુરેનભાઈ એકે વખત હૉસ્પીટલમાં આવી શક્યા નથી. છ મહીના પહેલાં મારે ત્યાં આવ્યા અને મને એક સીડી પ્લેયર અને ક્લાસીકલ ઈન્સ્ટ્રુમેન્ટલ સીડીનો સેટ ભેટ આપ્યો. બૉક્સ ખોલવાની ના પાડી. તેમનું માનવું હતું કે આ તો દીલનો મામલો છે. પાછો હાર્ટ અટૅક આવે અને એમને જણાવવાનો મને ટાઈમ પણ ન મળે અને હું તેમની શુભેચ્છા વીના રહી ન જાઉં. હૉસ્પીટલની પથારીમાં એમનું મ્યુઝીક સાંભળું અને એમને યાદ કરું. મારા દીકરાએ મારા હાર્ટ અટૅકની રાહ જોયા વીના તે સીડી પ્લેયર વાપરવા માંડ્યું! અમારા મીત્ર અરવીંદભાઈ અને રેણુબહેનને મારી પહેલી એન્જીયો પછી મગજ શાંત રહે તે માટે

રામાનંદ સાગરનો રામાયણનો પોતાનો વસાવેલો ડીવીડી સેટ ઉછીનો આપ્યો. રામાયણ જોવાઈ રહે તે પહેલાં મારે હૉસ્પીટલમાં બીજી વાર જવાનું થયું. ‘‘જાની, તમે રામાયણ પુરું કરો. પાછું આપવાની ચીંતા ન કરો.” પછી મેં બાયપાસ સર્જરી કરાવી. ત્યાર પછી મારી હાલત સારી નહોતી. એવી હાલતમાં જો રામાયણ પાછું માગે અને મને કદાચ દુ:ખ થાય અને પાછો હાર્ટ અટૅક આવે તો? એટલે એમણે રામાયણ, મને કૃષ્ણાર્પણ કર્યું.

મારી બાયપાસ સર્જરી પછી ઘણા મીત્રોએ મારી તબીયતની ચીંતા વ્યક્ત કરી. મારે શું ખાવું અને શું ન ખાવું એની સલાહ આપી. લગભગ દરેક જણે મને હમેશાં કહ્યું છે કે વજન ઉતારો. નહીં તો પાછા પછડાશો. ઘણા તો : ‘જુઓ, મેં તમને નહોતું કહ્યું?’ એમ કહેવા માટે ફોન કરીને જાણી લે કે હું કયાં છું. આ બધાં, ટીવી પર કયા શેર ખરીદવા અને કયા શેર વેચવા એની સલાહ આપતા શેરબજારના દલાલો જેવા છે. ભાઈ તને એટલું જ્ઞાન છે તો તું શૅર–સ્ટૉકના ધંધામાં પૈસાદાર થઈ જાને!

મારી ચીંતા કરનારા બે મીત્રોને તો પોતાને હાર્ટ અટૅક આવી ગયા! મારા ડૉ. વાડકર મારી સારવાર કરતાં કરતાં સ્વધામ પહોંચ્યા. શરીરે પાતળા હતા; પરંતુ બીડી અને સ્કૉચના પ્રેમે તેમને હાર્ટ અટેક આપ્યો. પરંતુ જ્યારે નવા ડૉ.

પટેલે મને ડૉક્ટર બદલવાનું કારણ પુછ્યું ત્યારે જુઠ્ઠું બોલવું પડ્યું. મારા પહેલા ડૉક્ટર મારી સારવાર કરતાં કરતાં મરી ગયા એમ કહેવાની હીંમત નહોતી. એટલે કહ્યું કે, ‘‘હવે મારા ગામમાંથી તેઓ મોટા ગામમાં ગયા છે.’’ દશ વરસ પહેલાં જયારે હું તંદુરસ્ત હતો અને ડૉ. વાડકર પાસે ગયો હતો; ત્યારે મેં ડૉક્ટર બદલવાનાં કારણમાં સાચું કહ્યું હતું કે, “મારા અમેરીકન ડૉ. કાસ્કેને હાર્ટ અટૅક આવ્યો હતો અને એ સ્વધામ પહોંચી ગયા છે.” હવે આ બધી વાતો પટેલ સાહેબને કહેવાનો અર્થ નહોતો. સવારે શું થવાનું છે એ જાનકીનાથને જ ખબર નહોતી તો ડૉક્ટરનો શો હીસાબ!

સેંટ ફ્રાંસીસ હૉસ્પીટલનો સ્ટાફ મારાથી થાકી ગયો હતો. સામાન્ય રીતે મોટા ભાગના દરદીઓ જીવનમાં એકાદવાર હૉસ્પીટલમાં જાય. એટલે એમને દરદીને મળતી સવલતો સાથે બહુ નીસ્બત ન હોય. પરંતુ હું તો હવે ‘રેગ્યુલર વીઝીટર’ના લીસ્ટમાં ગણાઉં! હું તો કીચનનું મેન્યુ મંગાવી ફુડનો ઓર્ડર પણ કરતો. મારું હાર્ટ નબળું હતું; પરંતુ પેટ તો તંદુરસ્ત હતું! રુમમાં કૅબલ ટીવીનું કનેક્શન માંગતો. છાતીમાં પ્રોબ્લેમ હતો; આંખોમાં નહીં. ઑપરેશન–રુમની તો વાત જ અલગ હતી. નસીબવાળા જ ચાલતાં ચાલતાં ઑપરેશન–રુમમાં જાય. આપણે ભડવીરની જેમ ચાલતા ગયા. પત્ની કહે કે, ‘રામનું નામ લે’. મેં કહ્યું કે, ‘હવે આ ઘડીએ રામનું નામ લઉં તો

રામજી ઓળખે નહીં અને મારી પાસે આઈડી કાર્ડ માંગે'. ઑપરેશન દરમીયાન શરીર પર એકે કપડું કે એકે વાળ ન હોવો જોઈએ. દરેક વખતે એ કામ જેનીફર નામની નર્સ કરતી. છેલ્લે જ્યારે ગયો ત્યારે મેં જેનીફરને કહ્યું કે, ''મને તૈયાર કરવાનો લાભ દર વખતે તું એકલી લે તે ન ચાલે. આ નેન્સીને પણ મારા કપડાં કાઢવાની તક આપ.''"

છેલ્લે મને એક વાતની ખબર પડી કે દરદીના ઑપરેશન વખતે ટેબલની આજુબાજુ શી વાતો થાય છે. એનેસ્થેશીયાને લીધે મારું શરીર બહેરું હતું; પરંતુ મારું મગજ સતેજ હતું. ડૉક્ટર પટેલ લંડનના છે. તાજેતરમાં જ લંડન ફરી આવ્યા હતા. તેમની સાથે મારા ઑપરેશન દરમીયાન જેનીફર અને નેન્સી ન્યુયૉર્ક અને લંડનના ટ્રાફીકની વાતો કરતાં હતાં. મારાથી બોલ્યા સીવાય ન રહેવાયું, ''ડૉક્ટર સાહેબ, મારા દીલનો ટ્રાફીક જામ થયો છે. એને બરાબર દોડતો કરી દો." હવે સમજાયું કે દરદીઓના પેટમાં કાતર કેમ રહી જાય છે! ડૉક્ટર પટેલને મેં પુછ્યું કે, 'મને કાંઈ થાય તો નહીં ને!" ડૉક્ટર કહે કે, 'દર વખતે તો તમે લાંબું જીવવાની ઈચ્છા દર્શાવતા નથી. અને આ વખતે આમ કેમ? મેં કહ્યું કે, ''ઐશ્વર્યા રાયને છેવટે કોણ લઈ જાય છે એ જોવાની ઈચ્છા છે."

છેલ્લે, ઑપરેશન થીયેટરમાંથી મને રુમમાં લાવ્યા. ત્યારે મારા ટેબલ ઉપર ફુલોનો સુંદર ગુલદસ્તો પડ્યો હતો.

જોઈને હું ખુશ થયો. કોનો હશે તે વીચારું ત્યાં નર્સ બોલી, “હૉસ્પીટલની બાજુમાં આવેલા ફ્યુનરલ હોમમાંથી, દીલના દરદીઓને માટે મોકલવામાં આવે છે.”

–હરનીશ જાની(અમેરીકા)

Harnish Jani, 4- Pleasant Drive, Yardville -NJ-08620-USA
Phone-609-585-0861 eMail : harnishjani5@gmail.com

@

073 : 29-10-2006

# પ્રતીકાવ્યો

–ન. પ્ર. બુચ

અનુક્રમણીકા

*(ન.પ્ર.બુચ તરીકે જ વીશેષ જાણીતા, લોકદક્ષીણામુર્તીમાં ઉપનીયામકપદે રહેલા, આજીવન શીક્ષક સ્વ. નટવરલાલ પ્રભુલાલ બુચ આપણા પ્રસીદ્ધ હાસ્યલેખક. તેમની જન્મશતાબ્દી (જન્મ : તા. ૨૧:૧૦:૧૯૦૬ – વીદાય : તા. ૯:૧:૨૦૦૨) નીમીત્તે આજની મહેફીલમાં તેમની જ કૃતીઓ, તેમની પુણ્યસ્મૃતીમાં..)*

OOOOOOO

## ૧: પંચાશીમે પડાવે

(સોરઠા)

ચાર વીહું ને ચાર વરહું ઘોડો હાંકીયો ;
‘જીવાજી’ અસવાર! અવ ઘોડેથી ઉતરો.
થનગનતો તોખાર ગદ્ધાપચ્ચીસી તણો,
ખેંચી ખેંચી ભાર, હવે થયો છે ટારડું.
હવે લાગતો થાક, ઈન્દરીયું મોળી પડી,
ઘોડાનો શો વાંક? ચોરાશી પુરાં કર્યાં.

લીધો– દીધો પ્રેમ, વાટ વટ્યા હળવે મને;

પ્રેમ જ આપણ ક્ષેમ, એના ધરવ ન સાંભળ્યા.

આમ કહો તો એકલા, દુનીયાને વહેવાર,

પણ છૈયે અન્–એકલા, પ્રેમાવરણ વચાળ.

જીવન–સૌરભ સાર ‘પુષ્પ’ જતાં મુકી ગયું

સમરી વારંવાર ભર્યુંભર્યું મન રાખીએ.

જાવાને તૈયાર, રે’વામાં વાંધો નથી,

જીવાજી અસવાર! હળવે હૈયે હાલશું.

લગામ રાખી હાથ હાંક્યે રાખો ટારડું :

‘નટ’નાગરના નાથ ૧ ઈશારે અટકી જશું.

લખ્યા તા. ૨૧:૧૦:૧૯૯૦

0000000

## ૨ : ચાચે શું ચીનગારી?

ચાચે શું ચીનગારી, મહાનર,

ચાચે શું ચીનગારી?.........મહાનર..

ચકમક–લોઢું મેલ્ય પડ્યું ને

બાકસ લે કર ધારી;

કેરોસીનમાં છાણું બોળી

ચેતવ સગડી તારી. ........મહાનર..

ના સળગ્યું એક સગડું તેમાં

આફત શી છે ભારી?

કાગળના ડુચા સળગાવી

લેને શીત નીવારી. .........મહાનર..

ઠંડીમાં જો કાયા થથરે,

બંડી લે ઝટ ધારી;

બે–ત્રણ પ્યાલા ચા પી લે કે

ઝટ આવે હુશીયારી. .........મહાનર..

(હરીહર પ્રા. ભટ્ટના 'એક જ દે ચીનગારી'નું પ્રતીકાવ્ય)

0000000

3 : વીચારનો ટ્રસ્ટી(મુક્તક)

(મીશ્રોપજાતી)

વીચારસમૃદ્ધી તમામ મારી,

વ્યાખ્યાન દ્વારા વીતરું હું વીશ્વમાં,

આચાર માટે ન કશુંય રાખી–

વીચારનો ટ્રસ્ટી જ માનતો મને.

0000000

## ૪ : કૈં નથી..(પાદપુર્તી)

રુહ–એ–દુનીયા પે જો હીન્દોસ્તાં નથી તો કૈં નથી;

ખુબસુરત જીસ્મમાં જો જાં નથી તો કૈં નથી;

બંગલામાં બાબલાની બા નથી તો કૈં નથી;

નીત સવારે ને બપોરે ચા નથી તો કૈં નથી.

0000000

## ૫ : હાઈકુ :

અંગ્રેજી ભાષા

વહુ વીદેશી

વર વહુઘેલો, મા

ને દીદી વીલાં.

પ્રેમલગ્ન

વાટે મળીયાં,

હસ્યાં, હસવામાંથી

થયું ખસવું.

## સાચી લોકશાહી

કુંભાર કરતાં

ગધેડાં ડાહ્યાં; સાચી

લોકશાહીમાં.

## લગ્ન

કોંતલ ઘોડો

ગારે ખુંત્યો; નીકળ્યો

ત્યારે ટારડું 1

## ક્રાન્તી

સાસુ વહુથી

ગુરુજનો શીષ્યોથી

ફરે ડરતાં.

# વીરહ–હાઈકુ...

(૧)

નહાઉં–ધોઉં;

સાડીસુને દોરડે

ધોતીયું રડે.

(૨)

રંગીન પ્યાલાં–

–વીંટી ઘઉંવર્ણી ચા :

તમે સાંભર્યા.

(૩)

જ્યાં જ્યાં નજર

કરે નટનાગર

યાદી તમારી.

– સ્વ. નટવરલાલ પ્રભુલાલ બુચ

@

074 : 05-11-2006

# ‘મોતીની ઢગલી’

સંપાદક: મહેન્દ્ર મેઘાણી

અનુક્રમણીકા

## ‘તે ચુકવીને આવીશ’

મારા પીતાજી ગુજરી ગયા, તે વખતે મારા બાને મેં કહ્યું, “હવે તમે આંબલા આવો; અહીં એકલાં રહેવું નહીં ફાવે.”

બા કહે: “હજુ અહીં રહેવું પડે તેમ છે. તારા બાપુજી દાણાવાળાની દુકાનેથી જે કંઈ લાવતા, તેમાં ૭૦–૮૦ રુપીયા ચુકવવાના બાકી છે; તે ચુકવીને આવીશ.”

મેં કહ્યું, “એ કંઈ મોટી વાત છે? હું સાંજે એની દુકાને જઈને રકમ ભરી આપીશ.”

મારી બા કહે, “એમ ન થાય, એ પૈસા તો મારે જ ભરવા જોઈએ; એ તો હું વેંત કરીશ.”

હું જાણતો હતો કે ઘરમાં કાંઈ નથી. મારા બાપુજીને ૨૦–૨૨ રુપીયા પેન્શન મળતું. એમાં પોતાનું ચલાવતા ને દીકરીઓ–ભાણેજડાંને ટાણેટચકે સાચવતા. મેં કહ્યું, “બા, તું ક્યાંથી ભરીશ? મરનારના વારસ તરીકે તેનું આ બધું દેણું હું ભરી આપીશ.”

બા બોલ્યાં, "તું વારસ, ને ભરે તે વાત સાચી; પણ આ તો હું જ ભરીશ. તું માથાઝીંક ન કર."

તે ન જ માન્યાં. ત્રણ મહીને દેણું ભર્યું, કેવી રીતે કમાયાં હશે? દળણાં દળ્યાં હશે?

બાંધણી બાંધી હશે? ભગવાન જાણે! પણ પોતાની જાતકમાણીમાંથી દેણું ભર્યું; પછી જ આંબલા આવ્યાં.

–મનુભાઈ પંચોલી

(૨)

## શ્રેષ્ઠ મીત્ર

મા મારી...શ્રેષ્ઠ મીત્ર...
બીજી મીત્રતાઓમાં
કદીક સ્વાર્થનું નહીં તો અપેક્ષાનું,
વાળ જેવું બારીક
પણ એકાદ કણ તો આવી જાય
પછી ઘસરકો, ઉઝરડો, તીરાડ...
માને તો આકાશ જેટલું ચાહી શકાય,
દેવમુર્તીની જેમ પુજી શકાય.
પણ એ એવું કશું માગે–ઈચ્છે–વીચારેય નહીં!
એટલે જ દોસ્તની જેમ
એને ખભે કે ખોળે માથું મુકી શકાય,
ઝઘડીયે શકાય.

આપણા હોઠો પરની દુધીયા ગંધ
એની છાતીમાં અકબંધ.
એના ખોળામાંની
આપણા પેશાબની દુર્ગંધ
એ સાથે લઈને જ જાય
ભગવાનની પાસે–
અને સ્વયં ભગવાન સુગંધ સુગંધ!
'ભગવાનનીયે મા તો હશે જ ને?'

–ભગવતીકુમાર શર્મા–સુરત

(3 )

## અક્ષત દાણા

ઈટલીના મીલાનો શહેરમાં વીશ્વવીખ્યાત દેવાલય બાંધતી વખતે કેટલીક મુર્તીઓ એવી ઉંચી ને ભીડાતી જગ્યાએ મુકવાની હતી કે કોઈની નજર ત્યાં સુધી ન પહોંચી શકે; તો પણ શીલ્પકાર પોતાના કામમાં લીન થઈને એક–એક રેખામાં ને મરોડમાં પોતાની કલા ઠાલવીને મુર્તીઓ કોતરતો હતો. એક મીત્રે એ જોઈને ટીકા કરી: "આ મુર્તી પર કોઈની નજર સરખીય પડવાની નથી; તો પછી એની પાછળ આટલી બધી મહેનત કેમ ઉઠાવો છો? ઝટ પતાવી દેશો તો ત્યાં તો ચાલશે."

શીલ્પીએ મુર્તીમાંથી આંખ ઉંચી કર્યા વગર જવાબ આપ્યો: "મારી કૃતી છે એટલે શ્રેષ્ઠ જોઈએ..પછી ભલે કોઈ એ

જુએ કે ન જુએ. હું તો જોઉં છું. અને બીજું કોઈ નહીં. તો ભગવાન તો એ જોશે જ ને?''

"મારી કૃતી છે, એટલે શ્રેષ્ઠ જોઈએ"– એ કલાકારનો આદર્શલેખ છે અને જીવનઘડતરનો અગ્રસીદ્ધાંત છે. મારે હાથે કાચું કામ નહીં શોભે. મારી મર્યાદાઓ તો છે જ; પણ એમાં રહીને મારાથી જેટલું સારામાં સારું કામ થઈ શકે એટલું કરવાનો હંમેશ મારો આગ્રહ રહેશે.

લોકો મારું કામ જુએ કે ન જુએ, મને શાબાશી આપે કે ન આપે, તોયે હું સંપુર્ણ નીષ્ઠાથી મારું એ કામ કરતો રહીશ.

પુજામાં દેવમુર્તીને ચોખા ચડાવે છે. એ ચોખાના દાણા અખંડ, અક્ષત હોવા ઘટે. સો સારા દાણા ભેગો એક તુટેલો હોય તો 'ચાલશે' એમ માને તે સાચો પુજારી નથી. આપણું જીવન પણ એક યજ્ઞ છે. દીવસે દીવસે, દાણે દાણે હૃદયમંદીરમાં બીરાજતા અંતર્યામીના ચરણની આગળ આપણું એક એક કાર્ય આપણે અર્પણ કરતા જઈએ છીએ. એવું એકેએક કાર્ય વીશુદ્ધ, શ્રેષ્ઠ, અક્ષત રાખવાનો જેને દીલથી આગ્રહ હોય, તે સાચો જીવનપુજારી છે.

–ફાધર વાલેસ

(૪)

## માઈક પરથી વહેતો ત્રાસવાદ

ગુજરાતી સાહીત્ય પરીષદના અધીવેશનમાં શ્રોતાઓના ચહેરા પર લીંપાયેલો અણગમો, થાક અને કંટાળો સાહીત્યકારો વાંચી શકે તોય નીર્દયપણે બોલ્યે રાખે છે. ક્યારેક શ્રોતાઓને બીલકુલ ન સમજાય તેવી ભાષામાં બોલીને તેઓ વીદ્વાનમાં ખપવા ધારે છે. સામે બેઠેલાઓની દયા ખાધા વગર માઈક્રોફોન પરથી ત્રાસવાદ વહેતો જ રહે છે.

આ ત્રાસવાદ સામે શ્રોતાઓ સવીનય અસહકાર શી રીતે કરી શકે? નીયત સમયે સભા શરુ ન થાય તો પાંચ–સાત મીનીટ રાહ જોઈને સભાસ્થળ છોડીને ચાલ્યા જવાનું પગલું યોગ્ય છે. આજનો માણસ ત્રણ ત્રણ કલાકની સભા શા માટે વેઠે? લાંબાલચક કાર્યક્રમમાં એક વાર ફસાઈ ગયેલો ભોળો શ્રોતા બીજી વાર સભામાં જવાનું સાહસ કરતો નથી. આમ, દીવસેદીવસે સુજ્ઞ શ્રોતાઓની સંખ્યા સંકોચાતી જાય છે. ક્રીકેટમાં જેમ ‘વન–ડે–મેચ’નો પ્રારંભ થયો છે, તેમ એક કલાકની સભા શરુ થાય તે ખુબ જરુરી છે. એવી સભામાં ત્રણ મીનીટની પ્રાર્થના અને ત્રણ મીનીટની સ્વાગત–વીધી પછી મુખ્ય વક્તાને ૪૫ મીનીટ મળે અને પ્રમુખ દસેક મીનીટમાં સમાપન વક્તવ્ય આપે. આવી ‘સાઠ મીનીટીય સભા’ઓની

ફેશન શરુ થવી જોઈએ. એક સારી સભાનું આયોજન કરવું એ પણ એક કળા છે.

–ગુણવંત શાહ

(૫)

'એ'

એને ઘસઘસાટ ઉંઘ આવે છે. એ સુવા લાગ્યો કે ઉંઘતાં એને વાર નથી લાગતી; ઉંઘી રહ્યો કે ઉઠતાં વાર નહીં. ભોજનમાં એને સ્વાદ આવે છે. ખાધું–પીધું એને બરાબર હજમ થાય છે. એને કામ કરવાનો ઉમંગ રહે છે. પોતાનું કામ કરતાં કરતાં બીજાનુંયે કહેતાંવેંત કરી દે છે, તેમાંથી હરખ પણ મેળવે છે. એ ચાલે છે ત્યારે જાણે અધ્ધર ઉડતો ચાલે છે; એ ટેકરી જુએ છે–ને દોટ મુકીને ચઢી જાય છે. ઝાડ દીઠું કે કોઈ ઉંચી ડાળે જઈને બેસે છે, નદી દેખી ઝંપલાવે છે. એનું લોહી એવું ઉછાળા મારે છે. ક્યારેક ઉજાગરો થયો, તો તેની ખોટ એક જ ઉંઘે પુરી થઈ જાય છે. મુશ્કેલ કામ પહેલું હાથ ધરવાનો ઉમંગ એને રહે છે; પછી અશક્ય લાગે તેને પહોંચી વળવા એ મથે છે. મુશ્કેલીઓનો સામનો કરતાં એ થાકતો નથી. એને નીષ્ફળતાનો ભય નથી, હાંસીનો ડર નથી. એ ક્રોધ નથી કરતો. બીજાની કદર કરવી એને ગમે છે.

એને તમે મળ્યા છો કોઈ વાર?

–નાનુભાઈ દવે

'મોતીની ઢગલી' (પ્રકાશક : ગોપાલ મેઘાણી, Po.Box-23, SardarNagar, BhavNagar 364 001 ફોન: 0278-256 6402) નામક ૩૨ પાનની નાનકડી ખીસ્સાચોપડીમાં મહેન્દ્રભાઈએ 'અરધી સદીની વાચનયાત્રા'માંની કેટલીક વાનગીઓ ચાખવા માટે પીરસી છે. તેમાંથી સાભાર...

@

075 : 12-11-2006

# 'ગુરૂ'

–યોગેન્દ્ર પરીખ

અનુક્રમણીકા

૧. • गुरुर् ब्रह्मा गुरुर् वीष्णुर् गुरुर् देवो महेश्वर:

• गुरुर् साक्षात् पर:ब्रह्म: तस्मै श्रीगुरवे नम:

૨. ગુરુ ગોવીંદ દોઉ ખડે કાકે લાગું પાય?

બલીહારી ગુરુ આપકી ગોવીંદ દીન્હો બતાઈ 1

૩. ગુરોઃ આજ્ઞા અવીચારણીયા...

૪. ગુરોસ્તુ મૌનં વ્યાખ્યાનમ્..

જે અંધકાર દુર કરે તેને ગુરુ કહેવાય. ઉપરનાં પ્રથમ બે અવતરણોમાં ગુરુ માટે અતીશયોક્તી છે. ત્રીજા અવતરણમાં સૈનીકી શીસ્તના દર્શન થાય છે. ચોથા અવતરણમાં ગુરુના મૌનને પણ વ્યાખ્યાનમાં ખપાવવાનો આદરયુક્ત ભાવ જણાય છે. પરંતુ જે ગુરુ દ્રોણ, શીષ્ય એકલવ્યનો અંગુઠો માંગે તેને શું કહેવું? જે ગુરુ પોતાનું મહત્ત્વ વધારવા માટે પહેલાં આપણા પ્રણામ માંગે, ચેલા મુંડવાનો ભાવ મનમાં છુપાવે અને સંપુર્ણ આજ્ઞાપાલન માટે 'કેમ?' જેવો પ્રશ્ન પુછવાનો વીદ્યાર્થીનો જન્મસીદ્ધ અધીકાર છીનવીને કહે કે : 'આજ્ઞાનું કેવળ પાલન જ

કરવાનું છે; પ્રશ્ન 'કેમ?' પુછવાનો નથી,' તેના મૌનને પણ દંભમાં ખપતાં વાર ન લાગે. મૌનથી અજ્ઞાન છુપાવવાનો પ્રયત્ન, સત્યને સંતાડવાનો, અન્યાય અને અધર્મને સહન કરવાનો પ્રયત્ન ક્યાં નથી થતો? આવા મૌનમાં કાયરતા પણ હોઈ શકે છે. બોલવાની જરુર હોય ત્યારે મુંગા રહેવું અને મુંગા રહેવાની જરુર હોય ત્યારે અસ્પષ્ટ બોલવું, તેમાં મનુષ્યની નીર્ભયતાના દર્શન થતાં નથી. આ નીર્ભયતા જ તો બધા ગુણોનો રાજા છે! એના વીના બાકીના દસ ગુણોનું પાલન કરવું અશક્ય છે. આવા ગુરુનો મહીમા ભલે ગમે તેટલો ગવાયો હોય, પણ તે ગળે ઉતરતો નથી. એકવીસમી સદીની નવી પેઢી તો એવા પરમ મીત્ર અને માર્ગદર્શકની શોધમાં છે એ માર્ગદર્શન આપે. આમાં મુખ્ય વાત 'દર્શન' આપવાની છે. પણ માર્ગ તો જાતે જ શોધવાનો છે. આ માર્ગ શોધવાનું કામ અનુભવે, ઠોકરો ખાઈને અને પોતાની વીવેકબુદ્ધીને અજવાળે કરવાનું છે.

જ્યારે આ કામ એકલપંડે કરવાનું હોય, ત્યારે સ્વતંત્ર ચીંતનનો વીકાસ કરવો પડે. આજના શીક્ષણનું એ ધ્યેય હોય કે તે આંધળું સમર્પણ કરવાને બદલે સ્વતંત્ર ચીંતનને માર્ગે એકવીસમી સદીની નવી પેઢીને વાળે. આ યુગની ઉદ્ધત ગણાતી નવી પેઢીના ગુરુ બનવાની હીંમત કોણ કરે? એ આંખો બંધ કરીને ધ્યાન ધરવા બેસે તો નર્યું અંધારું જ દેખાય! એટલે ઠોકરો ખાઈને ધક્કાપદ્ધતીથી જ્ઞાન મેળવવાનો રસ્તો મોટે

ભાગે એને માટે ખુલ્લો રહેશે! સ્વતંત્ર અને વસ્તુલક્ષી સમતોલ ચીંતન કરવાનો માર્ગ અઘરો છે. લાંબો છે. જેને આ રસ્તે જવું હોય તેને એકલા પડી જવાની તૈયારી રાખવી પડે છે. એમના અજંપાને જોવા કોઈ આવવાનું નથી. એમનાં આંસુ જોવાનો કોઈને સમય નહીં હોય. આંસુ લુછવાની વાત તો ભુલી જ જવાની! આંસુ તો જાતે જ લુછીને સ્વાવલંબી બનવાનું છે. વસ્ત્રસ્વાવલંબન અને અન્નસ્વાવલંબન કરતાં આ અઘરી વાત છે; પણ તે કરવા જેવી છે. સ્વતંત્ર ચીંતન કરવા ઈચ્છનારે આવી એકલતાની અવસ્થામાંથી પસાર થવું જ પડે છે. ત્યાર પછી જે સ્વતંત્ર વીચારદર્શન થશે તે સ્પષ્ટ હશે. બળ આપનારું હશે.

ગૌતમ બુદ્ધને આવી એકલતામાંથી પસાર થયા બાદ સ્પષ્ટ વીચારદર્શન મળ્યું. ગાંધીજીએ અને વીનોબાજીએ ગુરુની જગ્યા ખાલી રાખી હતી. શ્રી અરવીંદે તો કહી જ નાખ્યું કે, 'ગુરુ બનાવવાની જરુર જ નથી; તમે જ તમારો મંત્ર બનાવો.'

એ વાત સાચી કે ગુરુપરંપરા સંગીત અને નૃત્યને ક્ષેત્રે ટકી છે. કંઠ, વાદ્ય અને અંગને કુશળ બનાવવાનાં ક્ષેત્રમાં આ સાચું હોય તોય; જીવનમાં અને તેના સર્વ વ્યવહારોમાં પોતાની વીવેકબુદ્ધીને જ ગુરુ માનવી પડશે.

આ વીવેકબુદ્ધી મનના વેગીલા પ્રવાહમાં તણાઈ નહીં જાય પણ સ્થીર રહેશે અને મનને કાબુમાં રાખશે. મનની ચોકી

કરશે. ન જોઈતા વીચારોને ઘુસવા નહીં દે અને ઈન્દ્રીયોના આવેગોથી ઝંખવાવાને બદલે આ આવેગોનાં જન્મસ્થાનને શોધી કાઢીને તેને દુર કરશે.

તરતાં શીખવું હોય તો પાણીમાં ઉતરવું પડે. વીવેકબુદ્ધીને સુક્ષ્મ, સંવેદનશીલ અને ભક્તીની ભીનાશવાળી બનાવવી હોય તો મન અને ઈન્દ્રીયોને વશમાં રાખ્યા વીના છુટકો નથી. આને યોગશાસ્ત્રનું નામ આપવું હોય તો ભલે આપીએ. એ યાદ રાખવું પડશે કે બધાને મનની ભુમીકા પરથી ઉંચે ઉઠવાનું છે. વીશાળ જનસમાજના હીતને કેન્દ્રમાં રાખીને જીવન જીવવાનું છે. એમાં પોતાના આગ્રહો, દુરાગ્રહો, પુર્વગ્રહોને છોડવાના છે. આ કામ ચંદ્ર પર પહોંચવા કરતાંય વધુ મુશ્કેલ છે; પણ અશક્ય નથી. કરવું તો પડશે જ. જીવન સામેના આ પડકારને ઝીલવા માટે પ્રથમ જાતે બદલાવું પડશે. શીક્ષણપદ્ધતીને બદલવી પડશે. બધાં પરીવર્તનોનો આરંભ પોતાનાથી કરવાનો છે. પણ વ્યક્તીના પરીવર્તનની સાથે સમાજનું પરીવર્તન થવું અનીવાર્ય છે. આ કામ પોતાને દીવડે શરુ કરીને તેનું તેજ સમાજમાં ફેલાવવાનું છે. પોતાનું પરીવર્તન સમાજમાં રહીને કરવાનું છે. એમાં સૌને સાથે રાખવાના છે. જંગલમાં જઈને કે પર્વતની ગુફામાં બેસીને પરીવર્તનનાં કામ હવે થઈ ન શકે. પરીવર્તનની દીશામાં

વ્યક્તી એકલી આગળ વધશે તે એનું કુટુંબ અને સમાજ એને પાછળ ખેંચશે. આવો અનુભવ આપણને ક્યાં નથી થતો?

મધ્યયુગમાં સંતો અને ભક્તોની હારમાળા થઈ ગઈ. પણ સમાજ એક ઈંચ પણ આગળ ન વધ્યો. એટલે જે પરીવર્તનો થાય તે સમાજના સંદર્ભમાં થશે તો જ આગળ વધાશે. આ વાત દીવા જેવી સ્પષ્ટ થશે તે દીવસે સમગ્ર સમાજને જાગ્રત કરીને સાથે રાખવાની પ્રેરણા થશે. સમાજની વીવેકબુદ્ધીને જગાડવાનો પુરુષાર્થ કરવો પડશે. 'ગુરુ બીન કૌન બતાવે વાટ' એવું માંદલું ભજન ગાવાને બદલે, 'તું તારા દીલનો દીવો થાને, ઓરે, ઓરે, ઓ ભાયા!' ગાવાનું છે. બુદ્ધને યાદ કરીને પોતાની જાતને ઢંઢોળીને કહેવાનું છે કે : 'આત્મદીપો ભવ'.

–યોગેન્દ્ર પરીખ

લેખકનો સંપર્ક:

૨૧–એ, અલકા સોસાયટી, છાપરા રોડ, નવસારી–૩૯૬ ૪૪૫

ફોન : (02637) 259 529 મોબાઈલ : 990 997 4133

ઈ–મેઈલ : yogendraparikh@sify.com

@

'સન્ડે ઈ–મહેફીલ'માં રજુ થઈ ચુકેલી રચનાઓની આવી અગીયાર ઈ–બુક બનાવી છે. ભાગ ૧થી ૧૧. દરેકમાં પચીસ–પચીસ કૃતીઓ છે. આ ભાગ પછીના કે પહેલાંના ભાગ જો તમને ન મળ્યા હોય તો તે મેળવવા લખો : ઉત્તમ ગજ્જર – uttamgajjar@gmail.com સુરત